અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

30 NOVEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 149 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  લંડનમાં ભારત-પાકિસ્તાનની ડિબેટ રદ : PAKએ ભારત પર પીછેહઠ કરવાનો આરોપ લગાવ્યો...

4  સનાતન વૈદિક સંસ્કૃતિને વિશ્વમાં પ્રસ્થાપિત કરવામાં ભગવત્ ગીતાની મુખ્ય ભૂમિકા છે

6  રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્ય અંગે મોટો નિર્ણય લેશે BCCI! અમદાવાદમાં બેઠકની તૈયારી

7  એક અઠવાડિયામાં ચાંદીનો ભાવ ₹13,230 વધીને ₹1.64 લાખ થયો : સોનું પણ ₹3,445 મોંઘું થયું...


## કેન્દ્ર સરકારે લીધો મોટો નિર્ણય

# હવે મેડિકલમાંથી પ્રિસ્ક્રિપ્શન વગર નહીં મળે કફ સિરપ

### મેડિકલ સ્ટોર્સના સંચાલક ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર કફ સિરપ વેચી શકશે નહીં : મધ્ય પ્રદેશમાં બનેલા બનાવને ગંભીરતાથી લઈને કેન્દ્રએ નિર્ણય લીધો

**નવી દિલ્હી, તા.29**

મધ્ય પ્રદેશમાં તાજેતરમાં કફ સિરપ પીવાથી બાળકોના મોતના સમાચાર સામે આવ્યા હતા. આ ઘટનાઓ બાદ મધ્ય પ્રદેશ સાથે સમગ્ર દેશમાં હડકંપ મચી ગયો હતો. હવે આ મામલાને કેન્દ્ર સરકારે અત્યંત ગંભીરતાથી લીધો છે અને આ દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. આ હેઠળ હવે દેશભરના મેડિકલ સ્ટોર્સના સંચાલક ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર કફ સિરપ વેચી શકશે નહીં. સરકારની ટોચની નિયામક ઔષધ પરામર્શ સમિતિએ પોતાની ૬૭મી બેઠકમાં કફ સિરપની અનિયંત્રિત વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે આ નિર્ણય લીધો છે, જેના પછી હવે દેશભરમાં સરળતાથી કફ સિરપ ઉપલબ્ધ નહીં રહે. સરકારનો ઉદ્દેશ્ય એ છે કે લોકો ઓવર ધ કાઉન્ટરની જગ્યાએ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનથી જ દવા લે.



અત્યાર સુધી મોટાભાગે કફ સિરપ ઓવર ધ કાઉન્ટર વેચાતી હતી, એટલે કે કોઈપણ મેડિકલ સ્ટોરે જઈને કહે કે કફ સિરપ આપો એટલે મેડિકલવાળો કફ સિરપ આપી દેતો હતો. પરંતુ કેન્દ્ર સરકારના નવા નિર્ણય પછી હવે તેના પર લગામ લાગી શકશે. સરકારની ટોચની નિયામક ઔષધ પરામર્શ સમિતિએ ૬૭મી બેઠકમાં આ નિર્ણયને મંજૂરી આપી દીધી છે. આ હેઠળ હવે કફ સિરપને તે દવાઓની કેટેગરીમાંથી બહાર કાઢી દેવામાં આવી છે, જેને ઓવર ધ કાઉન્ટર વેચી શકાય છે.

દેશમાં કફ સિરપ પીવાથી તાજેતરમાં બાળકોનાં મોતના અનેક કિસ્સા સામે આવ્યા હતા. બાળકોનાં મોતની સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છબી પણ ખરડાઈ રહી હતી, જેના પગલે સરકારે આ પગલું ભર્યું છે. સાથે જ સરકારનો પ્રયાસ છે કે લોકો મેડિકલમાંથી સીધી દવા ન ખરીદે અને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનના આધારે જ દવા ખરીદે. આના અનેક ફાયદા છે. એક તો દવાઓના નશા માટેના ઉપયોગ પર રોક લાગશે. બીજી તરફ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર ઘણી વખત લોકો કોઈ જરૂરિયાત વગર જ એન્ટિબાયોટિક્સનો ધડાધડ ઉપયોગ કરે છે. જેના કારણે એન્ટિબાયોટિક્સ અસર નથી કરતી અને શરીરમાં સંક્રમણ ફેલાવનારા બેક્ટેરિયા એન્ટિબાયોટિક દવાઓ પર પ્રતિક્રિયા કરવાનું બંધ કરી દે છે. રિપોર્ટ મુજબ, થોડા સમય પહેલાં મધ્ય પ્રદેશના છિંદવાડા અને આસપાસના જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૨૪ બાળકોના 'કોલ્ડ્રિફ' સિરપ પીવાથી મોત થયા હતા. સાથે જ રાજસ્થાન અને ગુજરાત સહિત કેટલાક અન્ય રાજ્યોમાંથી પણ આવા જ કેસ સામે આવ્યા હતા. દેશની સાથે વિદેશમાંથી પણ આવા કેસ સામે આવ્યા બાદ દેશની આંતરરાષ્ટ્રીય છબીને નુકસાન વેઠવું પડ્યું હતું. ખાસ કરીને ઉઝબેકિસ્તાનમાં ભારતીય કફ સિરપ પીવાથી ૬૮ બાળકોનાં મોતના મામલે ૨૧ લોકોને સજા ફટકારવામાં આવી હતી. તેવી જ રીતે ઈન્ડોનેશિયામાં પણ આવી જ કફ સિરપ પીવાથી ૨૦૨૨ અને ૨૦૨૩ વચ્ચે ૨૦૦થી વધુ બાળકોનાં મોત થયાં હતાં.

ગામ્બિયામાં પણ આવા જ કેસ સામે આવ્યા હતા. ત્યાર બાદ વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ ભારતમાં બનેલી ત્રણ મિલાવટી દવાઓની ઓળખ કરી હતી. આમાં શ્રીસન ફાર્માસ્યુટિકલ્સની કોલ્ડ્રિફ ઉપરાંત રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સની રેસ્પિફ્રેશ ટીઆર અને શેપ ફાર્માની રિલાઈફ પણ સામેલ હતી.

# 'અમેરિકા-ચીનની નવી વૈશ્વિક શરતોથી દુનિયામાં અસ્થિરતા', વિદેશ મંત્રી જયશંકરનું મોટું નિવેદન

**નવી દિલ્હી, તા.29**

વૈશ્વિક રાજનીતિ અને આર્થિક સમીકરણોને લઈને વિદેશ મંત્રી એસ. જયશંકરનું મોટું નિવેદન સામે આવ્યું છે. એસ.જયશંકરે કહ્યું કે, 'દુનિયા આ સમયે એવા વળાંક પર છે કે, જ્યાં અમેરિકા અને ચીનની નવી નીતિએ વૈશ્વિક વ્યવસ્થાને અસ્થિર કરી દીધી છે. જેમાં બદલાતી પરિસ્થિતિમાં દેશોને એ નક્કી કરવું મુશ્કેલ છે કે, તેઓને પ્રતિસ્પર્ધા પર ધ્યાન આપવું જોઈએ કે સમજૂતી પર...' જયશંકરે કહ્યું કે, 'અમેરિકા હવે જૂના માળખા હેઠળ વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું નથી, પરંતુ નવી શરતો પર વ્યક્તિગત દેશો સાથે સીધી વાટાઘાટો કરી રહ્યું છે. બીજી તરફ, ચીન પણ પોતાના નિયમોને વધુ કડક રીતે લાગુ કરી રહ્યું છે. આ સ્થિતિમાં વિશ્વભરના ઘણા દેશો મૂંઝવણમાં છે અને સંભવિત જોખમોને ટાળવા માટે તમામ



વિકલ્પો ખુલ્લા રાખી રહ્યા છે.'

વૈશ્વિક દબાણ અને દેશની રણનીતિ મામલે જયશંકરે કહ્યું કે, 'વૈશ્વિકરણ, પુરવઠાની અસુરક્ષા અને વધતા જતા રાજકીય તણાવ દેશોને દરેક આકસ્મિક પરિસ્થિતિ માટે તૈયાર રહેવાની ફરજ પાડી રહ્યા છે. તેઓ શક્ય હોય ત્યાં મુશ્કેલીભર્યા વિકલ્પ ટાળી રહ્યા છે. આ ઉપરાંત, જ્યાં તેમને ફાયદો દેખાય છે ત્યાં ઝડપી નિર્ણયો લઈ રહ્યા છે. આનાથી વિવિધ ક્ષેત્રોમાં મુક્ત વેપાર કરારો માટે માંગ અને ઉત્સાહમાં વધારો થયો છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'વૈશ્વિક ઉત્પાદનનો એક તૃતીયાંશ ભાગ ચીનમાં થાય છે, જેનાથી સપ્લાય ચેઈનની વિશ્વસનીયતા પર સવાલો ઉઠે છે. સંઘર્ષો અને જલવાયુ સંકટોએ આ પ્રકારની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ઊર્જા મામલામાં અમેરિકા હવે મોટું નિકાસકાર બની ગયું છે. જ્યારે ચીન નવીનીકરણીય ઊર્જા પર પ્રભુત્વ ધરાવે છે, ત્યારે આ પરિવર્તન વૈશ્વિક સંતુલનને અસર કરી રહ્યું છે.'

વ્યાપારમાં માંગની અસ્થિરતાને લઈને જયશંકરે કહ્યું કે, 'વ્યાપારમાં માંગની અનિશ્ચિતતા અને સપ્લાય અવરોધો જોખમો વધારી રહ્યા છે. ટેરિફ રેટ્સમાં વધઘટ થતા વૈશ્વિક વ્યાપાર પર અસ્થિરતા આવી છે. નાણાકીય ક્ષેત્રના પ્રતિબંધોનો વધતો ઉપયોગ, સંપત્તિની જપ્તી અને બ્લોકચેન ટેકનોલોજીનો ઉદભવ એક નવા વૈશ્વિક નાણાકીય સ્થાપત્ય તરફ ઈશારો કરી રહ્યો છે.'

# SIR માટે આટલી ઉતાવળ કેમ? વોટનો અધિકાર છીનવી રહી છે ભાજપ: અખિલેશ યાદવનો ગંભીર આરોપ

**નવી દિલ્હી, તા.29**

દેશના અનેક રાજ્યોમાં અત્યારે એક સાથે SIRની પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા કરાવવામાં આવી રહી છે. SIRની પ્રક્રિયા કરી રહેલા BLOના મોતની ઘટનાઓ પણ સામે આવી રહી છે. જેને લઈને વિપક્ષે ચૂંટણી પંચ અને સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. શનિવારે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આરોપ લગાવ્યો કે સરકાર SIRના બહાને મત આપવાનો અધિકારી છીનવી રહી છે.

SIRની પ્રક્રિયા દરમિયાન મૃત્યુ પામનારા BLOની પત્નીને બે લાખ રૂપિયાનું વળતર આપ્યા બાદ અખિલેશ યાદવે પત્રકાર પરિષદ યોજી અને કહ્યું, કે SIR એક સમજી વિચારીને કરેલું ષડયંત્ર છે. બાબા સાહેબ આંબેડકરના બંધારણમાં દરેક નાગરિકને મત આપવાનો અધિકાર અપાયો છે. જે છીનવવામાં આવી રહ્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે કે ઉત્તર પ્રદેશના BLO વર્માના નિધન બાદ ઉચ્ચ અધિકારીઓ એવું દબાણ બનાવી રહ્યા છે કે તેમનું મોત ઓન ડ્યુટી નથી થયું. અમે અમારા તરફથી બે લાખ રૂપિયાનો ચેક પરિજનોને આપી



રહ્યા છે કે અમારી માંગણી છે કે સરકાર આ પરિવારને એક કરોડ રૂપિયાનું વળતર આપે તથા તેમના પરિવારના સદસ્યને સરકારી નોકરી આપવામાં આવે તથા વિવિધ સરકારી યોજનાઓ હેઠળ પણ મદદ કરવામાં આવે.

અખિલેશ યાદવે કહ્યું, કે અમે પહેલેથી જ માંગ કરી રહ્યા છે કે BLO પર કોઈ પ્રકારનું દબાણ કરશો નહીં. આ સંવેદનશીલ કાર્ય છે જેમાં જવાબદારીપૂર્વક સાવચેતીથી કાર્ય કરવું પડે. એક વખત જો ફૉર્મ રદ થઈ ગયું તો લોકોએ દસ્તાવેજો લઈને આમતેમ ધક્કા ખાવા જવું પડશે.

અખિલેશ યાદવે ચૂંટણી પંચ પર આરોપ લગાવતા કહ્યું, કે SIR કરાવવામાં ભાજપને આટલી ઉતાવળ કેમ છે? આ કાંડમાં ચૂંટણી પંચની પણ મિલીભગત છે. અત્યારે લગ્નગાળો ચાલી રહ્યો છે. સૌ કોઈ વિવિધ પ્રસંગમાં વ્યસ્ત છે. એવામાં SIRની આટલી ઉતાવળ કેમ કરવામાં આવી રહી છે.

# નેશનલ હેરાલ્ડ કેસ પર નિર્ણય ત્રીજી વાર ટળ્યો: આરોપીઓમાં રાહુલ-સોનિયાના નામ, 16 ડિસેમ્બરે ચુકાદો સંભળાવશે....

**નવી દિલ્હી, તા.29**

નેશનલ હેરાલ્ડ કેસમાં દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટનો ચુકાદો ત્રીજી વખત ટળી ગયો છે. નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે EDની ચાર્જશીટ પર કોર્ટનો નિર્ણય આજે (શનિવારે) જાહેર થવાનો હતો, પરંતુ તેને મુલતવી રાખવામાં આવ્યો છે. નેશનલ હેરાલ્ડ કેસમાં ED ચાર્જશીટ પર રાઉઝ એવન્યુ કોર્ટ પોતાનો ચુકાદો સંભળાવવાની હતી પરંતુ હવે તે 16 ડિસેમ્બરે પોતાનો ચુકાદો સંભળાવશે.



ચાર્જશીટમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા, સુમન દુબે અને અન્ય ઘણા વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓના નામ છે. EDએ આ નેતાઓ પર એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) સાથે સંકળાયેલી નાણાકીય ગેરરીતિઓનો આરોપ લગાવ્યો છે. આ કંપની જ ખરેખરમાં નેશનલ હેરાલ્ડ અખબાર પ્રકાશિત કરતી હતી.

કોર્ટે 14 જુલાઈએ દલીલો પૂરી થયા બાદ ચુકાદો 29 જુલાઈ સુધી સુરક્ષિત રાખ્યો હતો. ત્યારબાદ 8 ઓગસ્ટ અને 29 નવેમ્બરે ચુકાદો ટળ્યો. હવે કોર્ટ 16 ડિસેમ્બરે ચુકાદો સંભળાવશે.

સોનિયા અને રાહુલ ગાંધીએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) હડપવાનો પ્રયાસ કર્યો. ED મુજબ, AJL ખોટમાં હતી. બે હજાર કરોડ રૂપિયાની સંપત્તિ હોવા છતાં, AJL એ કોંગ્રેસ પાસેથી 90 કરોડ રૂપિયાની લોન લીધી અને ચૂકવી શકી નહીં. સામાન્ય રીતે આવી સ્થિતિમાં સંપત્તિઓ વેચવામાં આવે છે.

આ પછી, સોનિયા અને રાહુલે AJL હડપવાનું કાવતરું ઘડ્યું. આ માટે યંગ ઈન્ડિયન (YI) નામની કંપની બનાવવામાં આવી. આ કંપનીએ AJL નું અધિગ્રહણ કર્યું. YI માં સોનિયા અને રાહુલનો 76% હિસ્સો છે. આરોપ છે કે આ દેખાડવા પૂરતી ફંડિંગ હતી. ખરેખરમાં AJL સાથે કોઈ લેણદેણ કરવામાં આવી ન હતી.

# ઓપરેશન સાગરબંધુ : દિતવાહ વાવાઝોડાથી પ્રભાવિત શ્રીલંકાની મદદ માટે ભારતે મોકલ્યા 2 ચેતક હેલિકોપ્ટર

**નવી દિલ્હી, તા.29**

શ્રીલંકામાં દિતવાહ વાવાઝોડાના પગલે 123 લોકોના મોત બાદ ઈમરજન્સી લાગૂ કરવામાં આવી છે. દિતવાહ વાવાઝોડાથી પ્રભાવિત શ્રીલંકાની મદદ માટે ભારતે 2 ચેતક હેલિકોપ્ટર મોકલ્યા છે. કોલંબો તંત્રના અધિકારી મુજબ, ભારત તરફથી મદદ મળ્યા બાદ સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

વાવાઝોડાને લઈને શ્રીલંકામાં એક અઠવાડિયા સુધી ભારે વરસાદ વરસ્યો, જેને લઈને અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. આ કુદરતી આફતમાં 44000 હજાર લોકોના ઘર બરબાદ થઈ જતાં પ્રભાવિત લોકોને સરકારી શેલ્ટર હોમ ખસેડવામાં આવ્યા હતા. ભારત 'ઓપરેશન સાગરબંધુ' હેઠળ પડોશી દેશ શ્રીલંકાની મદદે આવ્યું છે.

શ્રીલંકા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચક્રવાત દિતવાહએ શનિવાર(29 નવેમ્બર) સુધીમાં 125 લોકોના જીવ લીધા છે. હજુ પણ 130 લોકો ગુમ છે. શોધ અને બચાવ કામગીરીને ઝડપી બનાવવા માટે ભારતે INS વિક્રાંત પર તૈનાત બે ચેતક હેલિકોપ્ટર શ્રીલંકા મોકલ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી છે.

# 'બ્રેકઅપ' પર 'મેકઅપ' કરાઇ રહ્યો છે: સિદ્ધારમૈયા-શિવકુમારની બેઠક પર ભાજપનો કટાક્ષ

**કર્ણાટક, તા.29**

કર્ણાટકમાં કોંગ્રેસની રાજ્ય સરકારમાં અંદરોઅંદર ડખાના કારણે છેલ્લા એક સપ્તાહથી રાજકારણ ગરમાયું છે. ડિ કે શિવકુમારના સમર્થકો સિદ્ધારમૈયાને હટાવી ડિ કે શિવકુમારને મુખ્યમંત્રી બનાવવા માંગ કરી રહ્યા હતા. ડી કે શિવકુમાર અને સિદ્ધારમૈયા વચ્ચે વાકયુદ્ધ પણ થયું. બંને નેતાઓએ કહ્યું હતું કે હાઈકમાન્ડ જે નિર્ણય લેશે તે અમે સ્વીકારીશું. સમગ્ર પોલિટિકલ ડ્રામા વચ્ચે ડી કે શિવકુમારે આજે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના ઘરે મુલાકાત કરી અને સાથે નાસ્તો કર્યો. બાદમાં બંનેએ પત્રકાર પરિષદ યોજી જાહેરાત કરી કે અમારા બંને વચ્ચે બધુ સારું છે, કોઈ મતભેદ નથી. એવામાં હવે સમગ્ર ઘટનાક્રમ મામલે ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ પર પ્રહાર કર્યા છે.

ભાજપ પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કયું છે કે બંને નેતાઓ પોતાના મતભેદો છુપાવવા માટે એકતાનું નાટક કરી રહ્યા છે. આ બ્રેકઅપ પર મેકઅપ કરવા માટેની





મીટિંગ હતી. આ લોકો કહી રહ્યા છે કે કોઈ મતભેદ જ નથી. અગાઉ ખડગે કહી રહ્યા હતા કે જે પણ મુદ્દા છે તેનો ઉકેલ લાવવો પડશે. કોંગ્રેસના વધુ એક નેતા પરમેશ્વર કહી રહ્યા હતા કે હું પણ મુખ્યમંત્રી બની શકું છું. તો શું આ નેતાઓ જુઠ્ઠું બોલી રહ્યા હતા?

પૂનાવાલાએ વધુમાં કહ્યું કે બધાએ બંને નેતાઓ વચ્ચેની ટ્વિટર વોર પણ જોઈ લીધી. આજે આ બંને બેસ્ટ એક્ટર અને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરના હકદાર છે. જોકે એક વાત તો સ્પષ્ટ છે કે આજે નાસ્તાના મેન્યૂમાં જનતાના મુદ્દા ક્યાંય હતા જ નહીં. માત્રને માત્ર સત્તાનું રાજકારણ.

શિવકુમાર સાથેની બેઠક બાદ પત્રકાર પરિષદમાં સિદ્ધારમૈયાએ કહ્યું કે અમે બંને સાથે જ છીએ, અમારી વચ્ચે કોઈ જ મતભેદ નથી. ભાજપ અને જેડીએસ વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવે તો અમે તેનો સામનો કરીશું. ડી કે શિવકુમારે કહ્યું, કે અમારે જે સંદેશો આપવાનો હતો તે આપી દીધો. અમે કોંગ્રેસ પક્ષ માટે કટિબદ્ધ છીએ. મારે દિલ્હી જવાનું છે. કેટલાક મુદ્દાઓને લઈને કેન્દ્રીય મંત્રીઓ સાથે પણ બેઠક કરવાની છે.

મુખ્યમંત્રી સાથે મતભેદોની ચર્ચા વચ્ચે શિવકુમારે વધુમાં કહ્યું, કે પક્ષ જે પણ નિર્ણય લેશે તે અમે સ્વીકારીશું. અમે પક્ષના વફાદાર સિપાહી છીએ. પક્ષ અત્યારે મુશ્કેલ સમયથી પસાર થઈ રહ્યો છે.




# 'પોઝિટિવ' ટ્યુશન ક્લાસીસનો 'નેગેટિવ' ગુરૂ : પૂર્વ વિદ્યાર્થિનીનું ઈન્સ્ટામાં ફેક ID બનાવી બ્લેકમેલ કરી

## વ્હોટ્સએપ ગ્રુપમાં યુવતીના પરિવારને એડ કરી મોર્ફ કરેલા અશ્લીલ ફોટા મૂક્યાં




સુરત, તા.29

સુરતમાં શિક્ષણ જગતને શર્મસાર કરનારી એક ઘટના સામે આવી છે, જ્યાં પોઝિટિવ ટ્યુશન ક્લાસિસનો એક શિક્ષક પોતાની જ ભૂતપૂર્વ વિદ્યાર્થિનીનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બ્લેકમેલ કરતો હતો. આ સાથે જ વર્ચ્યુઅલ નંબરથી વ્હોટ્સએપમાં 'બહુ મજા આવે છે રમત રમવાની બેન તો વધુ રમત રમીએ, થોડી વધુ મજા આવશે. નંબર બ્લોકમાં ના નાખો ઘણી બધી ડિટેલ આપવાની બાકી છે તમને. બધાને હજી મજાકની કોઈ એક હદ હોય છે તમે બધી...' સહિતના મેસેજ કરી વિદ્યાર્થિનીને 'વધુ રમત રમવાની' અને 'મજા લેવાની' વાતો કરીને ડરાવતો હતો.

આ સનકી શિક્ષકે હદ તો ત્યારે વટાવી જ્યારે તેણે વર્ચ્યુઅલ નંબરથી એક વ્હોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં વિદ્યાર્થિનીના પરિવારના સભ્યો-સંબંધીઓને એડ કરી વિદ્યાર્થિનીના મોર્ફ કરેલા ફોટો શેર કર્યા હતાં. આખરે કપાળે લાલ ચાંદલો કરી રાક્ષસ જેવું કૃત્ય કરનારા શિક્ષકને સુરત સાયબર સેલે ઝડપી પાડ્યો છે.

આ મામલે સાયબર સેલના ડીસીપી બિશાખા જૈનએ જણાવ્યું હતું કે, સાયબર સેલ દ્વારા ઝડપાયેલા આરોપી ભાવેશ સૂર્યકાંતભાઈ પટેલ (વસોયા) (ઉં.વ. 35) એક શિક્ષક છે અને કતારગામ, આંબાતલાવડી સ્થિત પોઝિટિવ ટ્યુશન ક્લાસીસમાં ચલાવતા હતા. ફરિયાદી વિદ્યાર્થિની તેમની પાસે ટ્યુશન માટે જતી હોવાથી ભાવેશ વસોયા તેને ઓળખતો હતો. આ ઓળખાણનો ગેરલાભ લઈને ભાવેશ વસોયાએ વિદ્યાર્થિનીને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. 2023માં જ્યારે વિદ્યાર્થિનીના નામે ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈ.ડી. બન્યું, ત્યારે આ મામલે સિંગણપોર પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી. જે બાદ ભાવેશે વિદ્યાર્થિનીને થોડો સમય હેરાન કરવાનું બંધ કરી દીધુ હતું. જે બાદ ફરી આરોપીએ વિદ્યાર્થિનીને હેરાન કરવાનું શરૂ કર્યું અને ગુનો દાખલ થયો ત્યાં સુધી એટલે કે, 26 મે, 2025 સુધી વિદ્યાર્થિનીને હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું.

આરોપી ભાવેશે વિદ્યાર્થિનીને હેરાન કરવા માટે અનેક ગંભીર કૃત્યો કર્યા હતા. તેણે વિદ્યાર્થિનીના નામથી ઈન્સ્ટાગ્રામ પર અલગ-અલગ ફેક આઈ.ડી. બનાવી, તેમજ વ્હોટ્સએપ વર્ચ્યુઅલ નંબર ઉપરથી મેસેજ કર્યા હતા. એટલું જ નહીં, ભાવેશે ઈન્સ્ટાગ્રામના પ્રોફાઈલ ફોટોમાં વિદ્યાર્થિનીના જૂના ફોટોગ્રાફ્સ મૂક્યા હતા. ત્રાસની હદ તો ત્યારે વટાવી દીધી જ્યારે તેણે એક વ્હોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં વિદ્યાર્થિની અને તેના પરિવારના સભ્યો-સંબંધીઓને એડ કર્યા અને તે ગ્રુપ તથા પ્રોફાઈલમાં વિદ્યાર્થિનીના મોર્ફ કરેલા અશ્લીલ ફોટોગ્રાફ્સ મૂકી બદનામ કરવાનો પ્રયાસ કર્યો.

આ કૃત્યોથી વિદ્યાર્થિની અને તેના પરિવારને માનસિક રીતે હેરાન-પરેશાન કરવામાં આવતા હતા. આખરે, વિદ્યાર્થિનીએ આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અરજી આપતા, પોલીસે જરૂરી ટેક્નિકલ વર્કઆઉટ કરીને કતારગામના વિઠ્ઠલનગર સોસાયટીમાં રહેતા અને મૂળ સુરેન્દ્રનગરના અણીન્દ્રા ગામના આ આરોપી શિક્ષક ભાવેશ પટેલની ધરપકડ કરી હતી.

વિદ્યાર્થિનીએ 2021માં ધોરણ 12 સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને ત્યારબાદ તે પ્રાઈવેટ નોકરી કરવા લાગી હતી. વિદ્યાર્થિની નોકરી કરવા લાગ્યા બાદ જ એકતરફી પ્રેમમાં પાગલ બનેલા શિક્ષકે તેને હેરાન-પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. નોકરી ન કરવા માટે દબાણ કરતો હતો. આ ત્રાસથી કંટાળીને વિદ્યાર્થિનીએ વર્ષ 2023માં સિંગણપોર પોલીસ મથકમાં આ અંગે અરજી આપી હતી. આ અરજીની તપાસ સુરત સાયબર ક્રાઈમ સેલે હાથ ધરી હતી અને આખરે 26 મે, 2025ના રોજ સાયબર ક્રાઈમ સેલમાં આ મામલે ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સાયબર સેલની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ પુરાવાઓના આધારે સનકી શિક્ષકને ઝડપી પાડ્યો છે. તેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાળિયામાં ફસાતા જ મગર ખૂંખાર બન્યો : ત્રણ લોકોએ માથે બેસી કાબૂમાં લીધો, વડોદરાના પાદરામાં મગરનું દિલધડક રેસ્ક્યૂ

વડોદરા, તા.29

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના સરસવણી ગામમાં એક ખુંખાર મગર રાત્રિના સમયે માનવ વસાહતની નજીક આવતા ગામમાં ભયનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ અંગેની રેસ્ક્યુ ટીમને જાણ થતા તાત્કાલિક ટીમ પહોંચી મહાકાય મગરનું મહા મહેનતે રેસ્ક્યૂ કરી વનવિભાગમાં લાવી સલામત સ્થળે ખસેડવામાં અવ્યો હતો.



આ મહાકાય મગર ગામમાં રહેણાંક વિસ્તારમાં પ્રવેશતા જ ગામના સરપંચ દ્વારા પ્રાણી જીવરક્ષક સંસ્થાની હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. આ અંગેની માહિતી મળતા જ સંસ્થાના અનુભવી રેસ્ક્યૂ ટીમ રાત્રે જ ગામે પહોંચી માનવ વસાહતમાં લટાર મારતા મહાકાય મગરના રેસ્ક્યૂની કાર્યવાહી હાથ ધરી હતી. મહાકાય મગર જે સ્થળે હતો ત્યાં લાઈટ ન હોવાથી રેસ્ક્યુ ટીમે ટોર્ચના અજવાળે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી મહાકાય મગરના ગળે ગાળિયો નાખતા મગર વિફર્યો હતો અને વધુ ખુંખાર બની એક પછી ગુલાંટ મારતા અફરાતફરી મચી ગઈ હતી.

રેસ્ક્યૂ ટીમે મગરને શાંત રાખવા માટે તેની આંખો પર સતત ટોર્ચથી લાઈટ મારી ભારે જેહમત બાદ નિયંત્રણ સાથે બે ચાદરો વિફરેલા મગરની આખો પર નાખવામાં સફળતા મેળવી હતી. ત્યારબાદ એક પછી એક ત્રણ રેસ્ક્યૂ ટીમના સભ્યો મગર પર બેસી ગયા અને તેને સંપૂર્ણ રીતે કાબૂમાં લઈ લીધો હતો. મહાકાય મગર ગાળિયો નાખતા ખૂંખાર બન્યો અને રેસ્ક્યૂ ટીમને પસીનો છોડાવ્યો હતો. મહા મહેનતે રેસ્ક્યૂ કરાયેલ મગરને પ્રાણી જીવરક્ષક સંસ્થાએ તેને વન વિભાગને સોંપ્યો હતો. પાદરા વન વિભાગ દ્વારા મગરની સ્થિતિની તપાસ કરી તેને સુરક્ષિત સ્થળાંતરણ માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે અવાર નવાર વડોદરા સહિત જિલ્લામાં મગર આવવા વડોદરા વાસીઓ માટે સમાન્ય બાબત બની ગઈ છે. વિશ્વામિત્રી નદીમાં 400થી વધુ મગરો ઉલ્લેખનીય છે કે, વર્ષ 1960માં વિશ્વામિત્રી નદીમાં 50 મગરો હતા. જોકે, આજે વિશ્વામિત્રી નદીમાં 400થી વધુ મગરો છે. વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદી ઉપરાંત પણ દેવ, ઢાઢર, નર્મદા નદી અને વિવિધ તળાવોમાં મળીને કુલ 1 હજાર કરતાં વધુ મગરો છે.

મગર શેડયૂલ-1નું સંરક્ષિત પ્રાણી છે. નદી કે તળાવ તેના કુદરતી આવાસ છે. મગર જ્યારે પાણીમાં ઊતરે છે ત્યારે એ એની આંખ પર ગ્લેન્સ નાખે છે. તેથી એની વિઝિબિલિટી 60થી 70 ટકા ઘટી જાય છે. મગર પાણીમાં ઊઠતા તરંગોના આધારે શિકાર નક્કી કરે છે. જ્યારે કોઈ નદીમાં કપડાં કે વાસણ ધોવે અથવા છબછબિયા કરે ત્યારે મગરને લાગે છે કે કિનારે તેનો કોઈ શિકાર પાણી પીવા આવ્યો છે.

# વિશ્વ એઈડ્સ દિવસ નિમિતે 1,000થી વધુ છાત્રો દ્વારા જાગૃતિનો પ્રયાસ....

## રેડ રિબન, માનવ સાંકળ, સેમિનાર સહિતના અનેક વિવિધ કાર્યક્રમોનું આયોજન

રાજકોટ, તા.29

રાજકોટમાં છેલ્લા 38 વર્ષથી જનજાગૃતિનું કામ કરતી એઈડ્સ પરિવેનશન ક્લબ દ્વારા તા.1 ડિસેમ્બરના રોજ વિશ્વ એઈડ્સ દિવસ હોવાથી રેડ રિબન, માનવ સાંકળ, સેમિનાર સહિતના અનેક વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ વર્ષે 'વિક્ષેપ પર કાબૂ મેળવવો, એઈડ્સ પ્રતિભાવનું પરિવર્તન કરવું' સૂત્ર છે. દર વર્ષે સંસ્થા એક મહિના આ કાર્યક્મ કરતી હોય જે આ વખતે આગામી 31 માર્ચ 2026 સુધી શાળા કોલેજો તેમજ વિવિધ સંસ્થાઓમાં કાર્યક્રમો યોજાનાર છે. જે અંતર્ગત આજે રાજકોટની વિરાણી સ્કૂલના 1,000 વિદ્યાર્થીઓએ રેડ રિબન બનાવી લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. રાજકોટની વિરાણી હાઈસ્કૂલ દ્વારા છેલ્લા 15 વર્ષથી એઈડ્સ પ્રિવેન્શન ક્લબના સંયુક્ત ઉપક્રમે વિશ્વ એઈડ્સ દિવસ (1લી ડિસેમ્બર) નિમિત્તે જનજાગૃતિ માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તેના પૂર્વ પ્રભાતે શાળાના મેદાનમાં ધોરણ 9થી 12ના 1000થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા એક વિશાળ 'રેડ રિબિન' બનાવવામાં આવી હતી. શાળાના પ્રિન્સિપાલ નરેન્દ્રસિંહ ડોડિયાએ માહિતી આપી હતી કે આ રેડ રિબિનના આયોજનનો મુખ્ય હેતુ બાળકો અને સમાજમાં એઈડ્સ પ્રત્યે



જાગૃતિ ફેલાવવાનો છે.

પ્રિન્સિપાલ નરેન્દ્રસિંહ ડોડિયાએ એઈડ્સને લઈને લોકોમાં રહેલી ગેરમાન્યતાઓ વિશે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, એઈડ્સ ચેપી રોગ નથી. ખાસ કરીને સાથે બેસીને નાસ્તો કરવાથી, જમવાથી કે બાજુમાં બેસીને ભણવાથી તે ફેલાતો નથી. સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા પણ આ અંગે પુષ્કળ પ્રયત્નો કરવામાં આવ્યા છે, જેના પરિણામે રાજકોટમાં સમયાંતરે એઈડ્સના દર્દીઓનું પ્રમાણ ઘટ્યું છે.

એઈડ્સ પ્રિવેન્શન ક્લબના ચેરમેન અરુણ દવેએ આ તકે જણાવ્યું હતું કે, આ દરેક કાર્યક્રમ યોજવાનો હેતુ કે, એઈડ્સને સંપૂર્ણ પણે નાબૂદ કરવાનો છે. તેમજ પહેલા કરતા હાલના સમયમાં જોઈએ તો વૈશ્વિક સ્તર કરતા ભારતમાં એઈડ્સનાં દર્દીઓનું પ્રમાણ ઘટ્યું છે. લોકોમાં પણ જાગૃતિ જોવા મળે છે. વિશ્વમાં પ્રથમવાર 1981થી એઈડ્સ જોવા મળેલો હતો અને ભારત દેશમાં 1986થી જોવા મળેલો, ત્યારથી સંશોધન થતું હતું જેમાં હવે સફળતા મળતી દેખાઈ છે.

ભારત સરકારના સઘન પ્રયાસોને કારણે અહીં કોઈપણ દવાઓની અછત જોવા મળતી નથી. તેમજ સંશાધકોએ શોધેલી રસીને વિશ્વમાં સૌપ્રથમ વાર્ષિક બે વાર HIVનાં નિવારણની રસીને મંજૂરી મળી છે. જે એચઆઈવી નેગેટિવ છે તેમને આ રસી લેવાની રહેશે. લેનાકાપાવીર નામની આ રસી ભારતમાં પણ બની શકે છે. આજે યોજાયેલા કાર્યક્રમમાં વિરાણી સ્કૂલના ધો.6થી 8 અને 9થી 12ના 1,000થી વધુ વિદ્યાર્થીઓ આ જનજાગૃતિ ઝુંબેશમાં જોડાયા હતા. જેમાં વિજ્ઞાન શિક્ષકો એઈડ્સ સંબંધી માહિતી આપી હતી.

એઈડ્સ અંગે જાગૃતિનાં આગામી કાર્યક્રમો અંગે વધુ માહિતી આપતા અરુણ દવેએ જણાવ્યું કે, સોમવારે શહેર જિલ્લાની તમામ શાળાઓમાં છાત્રો રેડ રિબન નિર્માણ કરશે. તેમજ વિશ્વ એઈડ્સ દિવસે સોમવારે સવારે 9:30 વાગ્યે લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્સના સામેના ગ્રાઉન્ડમાં માનવ સાંકળ રચવામાં આવશે, જેમાં પણ રાજકોટ હોમિયોપેથિક કોલેજ, ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ડોક્ટરો અને વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ જોડાશે. આ ઉપરાંત આ જ દિવસે જિલ્લા શિક્ષણ અધિકારીના સહયોગથી જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ રેડ રિબન બનાવશે.

# રાજકોટની દીકરીએ થાઈલેન્ડમાં ભારતીય મહિલા હેન્ડબોલ ટીમને સિલ્વર મેડલ અપાવ્યો

## સૌરાષ્ટ્ર યુનિ.ની વિદ્યાર્થિનીના આક્રમક ગોલથી આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ હાંસલ કરી ગુજરાતનું નામ રોશન કર્યું

રાજકોટ, તા.29

થાઈલેન્ડમાં તાજેતરમાં સંપન્ન થયેલી ઈન્ટરનેશનલ હેન્ડબોલ ફેડરેશન (IHF) કોન્ટિનેન્ટલ ટ્રોફી-2025માં ભારતીય મહિલા હેન્ડબોલ ટીમે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. 24થી 28 દરમિયાન યોજાયેલ આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમે અતિ ઉત્તમ ખેલનું પ્રદર્શન કરીને સિલ્વર મેડલ જીત્યો છે અને ટૂર્નામેન્ટમાં Runner-up (ઉપ-વિજેતા) સ્થાન મેળવ્યું છે. દેશ માટે ગૌરવની આ ક્ષણમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એકમાત્ર વિદ્યાર્થીની દયા ઝાપડિયાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને રાષ્ટ્રીય ટીમની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ભારતીય મહિલા હેન્ડબોલ ટીમે આંતરરાષ્ટ્રીય મંચ પર સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને વિશ્વની મજબૂત ટીમોને પડકાર ફેંક્યો હતો. ટૂર્નામેન્ટના પ્રારંભથી જ ભારતીય ખેલાડીઓએ રક્ષણ અને હુમલાનું એક આક્રમક સંતુલન જાળવી રાખ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આર્ટ્સ અને સ્પોર્ટ્સ ક્ષેત્રની પ્રતિભાશાળી છાત્રા દયા ઝાપડિયાએ ટીમ માટે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ગુજરાતની એકમાત્ર ખેલાડી તરીકે દયાએ દરેક મેચમાં શાનદાર રમતનું પ્રદર્શન કર્યું હતું અને



હુમલાવર ખેલાડી તરીકે ઘણા મહત્વના ગોલ નોંધાવ્યા હતા. તેના ચપળ પગલાં, સચોટ પાસ અને ગોલ કરવાની ક્ષમતાએ ટીમને લીગ મેચોમાં વિજય અપાવવામાં અને નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મેળવવામાં અસરકારક યોગદાન આપ્યું હતું. સેમિ-ફાઈનલની રોમાંચક મેચમાં પણ દયાનું પ્રદર્શન પ્રશંસનીય રહ્યું હતું, જેના પરિણામે ટીમ ફાઈનલમાં પહોંચી હતી.

ફાઈનલમાં ભારતીય ટીમે જોરદાર સંઘર્ષ કર્યો હતો પણ નજીવા અંતરથી વિજયથી વંચિત રહી તેમછતાં સમગ્ર ટૂર્નામેન્ટમાં તેમના સમર્પણ અને ઉત્તમ રમતને કારણે તેમને સિલ્વર મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈન્ટરનેશનલ હેન્ડબોલ ફેડરેશન જેવી વૈશ્વિક સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવવો એ ભારતીય રમતગમત માટે એક મોટી સિદ્ધિ છે, જે દેશમાં હૅન્ડબૉલના ભવિષ્ય માટે આશા જગાડે છે. આ સિદ્ધિએ વિશ્વભરમાં ભારતીય મહિલા ખેલાડીઓની રમત પ્રત્યેની પ્રતિબદ્ધતા સાબિત કરી છે.

આ સફળતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે પણ ઐતિહાસિક ઘટના છે. યુનિવર્સિટીની વિદ્યાર્થીનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરીને મેડલ જીત્યો છે, જે યુનિવર્સિટીના રમતગમતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ જશે. સૌ. યુનિવર્સિટીએ હંમેશા રમતગમતને પ્રોત્સાહન આપ્યું છે અને દયા ઝાપડિયાની સિદ્ધિ તેની નીતિનું જીવંત ઉદાહરણ છે. દયા ઝાપડિયાની વિશેષ સફળતાને અનુસરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી વડાઓએ તેને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઉત્પલ જોશીએ આ સિદ્ધિને માત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દયાએ માત્ર તેના માતા-પિતા તેમજ યુનિવર્સિટીનું જ નહીં પણ સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે. તેની સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે. રજીસ્ટ્રાર મનીષ ધામેચાએ દયા ઝાપડિયા અને ભારતીય ટીમને અભિનંદન આપતાં કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય મહિલા હૅન્ડબૉલ ટીમનું રનર-અપ સ્થાન મેળવવું એ ખરેખર પ્રશંસનીય છે. દયાએ જે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે તેનાથી સ્પોર્ટ્સ ક્ષેત્રમાં યુનિવર્સિટીનું માથું ઊંચું થયું છે.

ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડૉ. હરીશ રાબાએ દયાના સતત સખત પરિશ્રમ અને તેના પ્રશિક્ષકોના માર્ગદર્શનની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, દયાની રમતની આક્રમકતા અને ટીમવર્કની ભાવના તેને ભવિષ્યમાં વધુ ઊંચાઈએ લઈ જશે. યુનિવર્સિટી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવે છે. સમગ્ર યુનિવર્સિટી પરિવાર, જેમાં શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, તેમણે દયા ઝાપડિયા અને ભારતીય મહિલા હૅન્ડબૉલ ટીમને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ હૃદયપૂર્વક અભિનંદન આપ્યા છે અને ભવિષ્યની તમામ સ્પર્ધાઓ માટે શુભકામનાઓ પાઠવી છે.

દયા ઝાપડિયાની આ સફળતા યુનિવર્સિટીના અને ગુજરાતના અન્ય યુવા ખેલાડીઓને મોટા સપના જોવાની અને તેને સાકાર કરવા માટે મહેનત કરવાની પ્રેરણા પૂરી પાડે છે. આ આંતરરાષ્ટ્રીય ટ્રોફીમાં સિલ્વર મેડલ જીતવાથી ભારતીય મહિલા હૅન્ડબૉલ ટીમને વૈશ્વિક રેન્કિંગમાં ઉપર આવવામાં મદદ મળશે અને આગામી મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટેનો તેમનો માર્ગ સરળ બનશે. દયા ઝાપડિયા જેવા ખેલાડીઓ ભારતીય રમતગમતની નવી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે, જેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને ગૌરવ અપાવવા માટે તૈયાર છે.

# સુરતના કવાસ ક્રિકેટ ગ્રાઉન્ડમાંથી નવજાત બાળકી મળી : મોડીરાતે રડવાનો અવાજ સાંભળી લોકો દોડ્યા

## માસૂમ ICUમાં દાખલ, નિર્દયી માતા-પિતાને શોધનારને 11,000નું ઈનામ

સુરત, તા.29

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં આવેલા જૂના કવાસ ક્રિકેટ ગ્રાઉન્ડમાંથી 28 નવેમ્બરની મોડીરાત્રે એક તાજી જન્મેલી બાળકી ત્યજેલી હાલતમાં મળતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. બાળકીનો રડવાનો અવાજ સાંભળીને લોકો એ તરફ દોડી ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. હાલમાં બાળકી સુરત સિવિલમાં ICUમાં સારવાર હેઠળ છે. કોઈ અજાણી વ્યક્તિ કે મહિલા દ્વારા પોતાના પાપને છુપાવવાના ઈરાદાથી આ ફૂલ જેવી બાળકીને ત્યજી દેવામાં આવી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે, જેને લઈને સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ માસૂમને ત્યજી દેનારને શોધનારને 11 હજારનું ઈનામ આપવાની ઈચ્છાપોર પોલીસે જાહેરાત કરી છે.

ઈચ્છાપોર પોલીસ મથકના ઈન્સ્પેક્ટર અનિરુદ્ધસિંહ ગોહિલે બાળકી બાબતે જણાવ્યું હતું કે બાળકી હાલ ICUમાં છે અને સારવાર ચાલી રહી છે. બાળકીને કોણ મૂકી ગયું છે એ અંગેની તપાસ ચાલી રહી છે. અમે અલગ-અલગ વિસ્તારોના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહ્યા છીએ. આશાવર્કરો સાથે પણ સંપર્કમાં છીએ. નજીકમાં આવેલી તમામ હોસ્પિટલોમાં પણ અમે તપાસ કરી રહ્યા છીએ.

જૂના કવાસ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસેથી પસાર થતા સ્થાનિક લોકોએ અચાનક બાળકીના રડવાનો અવાજ સાંભળ્યો હતો. એ બાદ લોકોએ અવાજની દિશામાં જઈને તપાસ કરતાં તેમને તાજી જન્મેલી એક બાળકી ત્યજેલી અને નિ:સહાય હાલતમાં મળી હતી. ક્રિકેટ ગ્રાઉન્ડ જેવી ખુલ્લી જગ્યાએ નવજાત શિશુ મળતાં જ



આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા. લોકોમાં દયાની સાથે-સાથે બાળકીને ત્યજી દેનારાં માતા-પિતા પ્રત્યે ભારે ગુસ્સો જોવા મળ્યો હતો.

આ ગંભીર અને અમાનવીય કૃત્યની જાણ થતાં જ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનનો સ્ટાફ સમય બગાડ્યા વિના તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે સૌપ્રથમ કાયદેસરની કાર્યવાહી બાજુ પર મૂકીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બાળકીની નાજુક હાલતને જોતાં પોલીસે તેને તાત્કાલિક સારવાર મળી રહે એ હેતુથી સુરત સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. હાલમાં તબીબી સ્ટાફ દ્વારા બાળકીની સઘન સારવાર ચાલી રહી છે. પોલીસ બાળકી સ્વસ્થ થાય એ માટે પ્રાર્થના કરી રહી છે.

આ અમાનવીય કૃત્ય કરનારાં નિર્દયી માતા-પિતાને શોધી કાઢવા માટે ઈચ્છાપોર પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દીધી છે. ઈચ્છાપોર પોલીસ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે જે કોઈ વ્યક્તિ આ નવજાત શિશુનાં માતા-પિતાને શોધી કાઢવામાં મદદ કરશે અથવા તેમની સચોટ માહિતી આપશે તેને 11,000નું રોકડ ઈનામ આપવામાં આવશે.

પોલીસ દ્વારા જાહેર કરાયેલું આ ઈનામ સમાજને આ તપાસમાં સહકાર આપવા માટે પ્રેરિત કરશે. પોલીસે આસપાસના વિસ્તારોમાં લગાવેલા સીસીટીવી ફૂટેજની તપાસ, હોસ્પિટલોમાં તાજેતરમાં પ્રસૂતિ થયેલી મહિલાઓની વિગતો અને સ્થાનિક લોકોની ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી દીધી છે. પોલીસને આશા છે કે જલદીથી આ નવજાત બાળકીનાં માતા-પિતા મળે અને તેમને તેમનાં કૃત્ય માટે કાયદાકીય સજા થશે.

સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં એક અત્યંત સંવેદનશીલ અને ઘૃણાસ્પદ ઘટના સામે આવી છે, જ્યાં ગટરના સુએઝ પમ્પિંગ સ્ટેશનના સ્ક્રીન ચેમ્બરમાંથી નવભ્રૂણ મળી આવ્યું છે. માતૃત્વ છુપાવવા માટે આ ભ્રૂણને ડ્રેનેજ સિસ્ટમમાં ફેંકી દીધું હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. આ બનાવને પગલે જહાંગીરપુરા પોલીસે ભ્રૂણ હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# કરચીયામાં ગેરકાયદે પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતી ફેક્ટરીમાં SOG અને GPCBની રેડ...

## માલિક સામે કાર્યવાહી, લાયસન્સ વગર કેરીબેગ તથા પેકેજિંગ બેગનું ઉત્પાદન કરતા

વડોદરા, તા.29

વડોદરાના જવાહરનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કરચીયા ગામે આવેલી ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ નામની યુનિટમાં લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે પાતળા પ્લાસ્ટિકનું ઉત્પાદન ચાલતું હોવાની બાતમીના આધારે વડોદરા શહેર એસઓજી અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB)ની સંયુક્ત ટીમે મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. જેમાં માલિક સામે કાર્યવાહી કરવામાં આવી છે.

આ સંયુક્ત દરોડામાં ફેક્ટરીમાંથી માત્ર 30 માઈક્રોન જાડાઈની પ્લાસ્ટિક કેરીબેગ તથા પેકેજિંગ બેગનું ઉત્પાદન ચાલુ હોવાનું ઝડપાયું છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ એમેન્ડમેન્ટ રુલ્સ-2021 મુજબ કેરીબેગ માટે ન્યૂનતમ 120 માઈક્રોન અને પેકેજિંગ માટે 50 માઈક્રોન જાડાઈ ફરજિયાત હોવા છતાં અહીં તેનું સ્પષ્ટ ઉલ્લંઘન થતું જોવા મળ્યું હતું.

એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. રાતડા અને



ટીમે બાતમી સ્થાને જઈ રેડ કરી હતી. તપાસ દરમિયાન ફેક્ટરીના માલિક નિખિલ નરેન્દ્રભાઈ ઠક્કર (રહે. અનગઢ કોલોની, બાજવા, વડોદરા)અને તેના બે મજૂરો હાજર મળી આવ્યા હતાં. માલિક પાસે કોઈપણ પ્રકારનું લાયસન્સ કે પરવાનગી ન હોવાનું બહાર આવતાં GPCBના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી.

GPCBના ડેપ્યુટી એન્વાયર્નમેન્ટ એન્જિનિયર આર.પી. રાણા તથા આસિસ્ટન્ટ એન્વાયર્નમેન્ટ એન્જિનિયર કે.આર. રાઠવાએ સ્થળ પર પહોંચીને થિકનેસ ગેજ મીટર વડે પ્લાસ્ટિકની જાડાઈનું માપન કર્યું હતું અને તે ગેરકાયદેસર રીતે ઉત્પાદન થતું હોવાનું સામે આવતું હતું. જેના આધારે એન્વાયર્નમેન્ટ પ્રોટેક્શન એક્ટ-1986 પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ હેઠળ કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# લંડનમાં ભારત-પાકિસ્તાનની ડિબેટ રદ: PAKએ ભારત પર પીછેહઠ કરવાનો આરોપ લગાવ્યો...

લંડન, તા.29

બ્રિટનમાં ઓક્સફોર્ડ યુનિયનમાં ભારત-પાકિસ્તાન વચ્ચે 27 નવેમ્બરે યોજાનારી ડિબેટ કેન્સલ થઈ. પાકિસ્તાન અને ભારતના વક્તાઓ આ ડિબેટમાં ભાગ લેવાના હતા.

હવે બંને દેશોએ એકબીજા પર બેઠકમાંથી પીછેહઠ કરવાનો આરોપ લગાવ્યો છે. પહેલા પાકિસ્તાને ગુરુવારે દાવો કર્યો હતો કે ભારતીય વક્તાઓ ઓક્સફોર્ડ યુનિયનમાં યોજાનારી ડિબેટ પહેલા છેલ્લી ઘડીએ ભાગી ગયા, તેથી તેમને 'વોકઓવર' (લડ્યા વિના મળેલી જીત) મળી ગયું.

ત્યારબાદ ભારતીય સિનિયર એડવોકેટ જે. સાઈ દીપકે આરોપોને ખોટા ગણાવતા ખુલાસો કર્યો કે પાકિસ્તાની ટીમ જ છેલ્લી ઘડીએ ચર્ચામાં સામેલ ન થઈ, જેના પછી ડિબેટ રદ કરવી પડી.

દીપકે પુરાવા તરીકે ઈમેલ અને કોલ રેકોર્ડ રજૂ કર્યા. તેમણે કહ્યું કે, ભારતીય ટીમ ચર્ચા માટે તૈયાર હતી, પરંતુ પાકિસ્તાને ડિબેટ કેન્સલ કરાવી દીધી. આ મામલે ઓક્સફોર્ડ યુનિયને અત્યાર સુધી કોઈ નિવેદન આપ્યું નથી.

ઓક્સફોર્ડ યુનિયન (OU) માં ગુરુવારે રાત્રે ભારત-પાકિસ્તાનના વક્તાઓ વચ્ચે ડિબેટ થવાનું નક્કી હતું. OU વિશ્વની સૌથી જૂની વિદ્યાર્થી ડિબેટ સોસાયટી છે. 1823માં સ્થાપિત OU ને ઓક્સફોર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ચલાવે છે. જોકે, તે યુનિવર્સિટીનો સત્તાવાર ભાગ નથી. તે એક સ્વતંત્ર વિદ્યાર્થી સંગઠન છે.

OUમાં વિશ્વભરના મોટા નેતાઓ, વડાપ્રધાનો, રાષ્ટ્રપતિઓ, અભિનેતાઓ, લેખકો ભાષણ આપી ચૂક્યા છે. ચર્ચાઓ લાઈવ હોય છે, જેને યુટ્યુબ પર લાખો-કરોડો લોકો જુએ છે. ચર્ચા પછી જીત-હાર દર્શકોના મતથી નક્કી થાય છે.

આ વખતે ભારત-પાકિસ્તાનના વક્તાઓ વચ્ચે થનારી ચર્ચાનું શીર્ષક 'India's Policy Towards Pakistan is a Populist Strategy Sold as Security Policy' રાખવામાં આવ્યું હતું.

આને સરળ ભાષામાં સમજીએ તો તેનો અર્થ છે, 'ભારતની પાકિસ્તાન પર બનાવવામાં આવેલી નીતિઓ જનતાની ભાવનાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે, પરંતુ તેમને સુરક્ષાની જરૂરિયાત તરીકે રજૂ કરવામાં આવે છે.'

આ ડિબેટનું આયોજન OUના



અધ્યક્ષ મૂસા હર્રાજે કર્યું હતું. મૂસા પૂર્વ પીએમ બેનઝીર ભુટ્ટો, પૂર્વ રાષ્ટ્રપતિ અહેમદ નવાઝ અને ઈસરાર ખાન પછી તેના અધ્યક્ષ બનનારા ચોથા પાકિસ્તાની છે.

મૂસા ગયા મહિને OUના અધ્યક્ષ બન્યા છે. તેઓ પાકિસ્તાનના જાણીતા નેતા મોહમ્મદ રઝા હયાત હર્રાજના પુત્ર છે.

ભારત તરફથી ડિબેટમાં સામેલ થનારા 3 લોકો- પૂર્વ ચીફ જનરલ એમએમ નરવણે, ભાજપ નેતા સુબ્રમણ્યમ સ્વામી અને પૂર્વ ડેપ્યુટી સીએમ સચિન પાયલટ હતા. જ્યારે પાકિસ્તાન તરફથી લેફ્ટનન્ટ જનરલ ઝુબેર મહેમૂદ હયાત, પૂર્વ વિદેશ મંત્રી હિના રબ્બાની ખાર અને પૂર્વ રાજદ્વારી ડો. મોહમ્મદ ફૈઝલ સામેલ થવાના હતા.

ઓક્સફોર્ડ યુનિયને ચર્ચાના બે દિવસ પહેલા દીપકને જણાવ્યું કે ખરાબ તબિયતના કારણે સ્વામી અને નરવણે સામેલ થઈ શકતા નથી, અને તેમને અન્ય વિકલ્પો સૂચવવા માટે કહેવામાં આવ્યું.

દીપક યુનિયન પાસે કોઈ વિકલ્પ લઈને પહોંચે તે પહેલા જ તેમને ફોન કરીને જણાવવામાં આવ્યું કે ચર્ચા માટે સુહેલ સેઠ અને શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીનો સંપર્ક કરવામાં આવ્યો છે અને તેમણે પુષ્ટિ પણ કરી દીધી છે.

26 તારીખે યુનિયને દીપકને ફોન કરીને જણાવ્યું કે શોર્ટ નોટિસના કારણે સુહેલ સેઠ અને પ્રિયંકા ચતુર્વેદી આવી શકશે નહીં.

પ્રિયંકા ચતુર્વેદીએ પણ સ્પષ્ટ કહ્યું કે જુલાઈમાં તેમને આમંત્રણ મળ્યું હતું, પરંતુ આયોજકોએ મહિનાઓ સુધી મૌન જાળવી રાખ્યું અને 25 નવેમ્બરે અચાનક મેલ કર્યો. તેમણે તેને અનપ્રોફેશનલ ગણાવીને ના પાડી દીધી.

સુહેલ સેઠ અને પ્રિયંકા ચતુર્વેદીના ન આવવા પર, સાઈ દીપક પોતે બ્રિટન પહોંચ્યા અને છેલ્લી ઘડીએ બ્રિટનમાં રહેતા બે ભારતીય મૂળના વક્તાઓ મનુ ખજુરિયા અને પંડિત સતીશ શર્માને ટીમમાં સામેલ કર્યા. એટલે કે, ભારતીય ટીમ સંપૂર્ણપણે તૈયાર હતી.

ડિબેટ ડિનરના માત્ર ત્રણ કલાક પહેલા, આયોજક મૂસા હર્રાજે ફોન કરીને કહ્યું કે ડિબેટ રદ કરવામાં આવી છે કારણ કે પાકિસ્તાની વક્તાઓ બ્રિટન આવ્યા નથી.

પાકિસ્તાની હાઈકમિશને X પર પોસ્ટ કરીને દાવો કર્યો કે ભારત ચર્ચામાંથી પીછેહટ કરી ગયું છે, જેના કારણે પાકિસ્તાન ચર્ચા જીતી ગયું છે.

હાઈકમિશ ને દાવો કર્યો કે ભારત તરફથી આવેલા વક્તાઓ, જનરલ નરવણે, ડો. સુબ્રમણ્યમ સ્વામી, રાજનેતા સચિન પાયલટ, અંતિમ સમયે પાછા ફર્યા. જેના કારણે કાર્યક્રમમાં વિરોધી પેનલ બચી ન હતી.

તેમાં વધુમાં આરોપ લગાવવામાં આવ્યો કે ભારતે પાછળથી ઓછા -પ્રોફાઈલવાળા સ્પીકરનો પ્રસ્તાવ મૂક્યો જે પાકિસ્તાની પ્રતિનિધિમંડળના સ્તર સાથે મેળ ખાતો ન હતો.

સાઈ દીપકે પાકિસ્તાનના દાવાઓને ખોટા ગણાવીને ફગાવી દીધા. તેમણે જણાવ્યું કે પાકિસ્તાની ટીમ હોટલમાં હતી, પરંતુ ચર્ચા પહેલા જ ભાગી ગઈ. તેમણે પાકિસ્તાનને 'આતંકવાદીઓની જેમ બાળકોની પાછળ છુપનાર' ગણાવ્યું.

પાક હાઈ કમિશને ભારતના બેક-આઉટ કરવાના કોઈ પુરાવા આપ્યા નથી. બીજી તરફ, પાકિસ્તાની એકાઉન્ટ્સે સ્ટુડન્ટ ડિબેટનો વીડિયો શેર કરીને દાવો કર્યો. આ પછી સાઈ દીપકે પાકિસ્તાનને ખુલ્લો પડકાર ફેંક્યો કે જો પાકિસ્તાની ટીમ હજુ પણ ઓક્સફોર્ડમાં હોય તો સામે આવે અને ડિબેટ કરે.

સાઈ દીપકે ગયા મહિને ઓક્સફોર્ડ યુનિયન તરફથી મળેલો એક ઈમેલ પણ પોસ્ટ કર્યો હતો જેમાં 27 નવેમ્બરના કાર્યક્રમમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરવામાં આવી હતી.

## તાજિકિસ્તાનમાં 3 ચીની એન્જિનિયરોને કોણે માર્યા? : સોનાની ખાણમાં કામ કરી રહ્યા હતા, ડ્રોન હુમલામાં મોત

કાબુલ, તા.29

તાજિકિસ્તાનના ખતલોન પ્રાંતમાં 26 નવેમ્બરના રોજ એક સોનાની ખાણ પર થયેલા ડ્રોન હુમલામાં 3 ચીની એન્જિનિયરોનાં મોત થયાં હતાં. તાજિકિસ્તાને દાવો કર્યો હતો કે ડ્રોન અફઘાનિસ્તાન તરફથી ઉડીને આવ્યું હતું. તાજિકિસ્તાને કહ્યું કે આ હુમલામાં અફઘાનિસ્તાનના ગુનાહિત જૂથો સામેલ છે. તેમણે તાલિબાન સરકારને આવી ઘટનાઓને રોકવા માટે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જોકે, હવે તાલિબાને પોતાને આનાથી અલગ ગણાવ્યા છે. તાલિબાને કહ્યું કે આ હુમલો એવા જૂથે કર્યો છે જે લાંબા સમયથી પાકિસ્તાનમાં અરાજકતા ફેલાવવા માંગે છે. તાલિબાનના આ દાવા પછી હજુ સુધી સ્પષ્ટ થયું નથી કે ચીની એન્જિનિયરોના મોત પાછળ કોનો હાથ છે.

તાજિકિસ્તાનમાં ઘણી ચીની કંપનીઓ કામ કરે છે, ખાસ કરીને ખનન (માઈનિંગ) અને કુદરતી સંસાધનો સંબંધિત ક્ષેત્રોમાં અને આમાંથી મોટાભાગના પ્રોજેક્ટ સરહદી વિસ્તારમાં છે.

તાજિકિસ્તાન માટે ચીની રોકાણ આર્થિક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ચીનના રોકાણથી માત્ર ખનન જ નહીં પરંતુ વીજળી, ઈમારતો, માળખાકીય સુવિધાઓ પણ બની રહી છે.

ચીની એન્જિનિયરો પર હુમલાથી ચીન નારાજ થઈ ગયું છે. ચીને આ ઘટનાની નિંદા કરવા ઉપરાંત પોતાના નાગરિકો અને કંપનીઓને સરહદી વિસ્તાર



છોડવાની ચેતવણી આપી છે.

તાજિકિસ્તાન અને અફઘાનિસ્તાનની પહાડી સરહદ લગભગ 1,350 કિલોમીટર લાંબી છે. ગયા વર્ષે પણ અફઘાન સરહદ નજીક થયેલા એક હુમલામાં એક ચીની કામદારનું મૃત્યુ થયું હતું.

તાજિકિસ્તાન વારંવાર ફરિયાદ કરતું રહ્યું છે કે અફઘાનિસ્તાન તરફથી આતંકવાદીઓની ઘૂસણખોરી થાય છે અને અફઘાનિસ્તાનમાં હાજર જૂથો મધ્ય એશિયામાં અસ્થિરતા ફેલાવવાનો પ્રયાસ કરે છે.

તાલિબાન અને પાકિસ્તાન વચ્ચે પહેલેથી જ તણાવ છે. તાલિબાનનું કહેવું છે કે પાકિસ્તાને ISKP જેવા આતંકવાદીઓને આશ્રય આપ્યો છે અને તેમને તાલીમ શિબિરો ચલાવવાની સુવિધા આપી છે.

તાલિબાન સરકાર લાંબા સમયથી પાકિસ્તાન પર આરોપ લગાવી રહી છે કે તે અમેરિકાને ડ્રોન હુમલાઓ માટે પોતાની જમીન પૂરી પાડે છે અને ઈસ્લામિક સ્ટેટ (ISKP) ના આતંકવાદીઓને આશ્રય આપે છે. હુમલા બાદ અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયે ચીન અને તાજિકિસ્તાનને શોક સંદેશ મોકલ્યો અને હુમલાની નિંદા કરી.

# લુધિયાણાની મહિલાને કેનેડામાં જીવતી સળગાવી

**દિયરે પહેલા કારનો અકસ્માત કર્યો, પછી આગ લગાવી, 8 મહિના પહેલા જ લગ્ન થયા હતા**

લુધિયાણા, તા.29

કેનેડાના ડેલ્ટા શહેરમાં પંજાબના લુધિયાણાની મહિલા મનદીપ કૌરની હત્યાના કેસમાં મોટો ખુલાસો થયો છે. મહિલાની હત્યા તેના દિયરે જ કરી હતી. તપાસમાં સામે આવ્યું કે દિયરે પહેલા ભાભીની કારનો અકસ્માત કર્યો અને બાદમાં તેને આગ ચાંપી દીધી હતી.

પોલીસે દિયર ગુરજોત સિંહની ધરપકડ કરી લીધી. મનદીપ કૌર લુધિયાણાના ગુજ્જરવાલની હતી જ્યારે ગુરજોત સિંહ સિધવાં બેટના લોધીવાલ ગામનો રહેવાસી છે. બંને કેનેડામાં PR હતા. જોકે, હજુ સુધી હત્યાના કારણો જાણી શકાયા નથી.

ડેલ્ટા પોલીસ અનુસાર, 26 ઓક્ટોબરે રાત્રે 11:20 વાગ્યે હાઈવે 17ના 7000 બ્લોકમાં એક કાર અકસ્માત થયો હતો. ત્યારબાદ કારમાં આગ લાગી ગઈ. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી. પોલીસે જ્યારે કારની તપાસ કરી તો તેમાં એક મહિલા હતી, જે બળી જવાને કારણે મૃત્યુ પામી હતી. મહિલાની ઓળખ 30 વર્ષીય મનદીપ કૌર તરીકે થઈ હતી.

પોલીસે જ્યારે કેસની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે દિયરે



ભાભીની હત્યા કરી છે. પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો. 25 નવેમ્બરે ડેલ્ટા પોલીસે આ કેસની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી અને કોર્ટે આરોપો ઘડ્યા હતા.

આ કેસની તપાસમાં ઘણા વિભાગો સામેલ થયા. જેમાં ડેલ્ટા મેજર ક્રાઈમ સેક્શન, ટ્રાફિક ડિપાર્ટમેન્ટ અને કે-9 યુનિટનો સમાવેશ થતો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે પરિસ્થિતિ શંકાસ્પદ છે. ત્યારબાદ આ કેસને હત્યાની તપાસમાં બદલી દેવામાં આવ્યો.

ગુરજોત સિંહ પર માનવ અવશેષો સાથે અમાનવીય વ્યવહારનો આરોપ (ક્રિમિનલ કોડની કલમ 182(બી)) લગાવવામાં આવ્યો હતો. 25 નવેમ્બરના રોજ ક્રાઉન કાઉન્સિલે ક્રિમિનલ કોડની કલમ 235(1) હેઠળ બીજા દરજ્જાના હત્યાનો વધુ એક આરોપ સામેલ કર્યો.

આ જ વર્ષે મનદીપ કૌરના લગ્ન થયા હતા: મનદીપ પહેલા કેનેડાના એડમન્ટન શહેરમાં રહેતી હતી. મનદીપ કૌરના પિતા જગદેવ સિંહે જણાવ્યું કે તેના લગ્ન 7 માર્ચે સિધવાં બેટના લોધીવાલ ગામના અનમોલ જીત સાથે થયા હતા. ત્યારબાદ દીકરી ડેલ્ટા શહેરમાં સાસરીયા સાથે રહેવા લાગી.

26 ઓક્ટોબરે ફોન આવ્યો, અકસ્માત થયો: તેમણે જણાવ્યું કે 26 ઓક્ટોબરે તેમને ફોન આવ્યો કે મનદીપનો અકસ્માત થયો છે અને હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું છે. તેમણે ઉતાવળમાં અંતિમ સંસ્કાર કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ તેમના પુત્ર હેરીએ તેની તપાસ માટે પોલીસને ફરિયાદ કરી. પોલીસે અંતિમ સંસ્કાર રોક્યા અને પછી તપાસ શરૂ કરી.

16 નવેમ્બરે મહિલાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા:16 નવેમ્બરે અંતિમ સંસ્કાર અને અંતિમ અરદાસ પણ કરી દેવામાં આવી. તેમણે જણાવ્યું કે ડેલ્ટા પોલીસે હવે આરોપી વિરુદ્ધ કડક કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે. હવે તેમને આશા છે કે તેમની દીકરીને ન્યાય મળશે.

# ટ્રમ્પે બાઈડનના 92% એક્ઝિક્યુટિવ ઓર્ડર્સ રદ કર્યા

**ટ્રમ્પે કહ્યું- મંજૂરી વગર ઓટોપેનથી સહી થઈ હતી, પૂર્વ રાષ્ટ્રપતિ જૂઠું બોલ્યા તો કેસ કરીશ**

વોશિંગ્ટન, તા.29

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનના કાર્યકાળમાં જારી કરાયેલા 92% એક્ઝિક્યુટિવ ઓર્ડર્સને રદ કરી દીધા છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા ટ્રુથ પર આની જાણકારી આપી.

ટ્રમ્પનો દાવો છે કે આ બધા ઓટોપેન (મશીન દ્વારા કરાયેલી સહી)થી સાઈન કરાયા હતા, જે બાઈડનની મંજૂરી વિના ગેરકાયદેસર છે.

આ પગલાથી બાઈડનના ઘણા મહત્વપૂર્ણ એક્ઝિક્યુટિવ ઓર્ડર પ્રભાવિત થઈ શકે છે, જેમાં સ્વાસ્થ્ય, પર્યાવરણ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સંબંધિત નિયમો સામેલ છે.

તેમણે બાઈડનને 'સ્લીપી (સુસ્ત) જો' અને 'ક્રુકડ (ચાલાક) જો' કહેતા ધમકી આપી કે જો બાઈડન આ દસ્તાવેજો પર પોતાની સહમતિનો દાવો કરશે, તો તેમના પર 'ખોટા નિવેદન' (પરજરી)ના આરોપ લાગશે.

બાઈડને ચાર વર્ષ (2021-25) ના કાર્યકાળમાં કુલ 162 એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યા, આ ઉપરાંત સેંકડો મેમોરેન્ડમ અને નોટિસ પર પણ હસ્તાક્ષર કર્યા. આ પહેલા ટ્રમ્પે પદ સંભાળ્યા પછી જાન્યુઆરીમાં જ લગભગ 80 બાઈડન-યુગના ઓર્ડર રદ કર્યા હતા, પરંતુ કેટલાક મહત્વપૂર્ણ હજુ પણ અમલમાં છે. તેમાંથી કેટલાક હવે રદ થવાના જોખમમાં છે.

એક્ઝિક્યુટિવ ઓર્ડર 14110: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિકાસ અને ઉપયોગ પર સખ્તાઈ, જેમાં જોખમો ઘટાડવા અને નૈતિક ઉપયોગ સુનિશ્ચિત કરવાના નિયમો સામેલ છે.

ટ્રમ્પના આ પગલાથી આ નીતિઓ પર અસર પડી શકે છે, પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે તમામ દસ્તાવેજોના હસ્તાક્ષરોની કાયદેસરતા સાબિત કરવી મુશ્કેલ હશે. હજુ એ સ્પષ્ટ નથી કે કોણ આ હસ્તાક્ષરોની તપાસ કરશે.

કાર્યકારી આદેશો અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા જારી કરાયેલા ઓર્ડર હોય છે, જે સંઘીય એજન્સીઓને કાયદાઓ લાગુ કરવામાં અથવા નીતિઓ બનાવવામાં મદદ કરે છે. અમેરિકી કાયદા અનુસાર, કોઈપણ રાષ્ટ્રપતિ પોતાના પાછલા રાષ્ટ્રપતિના કાર્યકારી આદેશોને રદ, સંશોધિત અથવા અમાન્ય કરી શકે છે.

તેની પોતાની પણ મર્યાદાઓ



છે. ખાસ કરીને ક્ષમાદાન, માફી અને સજામાં ઘટાડાના કિસ્સાઓમાં, જેને એકવાર આપ્યા પછી પાછા ખેંચી શકાતા નથી.

ટ્રમ્પનો મુખ્ય દાવો ઓટોપેન પર આધારિત છે. તેઓ કહે છે કે બાઈડનના 92% આદેશો ઓટોપેનથી હસ્તાક્ષરિત હતા, જે બાઈડનની મંજૂરી વિના ગેરકાયદેસર છે. પરંતુ કાયદેસર રીતે, ઓટોપેનનો ઉપયોગ સંપૂર્ણપણે કાયદેસર છે.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટના ઓફિસ ઓફ લીગલ કાઉન્સિલે 2005માં (જ્યોર્જ ડબલ્યુ. બુશના સમયમાં) કહ્યું હતું કે રાષ્ટ્રપતિને બિલ કે આદેશ પર સહી કરવા માટે વ્યક્તિગત રીતે હસ્તાક્ષર કરવાની જરૂર નથી, જો તેમની મંજૂરી હોય તો.

ટ્રમ્પે બાઈડન પર પરજરી (ખોટી જુબાની)નો આરોપ લગાવવાની ધમકી આપી છે. તેમણે કહ્યું કે જો બાઈડને કહ્યું કે તેમણે ઓટોપેનવાળા દસ્તાવેજોને પોતે મંજૂર કર્યા હતા, તો તેમના પર ખોટી જુબાનીના આરોપો લાગશે.

પરજરીનો અર્થ છે કોર્ટ કે કોઈ કાનૂની કાર્યવાહીમાં શપથ લઈને જૂઠું બોલવું. એટલે કે જ્યારે કોઈ વ્યક્તિ શપથ (oath) લે છે કે 'હું સાચું બોલીશ, સંપૂર્ણ સાચું બોલીશ અને ફક્ત સાચું બોલીશ', અને તે પછી જાણી જોઈને જૂઠું બોલી દે છે.

પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન પર 1998માં 'મોનિકા લેવિન્સ્કી કેસ'માં ખોટી જુબાનીનો આરોપ લાગ્યો હતો. મોનિકા વ્હાઈટ હાઉસમાં ઈન્ટર્ન હતી. બિલ ક્લિન્ટન પર મોનિકા સાથે શારીરિક સંબંધ બાંધવાનો આરોપ લાગ્યો હતો. જોકે, ક્લિન્ટને પહેલા તેને સંપૂર્ણપણે નકારી કાઢ્યું હતું.

1998માં એક અલગ કેસ (પોલા જોન્સ સેક્સ્યુઅલ હેરાસમેન્ટ કેસ)માં ક્લિન્ટનને શપથ લઈને જુબાની આપવી પડી હતી.

તેમને પૂછવામાં આવ્યું કે શું તેમનો મોનિકા લેવિન્સ્કી સાથે ક્યારેય શારીરિક સંબંધ રહ્યો છે? આના પર ક્લિન્ટને કહ્યું કે તેમનો લેવિન્સ્કી સાથે આવો કોઈ સંબંધ નહોતો.

બાદમાં પુરાવા મળ્યા કે ક્લિન્ટન જૂઠું બોલી રહ્યા હતા. ક્લિન્ટન પર શપથ લઈને જાણી જોઈને જૂઠું બોલવા, પુરાવા છુપાવવા અને સાક્ષીઓને પ્રભાવિત કરવાના આરોપો લાગ્યા. ક્લિન્ટનને $90,000નો દંડ ભરવો પડ્યો. સાથે જ તેમને 5 વર્ષ માટે વકીલાત કરવાથી રોકવામાં આવ્યા. તેમણે ટીવી પર માફી પણ માંગી અને કહ્યું 'મેં ખોટું કર્યું.'

ઓટોપેન એક મિકેનિકલ ડિવાઈસ છે જે કોઈ વ્યક્તિની અસલી સહીની બિલકુલ સચોટ નકલ કરી શકે છે. આ મશીન એકવાર અસલી સહીને સ્કેન કરી લે છે, પછી હજારો-લાખો વાર બિલકુલ તેવી જ સહી કરી શકે છે. ઘણા અમેરિકી રાષ્ટ્રપતિઓ તેનો ઉપયોગ કરતા આવ્યા છે.

વ્હાઈટ હાઉસમાં 1800ના દાયકાની શરૂઆતથી જ ઓટોપેનનો ઉપયોગ થતો આવ્યો છે, જેની શરૂઆત રાષ્ટ્રપતિ થોમસ જેફરસનથી થઈ હતી. ટ્રમ્પ સહિત પૂર્વ રાષ્ટ્રપતિઓએ મોટી સંખ્યામાં નિયમિત દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવા માટે ઓટોપેનનો ઉપયોગ કર્યો છે.

# 62 વર્ષના ઓસ્ટ્રેલિયન PM અલ્બનીઝે લગ્ન કર્યા : 16 વર્ષ નાની હેડન સાથે વેલેન્ટાઈન ડે પર સગાઈ કરી હતી

કેનબેરા, તા.29

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બનીઝે શનિવારે તેમના પાર્ટનર જોડી હેડન સાથે લગ્ન કર્યા. 62 વર્ષના અલ્બનીઝ ઓસ્ટ્રેલિયાના પ્રથમ એવા PM બન્યા છે જેમણે પોતાના પદ પર રહેતા લગ્ન કર્યા.

અલ્બનીઝે 46 વર્ષની જોડી હેડન સાથે કેનબેરામાં PM ઓફિસમાં લગ્ન કર્યા. જોડી ફાઈનાન્સિયલ સર્વિસમાં કામ કરે છે. અલ્બનીઝે ફેબ્રુઆરી 2024માં હેડન સાથે સગાઈ કરી હતી.

વડાપ્રધાને સોશિયલ મીડિયા પર એક શબ્દમાં પોસ્ટ કર્યું - મેરિડ. તેમણે એક વીડિયો પણ શેર કર્યો છે જેમાં તેઓ બો-ટાઈ પહેરીને પોતાની દુલ્હનનો હાથ પકડીને ચાલતા જોવા મળી રહ્યા છે.

અલ્બનીઝ અને હેડન સોમવારથી શુક્રવાર સુધી ઓસ્ટ્રેલિયામાં જ હનીમૂન મનાવશે, જેનો તમામ ખર્ચ તેમણે અંગત રીતે પોતાના ખર્ચે ઉઠાવ્યો છે.

લગ્ન સમારોહમાં જોડી હેડને સિડનીના ડિઝાઈનર 'રોમાન્સ વોઝ બોર્ન'નો ગાઉન પહેર્યો હતો, જ્યારે વડાપ્રધાને એમજે બેલનો સૂટ પહેર્યો હતો. હેડનની પાંચ વર્ષની ભત્રીજી, એલાફ્લાવર ગર્લ બની હતી. આ લગ્નની એક ખાસ વાત એ હતી કે વડાપ્રધાનનો ડોગ, રિંગ બિયરર બન્યો હતો. મહેમાનોને સિડનીની એક બ્રુઅરી 'વિલી ધ બોટમેન' દ્વારા બનાવેલી બિયર પીરસવામાં આવી હતી.

સમારોહ પછી અલ્બનીઝ અને હેડને સ્ટીવ વન્ડરના ગીત 'સાઈન્ડ, સીલ્ડ, ડિલિવર્ડ (આઈ એમ યોરસ)' પર વોક કર્યું. તેમનો પહેલો ડાન્સ ફ્રેન્ક સિનાત્રાના ગીત 'ધ વે યુ લુક ટુનાઈટ' પર થયો.

વડાપ્રધાન કાર્યાલયે જણાવ્યું કે આ કપલ આગામી એક સપ્તાહ સોમવારથી શુક્રવાર સુધી ઓસ્ટ્રેલિયામાં જ હનીમૂન મનાવશે.

ઓસ્ટ્રેલિયન PM ના આ બીજા લગ્ન છે. તેમણે 2019 માં તેમની પૂર્વ પત્ની કાર્મેલ ટેબટથી છૂટાછેડા લીધા હતા. આ લગ્ન 19 વર્ષ ચાલ્યા હતા. આ સંબંધથી તેમને



એક પુત્ર નાથન છે.

અલ્બનીઝ અને હેડનની મુલાકાત 2020 માં મેલબોર્નમાં એક બિઝનેસ ડિનરમાં થઈ હતી. હેડનના પણ આ બીજા લગ્ન છે. જોકે, હેડનના પહેલા લગ્ન અને છૂટાછેડાની માહિતી સાર્વજનિક નથી.

લેબર પાર્ટીના નેતા એન્થની અલ્બનીઝને તેમના સગા સંબંધીઓ 'અલ્બો' નામથી બોલાવે છે. એન્થનીનો જન્મ 2 માર્ચ, 1963ના રોજ ઓસ્ટ્રેલિયાના શહેર કેમ્પરડાઉનના રૂઢિચુસ્ત કેથોલિક ખ્રિસ્તી પરિવારમાં થયો હતો. એન્થનીએ જ્યારેથી ભાન સંભાળ્યું ત્યારથી ફક્ત માતાને જ પોતાની આસપાસ જોઈ, પિતાને નહીં.

જ્યારે તેમણે પિતા વિશે પૂછ્યું ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે તેમની માતા વિદેશ યાત્રા પર ગઈ હતી, ત્યાં તેમના પિતાને મળી, તેમની સાથે લગ્ન થયા અને જ્યારે તે ઓસ્ટ્રેલિયા પાછી ફરી ત્યારે એક કાર અકસ્માતમાં તેમના પિતાનું મૃત્યુ થયું. તે આ જ કહાની પર ભરોસો કરીને મોટા થયા.

એન્થની જ્યારે 14 વર્ષના થયા હતા, ત્યારે તેમની માતાએ એક સાંજે ડિનર બાદ સાચી હકીકત જણાવી. તેમણે કહ્યું કે ખરેખર તેમના લગ્ન થયા ન હતા. તે ઈટાલીમાં એક માણસને મળી હતી, તેની સાથે સંબંધ બન્યો અને તે પ્રેગ્નેન્ટ થઈ ગઈ.

એન્થોનીના પિતા કાર્લો ક્રુઝ શિપના મેનેજર હતા. વર્ષ 1962માં એક વિદેશ યાત્રા દરમિયાન તેમની મેરિયાને સાથે મુલાકાત થઈ. બંને વચ્ચે પ્રેમ થયો. કાર્લોની અન્ય કોઈ મહિલા સાથે સગાઈ થઈ ચૂકી હતી. તે પરિવાર અને સમાજના ડરથી જૂનો સંબંધ તોડી શક્યા નહીં.

મેરિયાને ખોટા લગ્નની એક વાર્તા બનાવી, સગાઈની વીંટી પહેરી અને 7 મહિના સુધી એશિયા અને બ્રિટનની યાત્રા પર રહ્યા પછી પાછા સિડની આવી ગયા. આ દરમિયાન તે ચાર મહિનાની ગર્ભવતી થઈ ચૂકી હતી. પુત્ર એન્થોની પર ગેરકાયદેસર હોવાનો સિક્કો ન લાગે, તેથી તેમણે આ વાત છુપાવી. આખો પરિવાર આગામી 15 વર્ષ સુધી આ જ વાર્તા પર વિશ્વાસ કરતો રહ્યો.

માતાની ભાવનાઓનું સન્માન કરતા, અલ્બનીઝે તેમના જીવતા હતા ત્યારે ક્યારેય પિતાને શોધવાનો પ્રયાસ કર્યો ન હતો. વર્ષ 2002માં તેમની માતાનું અવસાન થયું. ત્યારબાદ તેઓ તેમના પિતાને મળ્યા. ઓસ્ટ્રેલિયાના પરિવહન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મંત્રી બન્યા પછી, એન્થોની એક બેઠકમાં ભાગ લેવા ઈટાલી ગયા. અહીં પહેલીવાર તેમની તેમના પિતા સાથે તેમના વતન બેરેટામાં મુલાકાત થઈ.

ઓસ્ટ્રેલિયાના નવા વડાપ્રધાન એન્થનીએ પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત માત્ર 12 વર્ષની ઉંમરે જ કરી દીધી હતી. એન્થની અને તેમની માતા સરકારી મકાનમાં ભાડે રહેતા હતા.


# પાકિસ્તાની નેતા બોલ્યા, 'ગુજરાત, હરિયાણા અને રાજસ્થાન અમારાં છે' : 'અમે એને સાબિત કરી બતાવીશું'

- **રાજનાથ સિંહના સિંધ સંબંધિત નિવેદન પર વાંધો ઉઠાવ્યો**

ઈસ્લામાબાદ, તા.29

પાકિસ્તાનના સિંધ પ્રાંતના મંત્રી સૈયદ સરદાર અલી શાહે શુક્રવારે કહ્યું હતું કે ગુજરાત, હરિયાણા અને રાજસ્થાન અમારાં છે. અમે તેને સાબિત કરીને બતાવીશું. સિંધ એસેમ્બ્લીમાં અલી શાહે ભારતીય રક્ષામંત્રી રાજનાથ સિંહના સિંધ સંબંધિત નિવેદન પર વાંધો ઉઠાવ્યો. તેમણે કહ્યું હતું કે જો ભારત સિંધ પર ટિપ્પણી કરી શકે છે, તો તેઓ પણ ભારતનાં રાજ્યો પર દાવો કરી શકે છે.

રાજનાથ સિંહે 23 નવેમ્બરે કહ્યું હતું કે આજે સિંધની જમીન ભારતનો ભાગ ભલે ન હોય, પરંતુ સભ્યતાની દૃષ્ટિએ સિંધ હંમેશાં ભારતનો ભાગ રહેશે. જ્યાં સુધી જમીનની વાત છે... ક્યારે સરહદ બદલાઈ જાય કોણ જાણે, કાલે સિંધ ફરીથી ભારતમાં પાછું આવી જાય.



પાકિસ્તાને સોમવારે રાજનાથના નિવેદન પર વાંધો ઉઠાવતાં એને ખોટું, ઉશ્કેરણીજનક અને ખતરનાક ગણાવ્યું હતું. પાકિસ્તાને કહ્યું હતું કે આવાં નિવેદનો આંતરરાષ્ટ્રીય કાયદા અને દેશોની નિર્ધારિત સીમાઓ વિરુદ્ધ છે. પાકિસ્તાને માગ કરી કે ભારતના નેતાઓ આવાં નિવેદનોથી બચે, કારણ કે એનાથી ક્ષેત્રમાં તણાવ વધી શકે છે.

પાકિસ્તાને ભારતના આંતરિક મામલાઓ પર નિવેદનબાજી કરતાં કહ્યું હતું કે ભારતે લઘુમતીઓની સુરક્ષા કરવી જોઈએ. જમ્મુ-કાશ્મીરને લઈને પાકિસ્તાને ફરીથી કહ્યું કે આ મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવો અને કાશ્મીરી લોકોની ઈચ્છા મુજબ ઉકેલવો જોઈએ.

પાકિસ્તાનનું કહેવું છે કે તે ભારત સાથેના તમામ મુદ્દાઓને શાંતિથી ઉકેલવા માગે છે, પરંતુ સાથે જ પોતાના દેશની સુરક્ષા અને સાર્વભૌમત્વની રક્ષા માટે હંમેશાં તૈયાર છે. જેય સિંધ મુત્તહિદા મહાઝ (JSMM)ના નેતા શફી બુરફતે રાજનાથ સિંહના નિવેદનનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે. તેમણે લખ્યું કે આ નિવેદન સિંધી લોકો માટે ઐતિહાસિક, હિંમત આપનારું અને પ્રેરણાદાયક છે.

તેમના મતે આ નિવેદન સિંધની આઝાદી અને ભારત સાથે ભવિષ્યમાં મજબૂત સંબંધોની આશા જગાવે છે. તેમણે કહ્યું હતું કે સિંધુદેશ આંદોલન શરૂઆતથી જ આ વિચારને માનતું રહ્યું છે કે સિંધ અને ભારત વચ્ચે ઊંડા સાંસ્કૃતિક, ઐતિહાસિક અને ભાવનાત્મક સંબંધો છે. બુરફતે પાકિસ્તાન પર આરોપ લગાવ્યો કે તે સિંધી લોકોની ઓળખ, ભાષા અને સંસ્કૃતિને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનમાં સિંધીઓના રાજકીય અધિકારો છીનવાઈ રહ્યા છે, તેમનાં સંસાધનોનું શોષણ કરવામાં આવી રહ્યું છે અને કાર્યકરો પર અત્યાચાર કરવામાં આવી રહ્યા છે.

### તંત્રી લેખ

# ઘર લેતાં પહેલાં 5 વાત જાણો, બાકી...:આ ડોક્યુમેન્ટ વગર બિલ્ડરને પૈસા ન આપો

આ કોઈ ફિલ્મી સ્ટોરી નથી, પણ ઘણા મિડલ ક્લાસ પરિવારોની હકીકત છે. મોટાભાગે લોકો લોકેશન અને બજેટ જોઈને બિલ્ડરને ટોકન આપી દે છે, પણ પછી કાયદાકીય આંટીઘૂંટીમાં ફસાઈ જાય છે. આજે ભાસ્કર એક્સપ્લેનરમાં આપણે એવા 5 ચેકપોઈન્ટ્સ જાણીશું જે તપાસ્યા વગર તમારે બિલ્ડરને એક રૂપિયો પણ ન આપવો જોઈએ. રેરા (RERA) કાયદો આવ્યા પછી લોકો પૂછતા થયા છે કે 'બિલ્ડરનો પ્રોજેક્ટ રજિસ્ટર્ડ છે કે નહીં?'. પણ ખાલી આટલું પૂરતું નથી. તમારે રેરાની વેબસાઈટ પર જઈને પ્રોજેક્ટની સાથે 'પ્રમોટર (બિલ્ડર)નું નામ' ચેક કરવું જોઈએ. કેમ?: કારણ કે જો બિલ્ડરના જૂના પ્રોજેક્ટ્સમાં કોઈ ગોટાળા કે ધાંધિયા કર્યા હશે, અથવા પ્રોજેક્ટ સમયસર પૂરો ન કર્યો હોય, તો તે રેરાના રેકોર્ડ પરથી પકડાઈ જશે. ખાલી બિલ્ડિંગ જ નહીં, બિલ્ડરની નિયત તપાસવી પણ જરૂરી છે. ઘણા લોકો સ્ટેમ્પ ડ્યુટી બચાવવા માટે 300 ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ બાનાખત કરાવી લે છે. જો તમે પણ આવું કરો છો તો આ તમારી સૌથી મોટી ભૂલ છે. નિયમ શું છે?: કોર્ટમાં નોટરાઈઝ્ડ બાનાખતની કોઈ મજબૂત વેલ્યુ હોતી નથી, તે ખાલી 'કાગળનો વાઘ' સમાન જ છે. સ્માર્ટ ટ્રીક: હંમેશા 'રજિસ્ટર્ડ બાનાખત' કરવાનો જ આગ્રહ રાખો. સબ-રજિસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલું બાનાખત તમારી માલિકીનો મજબૂત પુરાવો છે. જો ભવિષ્યમાં બિલ્ડર ફરી જાય, તો કોર્ટ તમને રજિસ્ટર્ડ બાનાખતના આધારે ન્યાય અપાવી શકે છે. ઘણીવાર બિલ્ડર ટેક્સ બચાવવા માટે રોકડ રકમની માંગણી કરતા હોય છે. પણ સાવધાન! જોખમ: સરકારના નિયમ મુજબ ઘર ખરીદવા માટે 2 લાખથી વધુ રોકડા આપી શકાય નહીં. જો તમે મોટી રકમ રોકડમાં આપી અને કાલે બિલ્ડર સાથે કોઈ ડખો થયો, તો કોર્ટમાં સાબિત શું કરશો? એટલે આવું કરતા બચજો. ઉપાય: પેમેન્ટ હંમેશા ચેક, NEFT કે RTGS થી જ કરો. દસ્તાવેજમાં પણ ચેક નંબરનો ઉલ્લેખ હોય છે, જે તમારી પાસે સૌથી મોટી સાબિતી છે. આ સૌથી મહત્વનો મુદ્દો છે. ઘણીવાર બિલ્ડરે આખો પ્રોજેક્ટ અથવા જમીન બેંકમાં ગીરવે મૂકીને કન્સ્ટ્રક્શન લોન લીધી હોય છે. શું થઈ શકે?: જો બિલ્ડર લોનના હપ્તા ન ભરે, તો બેંક તે પ્રોજેક્ટ સીલ કરી શકે છે, ભલે તમે પૈસા આપી દીધા હોય. ઉકેલ: પેમેન્ટ કરતા પહેલા તે ફ્લેટ કે યુનિટ માટેની 'બેંક NOC' (ના વાંધા પ્રમાણપત્ર) ખાસ માંગી લેવી. આ સાબિત કરે છે કે તમારા યુનિટ પર બેંકનો કોઈ બોજ નથી. મકાન ભલે ગમે એટલું સુંદર મજાનું હોય, પણ જો તે કાયદેસરની જમીન પર ન હોય તો તે ગેરકાયદેસર જ ગણાય. NA ઓર્ડર: ખાતરી કરો કે જમીન ખેતીની નથી પણ બિન-ખેતી (Non-Agricultural) છે. 7/12 ના ઉતારા અને ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ વકીલ પાસે ચેક કરાવો. BU પરમિશન: જો બાંધકામ પૂરું થઈ ગયું હોય, તો 'બિલ્ડિંગ યુઝ' (BU) પરમિશન માંગો. BU વગરનું મકાન ગેરકાયદેસર ગણાય છે અને તેમાં ગટર-પાણીના જોડાણમાં તકલીફ પડી શકે છે.

# સનાતન વૈદિક સંસ્કૃતિને વિશ્વમાં પ્રસ્થાપિત કરવામાં ભગવત્ ગીતાની મુખ્ય ભૂમિકા છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આવતી કાલે માગશર સુદ એકાદશી છે, કે જેને મોક્ષદા એકાદશી પણ કહેવામાં આવે છે, જે દિવસને આપણે સૌ ગીતા જયંતી તરીકે ઓળખીએ છીએ. ભગવત્ ગીતા એ ભારતીય સનાતન સંસ્કૃતિની એવી ધજા છે કે, જેને પૂરું વિશ્વ સન્માન આપે છે, અને વંદન કરે છે, કારણ કે એ માનવી એ કેમ જીવવું જોઈએ એનું એકદમ સચોટ માર્ગદર્શન આપે છે. જોકે ગીતા વિશે કંઈ પણ લખી શકવાની જીવની કદાચ હેસિયત નથી. કારણ કે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી આ શ્લોકનું ગાન થયું છે, અને એનો ઉપદેશ કે આશય શું હતો! એ આપણે કદાચ એટલું પામી શકીએ નહીં. પરંતુ ચિંતક હોવાને નાતે સતત એ વિષયનું ચિંતન કરીને ભગવાન શ્રી કૃષ્ણ આપણને શું કહેવા માંગી રહ્યાં હતાં, અને આપણે તેમાંથી કેટલો બોધ ગ્રહણ કર્યો, એ વિષે સદગુરુ કૃપા મથી થોડી વાત જરૂર મૂકી શકાય, એટલે ગીતા વિશેનું માત્ર મંતવ્ય રજૂ થઈ શકે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતાં આપણા વૈદિક શાસ્ત્રો, જેમાં ચાર વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, તથા શ્રીમદ ભાગવત, દેવી પુરાણ, વિષ્ણુ પુરાણ ,શિવ પુરાણ, વગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે. આ ગ્રંથને કારણે જ હિન્દુ સંસ્કૃતિની પ્રસિદ્ધિ અન્ય દેશો સુધી પહોંચી છે, એ વાતનો નતમસ્તક થઈને સ્વીકાર કરવો પડે! અને હવે તો અન્ય દેશો એ વાત સાથે સહમત થાય છે કે એક એવી સંસ્કૃતિ કે જ્યાં ઈશ્વરને પણ જન્મ લેવાનું મન થાય. ઈશ્વર અવતાર તરીકે આવીને લીલાઓ કરે, અને આ લીલા પરથી આપણે કંઈક બોધ લેવાનો હોય, કે વિષમ પરિસ્થિતિમાં ઈશ્વર જરૂર આવશે, અથવા ઈશ્વરે જ્યારે જન્મ લીધો ત્યારે એને પણ કેટલીયે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, તો આપણાં જેવાને તો કર્મફળ ભોગવવું જ પડે. ગીતા વિષે જોઈએ તો, આજથી આશરે 7000 વર્ષ પહેલા માગશર સુદ અગિયારસને દિવસે, કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવ અને પાંડવોનાં યુદ્ધ સમયે, યુદ્ધભૂમિ પર અર્જુન સામેના પક્ષમાં પોતાના સગા વ્હાલાને જોઈને હથિયાર હેઠા મૂકી દે છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં અર્જુનને સમજાવતા હોય એ રીતે ભગવત ગીતા કહેવાઈ છે. ભાગવત ગીતાના ૧૮ અધ્યાય છે, 700 શ્લોકમાં પૂરી થતી આ ગીતા સંવાદ રૂપે છે, અને એ સમયે શ્રી કૃષ્ણને અર્જુનને સમજાવતા માત્ર 45 મિનિટ થઈ હતી, અને એ દિવસે રવિવારનો દિવસ હતો, તેમજ આશરે ઈસ. 3066ની સાલમાં આ ઘટના ઘટી હતી. દૂર બેઠેલા ધૃતરાષ્ટ્ર ને તેનો સારથિ સંજય આંખે દેખ્યા અહેવાલ તરીકે શ્રી કૃષ્ણ અર્જુનને જે સમજાવી રહ્યા છે, એ વાત કહે છે. ધુતરાષ્ટ્ર 1 શ્લોક બોલે છે, 47 શ્લોક સંજય બોલે છે, જ્યારે અર્જુન 84 શ્લોક કૃષ્ણને પ્રશ્નાર્થ તરીકે અથવા યુદ્ધ ન કરવા વિશે, જ્યારે અર્જુનને સમજાવવા શ્રીકૃષ્ણ 568 શ્લોક કહે છે, જેમાં કર્મ યોગ,જ્ઞાન યોગ, અને ભક્તિ યોગનો સમાવેશ થાય છે. આમ જુઓ તો માત્ર ત્રણ પાત્ર વચ્ચેનો સંવાદ શ્રીમદ્ ગીતામાં રહેલો છે. મને એવું લાગે છે કે અર્જુન તો પૂર્ણ શરણાગત હતો, પરંતુ આપણી જેવા જીવ રુપી અર્જુનને શ્રી કૃષ્ણ બોધ આપી રહ્યાં છે કે, જે જીવ જન્મ લઈને



પૃથ્વી પર આવે છે, તેનું મૃત્યુ એક દિવસ નિશ્ચિત છે. તેની માટે મોહ, માયા, અને મમતા વશ તું તારું લક્ષ્ય ભૂલી ગયો છે. હે અર્જુન તું આ ધર્મયુદ્ધને છોડી ન શકે, એટલે કે કૌરવો આ પૃથ્વી પર અસુર જેવો ત્રાસ ફેલાવી રહ્યાં છે, ત્યારે તેમને માફ કરીને તારા કર્તવ્યથી તું પીછેહઠ કરી શકે નહીં.જ્યારે ધર્મને કેન્દ્રમાં રાખીને જીવતા હોઈએ, ત્યારે મારું તારું ના સંબંધો તરફ દુર્લક્ષ સેવવું પડે, તારી આ લડાઈ જમીનના ટુકડા માટેની નથી. પરંતુ સત્ય અને અસત્ય વચ્ચેની છે, એમાં સત્યનો વિજય થાય એ બહુ જરૂરી છે, અને પૂરી પાંડવ સેનામાં તારી જેવો બીજો કોઈ ધનુર્ધર છે નહીં, જે કૌરવો ને હરાવી શકે. માટે હું તને કહું છું કે, તું શસ્ત્ર ઉપાડીને આ યુદ્ધ કર. અહીં સુધીની વાત કર્મ યોગના અધ્યાયમાં ભગવાને કરી છે. તેમાં કોઈ વાર અર્જુનના મોઢે સંવાદ છે, તો કોઈવાર સંજય ધુતરાષ્ટ્રને કહેતો હોય, એ રીતે સંવાદ મૂકાયો છે. પરંતુ કર્મ પ્રધાન ભૂમિકામાં નિષ્કામ રહીને જો કર્મ કરવામાં આવે, તો તેનું કર્મ ફળ જીવને ભોગવવું પડતું નથી,એ વાત મુખ્યત્વે અહીં કહેવામાં આવી છે. દરેકે દરેક જીવમાં આત્મા સ્વરૂપે હું વસું છું, અને આત્મા અમર છે. એટલે કે શરીરનું મૃત્યુ થાય છે, પણ આત્મા કાપવાથી કે બાળવાથી મરતો નથી. એ સત્ય સમજાવતાં કહે છે કે, જો કોઈપણ મોહ માયા કે મમતાથી તે આ કાર્યને નહીં કર્યું હોય, તો આ કર્મનો ભાર પણ તને નહીં લાગે. અહીં તું ફક્ત તારુ કર્મ કર, તેનાં સારા નરસાનો ભાર રાખીને જીવવાથી અથવા તો આમ કરીશું, તો મને પાપ થશે! કે પુણ્ય થશે! એવું વિચાર્યા વગર અસ્તિત્વ એ આ કર્મ માટે આપણને નિમિત માત્ર બનાવ્યા છે, એ વાત યાદ રાખી દરેક કર્મ કરીએ, તો કર્મનો ભાર રહેતો નથી, અને જશ કે અપજશના આપણે ભાગીદાર થતા નથી, એવો જ્ઞાનોપદેશ આ ભગવત ગીતામાં છુપાયેલો છે. કર્મ જ્ઞોગમાં કર્મ કરીને જીવને વિચારધારા આગળ વધારતાં ભગવાન જ્ઞાનનો ઉપદેશ આપે છે, અને કહે છે કે સંસારીનું જીવન મોટેભાગે એક ક્ષણ પણ ક્રિયા વગરનું રહેતું નથી,એવે સમયે આ હું કરું!! હું કરું!! અથવા મેં કહ્યું,કે મેં કર્યું, એવું ગાણું ગાઈએ નહીં. તો કોઈ પણ જાતના પાપ-પુણ્યના આપણે ભાગીદાર પણ થતાં નથી. અને તેથી સ્વર્ગને નર્કની જે માન્યતાઓ છે, તેનો અહીં છેદ ઊડી જતો દેખાય છે. હજી પણ શ્રીકૃષ્ણને એવું લાગે છે કે અર્જુનની મતિ આ સત્ય સમજી શકી નથી, એટલે તે અર્જુનને કહે છે કે, જ્યારે જ્યારે આવું થાય, ત્યારે તે જીવ જો મારે શરણે આવે તો, એટલે કે પૂર્ણ શરણાગતિ સ્વીકારીને મારા શરણે આવનાર તમામ ભક્તોની સમસ્યાનો નિકાલ લાવવો તે મારી ફરજમાં આવે છે, માટે હજી તને જો કોઈ સંદેહ હોય, તો મારે શરણે ચાલ્યો આવ, અને આ બધું હું તને કહી રહ્યો છું, માટે તું કરે છે, એમ સમજીને કર, જેથી તને કોઈ સાચું ખોટું! કે સારું ખરાબ એવો ભાર લાગે નહીં. પ્રકૃતિમાં વસતા દરેકે દરેક માં પોતે આત્મતત્વ રૂપે બિરાજમાન છે, અને અંતે તો આ પ્રકૃતિમાં ઘટતી દરેક ઘટના પોતાની ઈચ્છાને આધીન જ થઈ રહી છે. સાત હજાર વર્ષ પહેલાં તો કદાચ યુદ્ધના મેદાનમાં બહાર દુર્યોધન અને અન્ય કૌરવો રૂપી અનીતિ અને અસત્ય હતું, પરંતુ આજે તો એક જીવની અંદર જ દુર્યોધન અર્જુન અથવા તો કૌરવ-પાંડવના યુદ્ધ થાય છે, પરિવારો વચ્ચે યુદ્ધ થતાં હતા એ વાત જૂની થઈ. પરંતુ ક્ષણે ક્ષણે ઉપદેશ દેવા માટે શ્રીકૃષ્ણ તો આવે નહીં! ત્યારે આપણે આ ગીતાનો સહારો લઈ અને એ વાતને યાદ કરી શકીએ, અને નીતિના પથ પર ચાલવું બહુ જ જરૂરી છે. જ્યારે જ્યારે માનવને પોતે કર્તવ્યથી વિમુખ થતો હોય,અને જીવનમાં પ્રમાદનુ મહત્વ વધતું જાય, અને બુદ્ધિ ભ્રમિત થઈ જાય, માનવી સારાસારનો વિવેક ખોઈ બેસે, ત્યારે આજે પણ ભગવત ગીતા પ્રકાશ પૂરો પાડીને પ્રેરણા આપે છે, સાચા માર્ગનું દર્શન કરાવે છે. કર્તવ્ય પાલન કરતાં ન્યાયથી નેકીને માર્ગે ચાલતાં શીખવે છે, કે એમ કરતાં મરણને શરણ થવું પડે તો પણ ભલે! એ મરણ માનવંત કે કલ્યાણકારક છે ; પરંતુ સ્વધર્મ , ફરજ કે કર્તવ્યનો ત્યાગ સદા ભયંકર છે, હાનિકારક છે,અમંગલ છે. ગીતાનો આ ઉપદેશ વ્યક્તિ તથા સમષ્ટિને નવું બળ પૂરું પાડે છે.આજે પણ એ સંદેશ એટલો જ અસરકારક છે. 'સ્વધર્મે નિધનું શ્રેયઃ પરધર્મો ભયાવહ', કર્તવ્ય કરતાં કરતાં ખપી જવું કલ્યાણકારક છે, પરંતુ પરધર્મ અકલ્યાણકારક છે. કૃષ્ણં વંદે જગતગુરુ.

# અમદાવાદમાં તા. 5 થી 9 ડિસેમ્બર સુધી 'સ્વદેશોત્સવ 2025' યોજાશે





**અમદાવાદ, તા. 29**

અમદાવાદ હંમેશાંથી સ્વદેશી ચળવળનું કેન્દ્ર, આ મહોત્સવ સ્થાનિક MSME તેમજ સ્ટાર્ટઅપ ઉદ્યોગોને રાષ્ટ્રીય મંચ પૂરો પાડશે: મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ભારતને 'આત્મનિર્ભર' બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલારૂપે અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી સ્વદેશી ભારતવર્ષ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૫ થી ૯ ડિસેમ્બર સુધી ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે 'સ્વદેશોત્સવ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. જેની તૈયારીના ભાગરૂપે સંતોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખિલ ભારતીય સંત સમિતિ-ગુજરાતના અધ્યક્ષ જગતગુરૂ શ્રી દિલીપ દેવાચાર્યજી મહારાજ, ખાખી અખાડાના મહંત મહામંડલેશ્વર મોહનદાસજી મહારાજ, ચૈતન્ય શંભુ મહારાજ અને મહંત દામોદર દાસજી સહિતના સંતોએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈને આ પ્રસંગે જણાવ્યું કે સ્વદેશોત્સવનું આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના સ્વપ્નને મૂર્તિમંત કરશે અને આત્મનિર્ભર ભારતના આધારસ્તંભ સમાન છે.

તેમણે ઉમેર્યું કે અમદાવાદ હંમેશાંથી સ્વદેશી ચળવળનું કેન્દ્ર રહ્યું છે, અને આ મહોત્સવ સ્થાનિક MSME તેમજ સ્ટાર્ટઅપ ઉદ્યોગોને રાષ્ટ્રીય મંચ પૂરો પાડશે, જે શહેર માટે ગૌરવની વાત છે. આ મહોત્સવનું મુખ્ય ધ્યેય સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન, સ્થાનિક MSME અને સ્ટાર્ટઅપ ઉદ્યોગોને રાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરવા અને દેશને આત્મનિર્ભર બનાવવાની ગતિને વેગ આપવાનું છે. આજના ભૂમિપૂજન કાર્યક્રમમાં ગુજરાત પ્રાંત સંઘચાલક ડૉ. ભરતભાઈ પટેલ, સ્વદેશી જાગરણ મંચના પશ્ચિમ વિસ્તાર સંગઠક મનોહરલાલ અગ્રવાલ પણ જોડાયા હતા.

# ઈશ્વરે આપેલાં સમય, સંપત્તિ અને શક્તિનો જે સદુપયોગ કરે તે દેવ બને છે અને તેનો દુરુપયોગ કરે તે દૈત્ય બને છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો ભાગવતએ જ્ઞાનવૃક્ષ અને રાસ લીલાએ ભાગવતનું ફળ છે.રાસ માં જવું છે.પણ રાસલીલામાં જો વાસના ને લઈને જાય,તો રાસ લીલામાં પ્રવેશ મળે નહીં.પુષ્ટિ એટલે કે પ્રભુની કૃપા દૃષ્ટિ.પછી વાસના જાગે તો તે અનર્થ કરે છે પૃષ્ટિનો સદ્ઉપયોગ કરે તે દેવ અને દુરુપયોગ કરે છે તે દૈત્ય.પુષ્ટિનો ઉપયોગ મનુષ્ય બરાબર ન કરે અને જો વાસનાના વેગમાં ખેંચાઈ જાય તો તે હિનભાગી કરે છે તે પુષ્ટ થવાને બદલે દુષ્ટ બને છે પ્રહલાદદેવ ગણાયો,કારણકે તેણે પુષ્ટિનો સદુપયોગ કર્યો.હિરણ્યક શિપુ દૈત્ય ગણાયો,કારણ કે તેણે પુષ્ટિનો દુરુપયોગ કર્યો. હિરણ્યક શિપુમાં અસદવાસના છેપ્રહલાદ માં સદવાસના છે.સામાન્ય મનુષ્ય માં મિશ્ર વાસના છે પ્રભુએ બુદ્ધિ તો આપી પરંતુ બધા બુદ્ધિનો સદુપયોગ કરતા નથી. ઈશ્વરે આપેલાં સમય,સંપત્તિ અને શક્તિનો જે સદુપયોગ કરે તે દેવ બને છે અને તેનો દુરુપયોગ કરે તે દૈત્ય બને છે. ઈશ્વર પરમ દયાળુ છે.તેની વૃષ્ટિ થયા કરતી હોય છે ઈશ્વર તો જીવ ઉપર કૃપા કરે છે પણ અજ્ઞાની જીવ તેનો દુરુપયોગ કરે છે,અને પોતે દુષ્ટ બને છે.

મનુષ્ય વાસનાને પ્રભુ માર્ગે વાળે તો એ વાસના ભક્તિ બને છે. રાસલીલામાં પ્રભુને મેળવવા છે પણ વાસનાનો ક્ષય થાય તે પછી રાસ લીલામાં જીવઈશ્વરનું મિલન થાય સંયમ સદાચારોનો આશરો લે,તો રાસલીલામાં તેને સ્થાન મળે અષ્ટમ સ્કંધમાં સંતોના ચાર ધર્મો બતાવ્યા તેમ છતાં શુકમુનિને લાગ્યું કે,હજુ પરીક્ષિત રાજાના મનમાં થોડી સૂક્ષ્મવાસના રહી ગઈ છે.જોતે સૂક્ષ્મ વાસના લઈને રાસલીલામાં જશે,તો તેને રાસ લીલામાં કામ દેખાશે.મનમાં કામ હોય તેને સર્વત્ર કામ દેખાય. એક ગૃહસ્થની ૧૮ વર્ષની કન્યા વંદન કરવા આવી.તેના બાપે તેને ઊઠાવી છાતી સરસી ચાંપી. રસ્તે એક ભાઈ જતા હતા.તેમણે આ દશ્ય જોયું.તેના મનમાં કામ હતો તેને લાગ્યું કે,આ બંને દુરાચાર કરે છે.પિતાપુત્રીનું મિલન જેટલું શુદ્ધ કરે છે તેના કરતાં લાખ ગણું શુદ્ધ ગોપી-કૃષ્ણ જીવ અને ઈશ્વરનું મિલન રાસ લીલામાં છે.રાસલીલા માં કામ બિલકુલ નથી.શુકદેવજી નિષ્કામ છે. જેનાં દર્શન માત્રથી બીજામાં રહેલા કામનો નાશ થાય છે તેવા મહાત્મા આ કથા કરે છે. શ્રીકૃષ્ણ પાસે કામ જઈ શકે જ નહીં.સૂર્ય પાસે અંધકાર જઈ શકે નહીં તેમ.

કામ બુદ્ધિમાં હશે તો શ્રીકૃષ્ણનાં દર્શન થશે નહીં. બુદ્ધિમાં વાસના રૂપી વિષ હશે ત્યાં સુધી તેમાં ઈશ્વરરૂપી રસ ઠરશે નહીં.તેથી રાજાની બુદ્ધિને શુદ્ધ કરવા હવે શુકદેવજી સૂર્યવંશ અને ચંદ્રવંશ નો ઈતિહાસ કહે છે.

સૂર્ય બુદ્ધિના માલિક છે અને ચંદ્ર મનના માલિક છે. બુદ્ધિની શુદ્ધિ કરવા સૂર્યવંશમાં રામચંદ્રનું ચરિત્ર કહ્યું અને મનની શુદ્ધિ કરવા ચંદ્ર વંશમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર કહ્યું.

રામજીની મર્યાદાનું પાલન કરશો તો તમારા મનનો રાવણ મરશે. તમારા મનમાંનો કામ મરશે,તો શ્રીકૃષ્ણ પરમાત્મા આવશે.રામ પછી જ શ્રીકૃષ્ણ આવે છે.જે રાવણને-કામને મારે તે જ શ્રી કૃષ્ણ લીલાનાં દર્શન કરી શકે. રામચંદ્રજીના ચરિત્રનું



વર્ણન રામાયણમાં વિગતવાર કરેલું છે. તો પછી તેનું વર્ણન ટૂંકમાં ભાગવતમાં કરવાની કંઈ જરૂર હતી?હા,હતી.કારણ રામચંદ્રજી ની મર્યાદાનું પાલન કરે તેને જ કનૈયો મળે.કનૈયાનાં દર્શનની ભૂમિકામાં રામજી છે.આ બધી લીલાઓ માનવીના મનને શુદ્ધ કરવા માટે છે.સંતોના ચાર ધર્મો એટલે આપત્તિમાં પ્રભુ સ્મરણ, સર્વસ્વનું દાન,વચન-પાલન અને પ્રભુ-શરણું.આ જો જીવનમાં ઊતરે તો વાસનાની ઉપાસના થઈ જાય.પછી રાસ લીલામાં જવાની વેળા પ્રાપ્ત થાય તો યે હજી ભય રહે છે.હજી બુદ્ધિમાં સૂક્ષ્મ વાસના રહી જાય છે. સંતો ના ધર્મો જીવનમાં ઊતારવાથી સ્થૂલ વાસનાનો નાશ થાય છે. પણ મન બુદ્ધિમાં જે સૂક્ષ્મવાસના રહેલી તેનો નાશ થતો નથી. વાસનાના પૂર્ણ ક્ષય વગર મોહનો ક્ષય થતો નથી અને મોહના ક્ષય વગર મુક્તિ મળતી નથી.બુદ્ધિ ગત વાસના સૂર્યચંદ્રની ઉપાસના ન કરે ત્યાં લગી જતી નથી.

મનમાં બિલકુલ સૂક્ષ્મ મળ ન રહે, તો જ મન મરે.મન શ્રીકૃષ્ણમાં મળી જાય.મન મરે તો મુક્તિ મળે આત્મા તો નિત્ય મુક્ત છે.એને કોઈ બંધન નથી.જે સદા મુક્ત છે તેને બંધન શું?મનને મુક્ત કરવાનું છે.ઈન્દ્રિયગત વિકાર અને વાસના નો નાશ સંતોના ધર્મો આચરણમાં મૂકવાથી થાય છે.પણ જે વિકાર-વાસના મન-બુદ્ધિમાં સૂક્ષ્મરૂપે છે, તેનો વિનાશ જલદી થતો નથી. જેનો છેલ્લો જન્મ હોય તેનું જ મન અતિ શુદ્ધ થાય છે.મારું મન શુદ્ધ છે એવી કલ્પના કરી ચાલવા માં જોખમ છે.એથી સાધના તરફ ઉપેક્ષા જાગે છે.આપનું લક્ષ્યબિંદુ શ્રીકૃષ્ણને મળવાનુંછે,ઈશ્વર સાથે એક થવાનુંછે.ભગવાન સાથે એક થવામાટે એક ભગવાનની કથા છે કથા સાંભળવીએ પુણ્યછે બીજાં કર્મોનું ફળ કાળાંતરે છે.ભાગવત ની કથા સાંભળવાનું ફળ તરત મળે છે.એ ફળ છે સંસારના વિષયનું વિસ્મરણ અને ઈશ્વર સાથે તન્મયતા.કથા-કીર્તનમાં તન્મયતા અનાયાસે થાય છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે એક મહાત્મા અને ધોબી!!ની દૃષ્ટાંતરૂપ વાત જોઈએ તો જોઈએ તો નદી કિનારે એક મોટા ખડક પર એક મહાત્માબેઠા હતા.એક ધોબી ત્યાં આવ્યો અને કિનારે એકમાત્ર ખડક હતો જ્યાં તે દરરોજ કપડાં ધોતો હતો. જ્યારે તેણે મહાત્માને ખડક પર બેઠેલા જોયા,ત્યારે તેણે વિચાર્યું, 'તે જલ્દી ઉઠશે.હું થોડી રાહ જોઈશ અને પછી મારું કામ પૂરું કરીશ.'એક કલાક વીતી ગયો,બે કલાક વીતી ગયા,અને મહાત્મા હજુ પણ ઉઠ્યા ન હતા તો ધોબી એ હાથ જોડીને નમ્રતાપૂર્વક વિનંતી કરી,'મહાત્મા આ મારી કપડાં ધોવાની જગ્યાછે જો તમે બીજે ક્યાંક બેસો,તો હું મારું કામ પૂરું કરી શકું છું. 'મહાત્મા ઉભા થયા અને થોડે દૂર બેસી ગયા. ધોબી કપડાં ધોવા લાગ્યો. જેમ જેમ તે ઉછાળતો અને ફેરવતો ગયો,તેમ તેમ કપડાના કેટલાક છાંટા મહાત્મા પર પડ્યા. મહાત્મા ગુસ્સે થયા અને ધોબીને ગાળો આપવા લાગ્યા.જ્યારે તેનાથી તેને શાંતિ ન મળી,ત્યારે તેણે નજીકમાં જ ધોબીની લાકડી ઉપાડી અને તેને મારવાનું શરૂ કર્યું બહારથી એક સાપ નરમ દેખાય છે, પરંતુ તેનું સાચું સ્વરૂપ ત્યારે જ દેખાય છે જ્યારે તેની પૂંછડી કચડી નાખવામાં આવે છે. મહાત્માનો ગુસ્સો જોઈને,ધોબીને લાગ્યું કે તેણે ગુનો કર્યો છે.તેથી, તેણે હાથ જોડીને માફી માંગવા લાગ્યો. મહાત્માએ કહ્યું, 'તું દુષ્ટ માણસ,તારી પાસે બિલ કુલ શિષ્ટાચાર નથી!તને નથી દેખાતું કે તું મારા પર ગંદુ પાણી છાંટી રહ્યો છે?'ધોબીએ જવાબ આપ્યો, 'મહારાજ, કૃપા કરીને શાંત થાઓ.હું,એક મૂર્ખ, ભૂલ કરી.લોકોના ગંદા કપડાં ધોતી વખતે મેં મારી એકાગ્રતા ગુમાવી દીધી.કૃપા કરીને મને માફ કરો.' ધોબીનું કામ પૂર્ણ થયું,તેણે સ્વચ્છ કપડાં ભેગા કર્યા, અને ફરીથી મહાત્માની માફી માંગીને પાછો ફર્યો. મહાત્માએ જોયું કે પથ્થરમાંથી વહેતું ગંદુ પાણી માટીના સંપર્કમાં આવ્યા પછી સ્વચ્છ અને શુદ્ધ થઈ રહ્યું હતું અને નદીના શુદ્ધ પ્રવાહમાં પાછું બાષ્પીભવન થઈ રહ્યું હતું. જોકે, મહાત્માના પોતાના સફેદ કપડાં તીવ્ર,ભેજવાળી અને ભીની દુર્ગંધથી દૂષિત થઈ ગયા હતા. ક્યો ધોબી,ક્યો મહાત્મા? વાસ્તવમાં,ધોબી સાચો મહાત્મા હતો; તેણે સંયમ અને સંયમથી લોકોના ડાઘ દૂર કર્યા.મહાત્માને પોતાની ભૂલનો અહેસાસ થયો અને પછીથી પોતાના ક્રોધ પર કાબુ મેળવ્યો અને એક મહાન મહાત્મા બન્યા.વાચક ચાહક મિત્રો જેમ આપણે ઉકળતા પાણીમાં આપણું પ્રતિબિંબ જોઈ શકતા નથી,તેવી જ રીતે ગુસ્સા ની સ્થિતિમાં આપણે સમજી શકતા નથી કે આપણા માટે શું સારું છે. ભગવદ્ ગીતા જ્ઞાનરૂપી ઝરણામાં આપણે શુદ્ધ થવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# મહેસુલ રાજ્ય મંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ રૂ.૧૩.૨૫ કરોડના રોડ રસ્તાના રીસરફેસિંગ કામનો પ્રારંભ કરાવ્યો





**અમદાવાદ, તા. 29**

મહેસુલ, પંચાયત અને આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ આજરોજ મહુધા વિધાનસભામાં રૂ. ૧૩.૨૫ કરોડના રોડ રીસરફીએસિંગ કામનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યમંત્રીશ્રીએ રોડ મજબુરીકરણ કામગીરીનો પ્રારંભ કરવાના પ્રસંગે જણાવ્યું હતું કે,' રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં રોડ રસ્તા વિકાસની નોંધનીય કામગીરી થઈ રહી છે ત્યારે આ વિસ્તારમાં પણ ઝડપથી માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા રોડની કામગીરી મંજૂરી થતા રાજ્ય સરકારનો આભાર માનીએ છીએ. મહુધા વિધાનસભા સહિત ખેડા જિલ્લા અને સમગ્ર રાજ્યમાં વિકાસના અવિરત કામો થઈ રહ્યા છે ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહનો પણ આ તકે આપણે આભાર માનીએ છીએ. સમગ્ર જિલ્લામાં પણ ટૂંક સમયમાં જ રોડ રસ્તાઓના કામ સંપૂર્ણ થવા જશે આ માટે આપણે રોડ રસ્તાઓના કામને પ્રાધાન્ય આપવા માટે પ્રજાવતી મુખ્યમંત્રીશ્રીનો ખાસ આભાર માનું છું. તેમણે જણાવ્યું હતું કે આજે રૂપિયા ૧૩.૨૫ કરોડના રોડ રીસરફેસિંગની કામગીરી શરૂ થઈ રહી છે. રૂપિયા ૪.૨૪ કરોડના ખર્ચે સાંપલા થી બિલોદરા ૬ કિ.મી રોડનો તેમજ રૂ. ૯ કરોડના ખર્ચે ૧૦.૦૮ કિ.મી ના ગોઠાજ થી મૂળજ સુધીના રોડ મજબૂતીકરણની કામગીરીનો પ્રારંભ તથા આજુબાજુના ગામોને વાહન વ્યવહાર તેમજ અવનજવનની સરળતા પડી રહેશે. મહુધા વિધાનસભાના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારના સહકાર અને આપ સૌના આશીર્વાદથી વિકાસયાત્રા સતત આગળ વધતી રહેશે એમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતુ. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ બુથ પ્રમુખ હિતેશભાઈ ભોજાણીના વરદ હસ્તે સાંપલા થી બિલોદરા રોડના રિસરફેરસિંગની પ્રારંભ વિધિ કરાવી હતી. ખેડા માર્ગ અને મકાનના સ્ટેટના ડીઈઈશ્રી વિવેકભાઈ જામે આભાર વિધિમાં જણાવ્યું હતું કે," રાજ્યમંત્રીશ્રીએ વિધાનસભામાં ચૂંટાયા બાદ તરત રોડ રસ્તાની વિગતો જાણીને આયોજનપૂર્વક તરત જ સરકારમાં આ રોડ રસ્તાઓની કામગીરી મંજૂર કરાવી છે અને રસ્તાના મજબૂતી કરણની અમે બાહેધરી આપીએ છીએ. ઉલ્લેખનીય છે કે રૂપિયા ૪.૨૪ કરોડના ખર્ચે સાંપલા થી બિલોદરા ૬ કિ.મી રોડના રીસરફેસ- મજબૂતીકરણ કામનો પ્રારંભ થતાં આસપાસના સિંહુજ, મૂળજ, બગડું, ખૂંટજ, હજાતિયા, બિલોદરા અને સાંપલા ગ્રામવાસીઓને વાહન વ્યવહાર તેમજ અવરજવર માટે સરળતા પડશે. જ્યારે રૂપિયા ૯ કરોડના ખર્ચે રૂ. ૯ કરોડના ખર્ચે ૧૦.૦૮ કિ.મી ના ગોઠાજ થી મૂળજ સુધીના રોડ મજબૂતીકરણની કામગીરીના પ્રારંભથી મૂળજ, સાંપલા, બગડું, ખૂંટજ, દવાપૂરા, અરેરા, અંધજ, ખાંભલી સમસપુર અને ગોઠાજના ગામ લોકોને આનો લાભો મળશે. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રતિનિધિ મુકેશભાઈ દરબાર, ,એ.પી.એમ.સી ચેરમેન શ્રી નિલેશભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રી રૂપેશભાઈ રાઠોડ, ખરીદ-વેચાણ સંઘના ચેરમેન શ્રી સંજયભાઈ પટેલ,પૂર્વ પ્રમુખ શ્રી રમેશભાઈ સોઢા,સાપલા ગામના સરપંચ શ્રી ગૌતમસિંહ ચૌહાણ, તેમજ જિલ્લા અગ્રણી સર્વશ્રી સ્મિતભાઈ પટેલ, સામંતસિંહ સોઢા, અલ્પેશભાઈ વાઘેલા, દીપકભાઈ મિસ્ત્રી અને સંબંધીત ગામોના સરપંચો તમામશ્રીઓ તેમજ ખેડા જિલ્લા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગના ડીઈઇ શ્રી વિવેકભાઈ જામ અને કાપાઈશ્રી કે.એસ. બાગુલ તેમજ સાંબલા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ભુપેન્દ્રભાઈ પરમાર અને કર્મયોગીઓ, ગ્રામજનો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# ગીતા જયંતી નિમિત્તે શ્રી સંતરામ મંદિર ખાતે શ્રી સંતરામ ગીતા જ્ઞાન સંસ્કાર - ૨૦૨૫ દ્વિ-દિવસીય કાર્યક્રમનો થયો શુભારંભ

**અમદાવાદ, તા. 29**



યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતિની નિશ્રામાં પ.પૂ. મહંતશ્રી રામદાસજી મહારાજની આજ્ઞાથી ગીતા જયંતિના પાવન અવસર પર નડિયાદ સ્થિત સુપ્રસિદ્ધ શ્રી સંતરામ મંદિરખાતે&★39;શ્રી સંતરામ ગીતા જ્ઞાન સંસ્કાર પર્વ-૨૦૨૫&★39; અંતર્ગત જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ અને વ્યાખ્યાનનો શુભારંભ આજથી થયો. ગુજરાતમાં સૌપ્રથમ વાર શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકને કેન્દ્રમાં રાખી ખેડા - આણંદ જિલ્લાની 10 જેટલી સંસ્કૃત મહાવિદ્યાલયોના ૬૦ જેટલા ઋષિકુમારોએ અંતાક્ષરીની રમઝટ બોલાવી હતી. જેમાં વિદ્યાર્થી કેન્દ્રીત વિષયોને ન્યાય આપવામાં આવ્યો હતો. શ્લોક, અંતાક્ષરી, સ્પર્ધા અને પ્રવચન યોજાયા હતા. જેમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન યોગ ઉપર ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને ખેડા - આણંદ જિલ્લાની ધર્મ પ્રેમી જનતાને સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન નડિયાદ બ્રહ્મર્ષિ સંસ્કાર ધામના ડો. અમૃતલાલ ભોગાયતા, ઋષિ કુમારો અનેપ્રાધ્યાપકો કરી રહ્યા છે. શ્રી ગીતા જ્ઞાન પ્રચાર સંતરામ ભક્ત વૃંદના ડો. અલ્પેશ શાહે ઉપસ્થિત રહી કરાવી હતી. દ્વિ - દિવસીય કાર્યક્રમનોશુભારંભ શ્રી સંતરામ મંદિર નડિયાદના સંત પૂ. નિર્ગુણદાસજી મહારાજ દ્વારા થયો હતો. જ્યારે આવતીકાલે શિક્ષકો માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી કરવામાં આવ્યું છે. આ પર્વ અંતર્ગત વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે, છેલ્લા ૫ વર્ષથી વિવિધ શાળાઓ દ્વારા સ્વૈચ્છિક રીતે ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ગીતાજીના સંસ્કારો વિદ્યાર્થીઓમાં દ્રઢ થાય તે હેતુથી યોજાતી આ સ્પર્ધાના શાળા કક્ષાના વિજેતા વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ દરમિયાન પ્રતિકાત્મક રૂપે પ્રોત્સાહન ઈનામ આપીને સન્માનિત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે જે સ્પર્ધકો કે શાળાઓ કોઈ કારણસર અગાઉ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શક્યા નથી તેમના માટે સંસ્થા દ્વારા સ્પર્ધાના દિવસે સ્થળ પર જ (On the Spot) રજીસ્ટ્રેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ગીતાજીના જ્ઞાન પ્રસારના આ કાર્યમાં કોઈ પણ ઈચ્છુક સ્પર્ધક ભાગ લીધા વગર રહી ન જાય તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેઓ રજીસ્ટ્રેશન બાકી હોય તેઓએ સમયસર સ્થળ પર પહોંચી રજીસ્ટ્રેશન કરાવી લેવું. વિજેતાઓને પ.પૂ. મહારાજશ્રીના તેમજ વિવિધ શાખા મંદિરના મહંતોની ઉપસ્થિતિમાં તેમના હસ્તે પ્રોત્સાહન ઈનામ અને ભાગ લેનાર શાળાઓને ભેટ આપવામાં આવશે. ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ છે.

# પ્રાકૃતિક ખેતી અભિયાન-૨૦૨૫ ઓછા ખર્ચની કુદરતી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી

**નડિયાદ, તા. 29**

પ્રાકૃતિક ખેતી પદ્ધતિ ખેડૂતોને આર્થિક સ્વાવલંબન તરફ દોરી જાય છે અને પર્યાવરણની જાળવણીમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનિક ખેતી (સેન્દ્રીય ખેતી) બન્ને રસાયણ મુક્ત ખેતી પદ્ધતિઓ છે, જે કુદરતી સંસાધનોના જતન પર ભાર મૂકે છે. આ બંને પદ્ધતિઓ પર્યાવરણની જાળવણી અને ટકાઉ ખેતીના સિદ્ધાંતો પર આધારિત છે, પરંતુ તેમની કાર્યપદ્ધતિ અને અભિગમમાં નોંધપાત્ર તફાવતો છે. પ્રાકૃતિક ખેતી ઓછા ખર્ચની કુદરતી ખેતી છે. આ પદ્ધતિમાં બહારના કોઈ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવતો નથી. ખેડૂતો પોતાના ખેતરમાંથી જ બિયારણ મેળવે છે અને ગાયના ગોબર-મૂત્ર, જીવામૃત, અને બીજામૃત જેવા કુદરતી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિ ખેડૂતોને આર્થિક રીતે સ્વાવલંબી બનાવે છે અને ખેતીની પરંપરાગત પદ્ધતિઓને જીવંત રાખે છે. સૌ પ્રથમ તો પ્રાકૃતિક ખેતીની મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે જમીનને ખેડવામાં આવતી નથી. આનાથી જમીનમાં રહેલા સૂક્ષ્મજીવાણુઓની સંખ્યા કુદરતી રીતે વધે છે અને જમીનનું જૈવિક માળખું જળવાઈ રહે છે. અંહિ સંપુર્ણપણે અળસીયાઓની જમીન છેદનની કુદરતી પ્રક્રિયા પર નિર્ભરતા રાખવામાં આવે છે. અળસીયાઓની જમીન છેદનની પ્રવૃત્તિને કારણે જમીન પોચી અને ભરભરી બને છે, જે ભેજ સંગ્રહ શક્તિ વધારે છે. આ ઉપરાંત, જમીનમાં કાર્બનનું પ્રમાણ વધે છે અને પાણીનો બગાડ ઘટે છે. વધુમાં પ્રાકૃતિક ખેતીમાં સીધુ જ માનવબળની મદદથી બાહ્ય નિંદામણ કરવામાં આવતુ નથી. અંહિ જે-તે પાક અથવા વૃક્ષોના પાંદડાઓથી જમીનને ઢાંકવામાં આવે છે. આ પ્રક્રિયાને મલ્ચીંગ પણ કહે છે. પાકના અવશેષોને જમીન પર પાથરવાની પ્રક્રિયા ઘણા ફાયદા ધરાવે છે. તે નિંદણ નિયંત્રણમાં મદદ કરે છે, ભેજ જળવાઈ રહે છે, અને જમીનનું ધોવાણ અટકે છે. આ આવરણ સૂક્ષ્મજીવોની વૃદ્ધિ માટે અનુકૂળ વાતાવરણ પણ બનાવે છે અને જમીનનું તાપમાન નિયંત્રિત રાખે છે. બીજી તરફ, ઓર્ગેનિક ખેતીમાં બાહ્ય સ્રોતમાંથી છાણિયું ખાતર, વર્મીકમ્પોસ્ટ જેવા ઓર્ગેનિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવે છે.

# 2025ની મતદાર યાદીમાં રહેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ



**અમદાવાદ, તા. 29**

## ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં 91.41% ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office) ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીશ્રી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે.

2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

આ કામગીરીમાં 91.41 % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

ડિજીટાઈઝેશનમાં ટોપ-10 જિલ્લાઓની યાદી:

| ક્રમ | જિલ્લો | ટકાવારી |
|---|---|---|
| 1 | ડાંગ | 91.41 |
| 2 | બનાસકાંઠા | 86.59 |
| 3 | સાબરકાંઠા | 86.25 |
| 4 | ગીરસોમનાથ | 85.82 |
| 5 | પંચમહાલ | 84.31 |
| 6 | મહીસાગર | 84.21 |
| 7 | પાટણ | 83.73 |
| 8 | જૂનાગઢ | 83.34 |
| 9 | છોટા ઉદેપુર | 82.88 |
| 10 | મોરબી | 82.77 |

ગણતરી દરમિયાન રાજ્યભરમાં 14.16 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 2.88 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 18 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત 2.26 લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ, “પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય. મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOની અસરકારક કામગીરીને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ, “પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય.

# દેવગઢ બારિયા તાલુકામા બચુભાઈ ખાબડના વરદ હસ્તે ૧૭ કરોડના રસ્તાનું ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો

**દેવગઢ બારીઆ (અજયભાઈ અગ્રવાલ દ્વારા), તા. 29**

દેવગઢ બારીઆ પૂર્વ પંચાયત અને કૃષિ મંત્રી અને ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ ના અધ્યક્ષ સ્થાને દેવગઢ બારિયા તાલુકા ના પીપલોદ ગુણા તોયણી રોડ,વાડોદર એપ્રોચ રોડ, અસાયડી વાડોદર રોડ,ભથવાડા વાદી ફળિયા રોડ,રેબારી તળાવ ફળિયા રોડ,મોટીઝરી પટેલ ફળિયા રોડ,કાલીયાગોટા મુખ્ય રોડ સહિત ના અનેક રસ્તાઓનું ભૂમીપૂજન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ પંચાયત અને કૃષિ મંત્રી અને ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ એ જણાવ્યું હતું કે, જિલ્લામાં ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે વિકાસ કામો શરૂ કર્યા છે. નાગરિકોને પૂરતી સુવિધા મળી રહે તે માટે આયોજનબદ્ધ વિકાસની દિશામાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની આગેવાની માં અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માં ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબો ને પાયાની સુવિધાઓ પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય, આવાસો અને સ્વચ્છતા જેવી અનેક આંતર માળખાકીય સવલતો ગુજરાતના શહેરો અને ગામડા સુધી પહોંચાડવાની વિશેષ કાળજી લેવાઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસ માટે રાજ્ય સરકાર કાર્યરત છે. ગુજરાત માં ડબલ એન્જિન ની સરકાર મા નાગરિકો ને લાભ મળી રહ્યો છે. રાજ્ય અને કેન્દ્રની યોજના ઓ ના લાભો મળી રહ્યા છે.વધુ માં ધારાસભ્ય શ્રી એ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબ, વંચિત, પીડિતો ના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ માં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના વિકાસ છેક છેવાડાના ગામો અને લોકો સુધી વિસ્તર્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ગુજરાત દેશમાં વિકાસનું રોલ મોડલ બન્યું છે તેના મૂળમાં વડાપ્રધાનશ્રીએ નાંખેલો મજબુત પાયો છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય શ્રી ઓ ,તાલુકા પંચાયતના સભ્ય શ્રીઓ,સરપંચશ્રીઓ સહિત અધિકારી શ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ જિલ્લા મહિલા કચેરી દ્વારા જેકડામાં કાનૂની જાગૃતિ અને કીટ વિતરણ

# બાવળાના જેકડા ગામે ઘરેલુ હિંસા અધિનિયમ, 2005 પર કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો

**ગાંધીનગર, તા.29**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલા સુરક્ષા અને સશક્તિકરણને કેન્દ્રમાં રાખીને મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે, તાજેતરમાં બાવળા તાલુકાના જેકડા ગામે સ્થાનિક મહિલાઓ માટે ઘરેલુ હિંસા અધિનિયમ, 2005 પર એક મહત્ત્વપૂર્ણ કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય સ્તરની મહિલાઓમાં કાનૂની જાગૃતિ ફેલાવીને તેમને પોતાના હકો અંગે સજાગ અને સશક્ત બનાવવાનો હતો.

સેમિનારમાં બાવળા તાલુકા કાનૂની સેવા સત્તા મંડળના પેનલ એડવોકેટ્સ દ્વારા મહિલાઓને ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમણે ઘરેલુ હિંસાના વિવિધ સ્વરૂપો જેમ કે, શારીરિક, માનસિક, આર્થિક હિંસા તેમજ વણજોઈતી રોકટોક જેવી હિંસાઓની ઓળખ કેવી રીતે કરવી તેની સમજણ આપી હતી. ઉપરાંત, ઘરેલુ હિંસા અધિનિયમ, 2005 હેઠળ મહિલાઓ માટે ઉપલબ્ધ મહત્વની કાનૂની જોગવાઈઓ, જેમાં સુરક્ષા આદેશ, નિવાસ આદેશ, મેન્ટેનન્સ (વળતર), કાઉન્સેલિંગ સુવિધા, તાત્કાલિક સહાય, અને કોર્ટ દ્વારા મળતી અન્ય રાહતો વિશે સરળ અને પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મહિલાઓને તાત્કાલિક સહાય માટે ઉપલબ્ધ મહત્ત્વની સેવાઓ વિશે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આમાં 181 મહિલા હેલ્પલાઈન, મહિલા પોલીસ સ્ટેશન, આશ્રય ગૃહ, અને કાઉન્સેલિંગ સેન્ટરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા, અરજી કેવી રીતે કરવી, જરૂરી દસ્તાવેજોની યાદી, અને કાનૂની સહાય મેળવવા માટે ક્યાં સંપર્ક કરવો તેની સંપૂર્ણ જાણકારી પૂરી પાડવામાં આવી હતી. સેમિનારમાં ઉપસ્થિત જેકડા ગામના સરપંચ, શાળાના આચાર્ય તેમજ ગામના સ્થાનિક આગેવાનોએ પણ આ પહેલમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

આ જાગૃતિ કાર્યક્રમમાં સ્થાનિક મહિલાઓએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને પોતાના પ્રશ્નો દ્વારા ઘરેલુ હિંસાથી જોડાયેલી અનેક શંકાઓનું નિવારણ મેળવ્યું હતું. સંકલ્પ: હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન યોજનાની ટીમે મહિલાઓને નિર્ભય બનીને પોતાના હકો માટે અવાજ ઉઠાવવા તથા હિંસા સામે શૂન્ય સહનશીલતા અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા. સેમિનારના અંતે, સહભાગી થયેલી તમામ મહિલાઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું કે, આ અભિયાન અંતર્ગત મહિલા સુરક્ષા અને સશક્તિકરણની પ્રક્રિયાને ગામ સ્તરેથી મજબૂત બનાવવા માટે વિવિધ ગામોમાં આવા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન ચાલુ રહેશે. મહિલાઓના હિતોની રક્ષા અને તેમની સુરક્ષા માટે જાગૃતિ એ અનિવાર્ય છે, અને આવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજને હિંસા મુક્ત બનાવવા દિશામાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહે છે.





# રોહિત શર્મા અને વિરાટ કોહલીના ભવિષ્ય અંગે મોટો નિર્ણય લેશે BCCI! અમદાવાદમાં બેઠકની તૈયારી

### બંને ખેલાડીઓથી BCCIને શું અપેક્ષા છે તેની પણ જાણ બંને ખેલાડીઓને કરવામાં આવશે. આ બેઠકમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની વર્લ્ડકપમાં ભૂમિકા અને ટીમની વ્યૂહનીતિ વિશે પણ ચર્ચા કરવામાં આવશે

**મુંબઈ, તા. 29**

સાઉથ આફ્રિકા સામે ભારતીય ક્રિકેટ ટીમનો ઘરઆંગણે જ ટેસ્ટ સીરિઝમાં પરાજય થયો છે. જે બાદ હવે વનડે સીરિઝ શરૂ થવાની છે જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ રમતા જોવા મળશે. આ બંને ખેલાડીઓને લઈને હજુ પણ તેમના ચાહકો અસમંજસમાં છે કે વર્ષ 2027માં વનડે વર્લ્ડકપ સુધી આ ખેલાડીઓ રમશે કે નહીં? જોકે હવે આ મામલે BCCI મોટો નિર્ણય લે તેવી શક્યતા છે. સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝ બાદ હેડ કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત અગરકર રોહિત શર્મા અને વિરાટ કોહલી સાથે બેઠક કરે તેવી શક્યતા છે. મીડિયા અહેવાલ અનુસાર સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝ બાદ અમદાવાદમાં BCCI બેઠક કરશે. જેમાં 2027 વનડે વર્લ્ડકપને લઈને ચર્ચા કરવામાં આવશે. બંને ખેલાડીઓથી BCCIને શું અપેક્ષા છે તેની પણ જાણ બંને ખેલાડીઓને કરવામાં આવશે. આ બેઠકમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની વર્લ્ડકપમાં ભૂમિકા અને ટીમની વ્યૂહનીતિ વિશે પણ ચર્ચા કરવામાં આવશે. નોંધનીય છે કે છેલ્લે ઑસ્ટ્રેલિયા સામેની વનડે સીરિઝમાં રોહિત શર્માએ સદી ફટકારી હતી જ્યારે વિરાટ કોહલીએ પણ 74 રન ફટકાર્યા હતા. રોહિત શર્માએ તો પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ પણ જીત્યો હતો. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટી20 તથા ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. એવામાં BCCI દ્વારા તેમના ફિટનેસ અંગે પણ તેમને સવાલ કરાઈ શકે છે. જોકે હવે આ મામલે BCCI મોટો નિર્ણય લે તેવી શક્યતા છે. સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝ બાદ હેડ કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત અગરકર રોહિત શર્મા અને વિરાટ કોહલી સાથે બેઠક કરે તેવી શક્યતા છે. મીડિયા અહેવાલ અનુસાર સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝ બાદ અમદાવાદમાં BCCI બેઠક કરશે. જેમાં 2027 વનડે વર્લ્ડકપને લઈને ચર્ચા કરવામાં આવશે. બંને ખેલાડીઓથી BCCIને શું અપેક્ષા છે તેની પણ જાણ બંને ખેલાડીઓને કરવામાં આવશે. આ બેઠકમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની વર્લ્ડકપમાં ભૂમિકા અને ટીમની વ્યૂહનીતિ વિશે પણ ચર્ચા કરવામાં આવશે. મીડિયા અહેવાલ અનુસાર સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝ બાદ અમદાવાદમાં BCCI બેઠક કરશે. જેમાં 2027 વનડે વર્લ્ડકપને લઈને ચર્ચા કરવામાં આવશે. બંને ખેલાડીઓથી BCCIને શું અપેક્ષા છે તેની પણ જાણ બંને ખેલાડીઓને કરવામાં આવશે. આ બેઠકમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની વર્લ્ડકપમાં ભૂમિકા અને ટીમની વ્યૂહનીતિ વિશે પણ ચર્ચા કરવામાં આવશે. નોંધનીય છે કે છેલ્લે ઑસ્ટ્રેલિયા સામેની વનડે સીરિઝમાં રોહિત શર્માએ સદી ફટકારી હતી જ્યારે વિરાટ કોહલીએ પણ 74 રન ફટકાર્યા હતા. રોહિત શર્માએ તો પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ પણ જીત્યો હતો. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટી20 તથા ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. એવામાં BCCI દ્વારા તેમના ફિટનેસ અંગે પણ તેમને સવાલ કરાઈ શકે છે.

## માંજરેકર બોલ્યા- ભારતીય બેટર્સ NRI બની રહ્યા છે : ઘરેલું પિચ પર રમવાનો અનુભવ ઓછો

**દિલ્હી, તા. 29**

પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે ભારતીય બેટર્સની ઘરેલું પિચ પર નબળી તૈયારી અને વિદેશી પ્રવાસોમાં વધુ રમવાની આદત પર કટાક્ષ કર્યો છે. તેમણે શુક્રવારે કહ્યું કે ભારતીય બેટર્સ NRI બનતા જઈ રહ્યા છે. માંજરેકરે ટીમ ઈન્ડિયાની ખરાબ બેટિંગ પર કહ્યું- 'ફૂટવર્ક, ડિફેન્સ અને સ્ટ્રાઈક રોટેશન જેવી સ્કિલ્સ સુધારવી જરૂરી છે. આગામી ટેસ્ટ સિરીઝ પહેલા ઘરેલું મેચો પર ધ્યાન આપવું ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.' સાઉથ આફ્રિકા સામે ભારતીય બેટિંગ નિષ્ફળ રહી છે. ટીમ બે ટેસ્ટ મેચમાં એક જ વાર 200નો આંકડો પાર કરી શકી છે. એટલું જ નહીં, ટીમમાંથી માત્ર બે બેટ્સમેન ફિફ્ટી લગાવી શક્યા છે. ખરાબ બેટિંગના કારણે સાઉથ આફ્રિકાએ ટીમ ઈન્ડિયાને 25 વર્ષ પછી ભારતીય ધરતી પર ક્લીન સ્વીપ કરી દીધું.

## મોર્કલ બોલ્યા, 'રોહિત-કોહલી 2027નો વર્લ્ડ કપ રમી શકે છે'

■ **જો ફિટ રહે અને રમવા માગે તો કોઈ મુશ્કેલ નથી, બંને ઘણી ટ્રોફી જીતી ચૂક્યા છે**

**દિલ્હી, તા. 29**

ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ મોર્ને મોર્કલનું માનવું છે કે પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી 2027માં યોજાનાર વનડે વર્લ્ડ કપમાં રમી શકે છે. શરત એ છે કે, તેઓ માનસિક અને શારીરિક રીતે ફિટ રહે અને માનસિક રીતે અનુભવે કે તેમનું શરીર આવું કરી શકે છે. તો મુશ્કેલ નથી. ભારતીય કોચને રોહિત-કોહલીના ભવિષ્યને



લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો. હકીકતમાં, રોહિત અને કોહલી હવે માત્ર વનડે ક્રિકેટ જ રમી રહ્યા છે. બંનેએ ટી-20 અને ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. ત્યારથી રોહિત-કોહલીના ભવિષ્ય પર સવાલો ઉઠી રહ્યા છે. શુક્રવારે રાંચીમાં પ્રેક્ટિસ સેશન પછી મોર્કલને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઈચ્છે છે કે રોહિત અને કોહલી વનડે વર્લ્ડ કપમાં રમે? આના પર મોર્કલે કહ્યું-રોહિત-કોહલી 9 મહિના પછી ઘરઆંગણે રમશે રોહિત શર્મા અને વિરાટ કોહલી 9 મહિના પછી ઘરઆંગણે એકસાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમશે. બંનેએ છેલ્લીવાર ઈંગ્લેન્ડ સામે 12 ફેબ્રુઆરી 2025ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમ્યા હતા. મોર્કલે કહ્યું- અમારી પાસે પોતાને રીસેટ કરવાની તક છે મોર્કલે પ્રેક્ટિસ સેશન પહેલા કહ્યું, છેલ્લા બે અઠવાડિયા નિરાશાજનક રહ્યા, પરંતુ હવે અમારી પાસે કેટલાક દિવસ પોતાને રીસેટ કરવા માટે છે. હવે આપણે આપણી પૂરી એનર્જી વનડે ક્રિકેટ પર લગાવવાની છે.

## ઘરેલુ ક્રિકેટ રમો, નહીંતર આ રીતે જ હારતા રહેશો...', ટીમ ઈન્ડિયા પર ભડક્યા કપિલ દેવ

### દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સીરિઝમાં મળેલી હારથી ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન કપિલ દેવ ખૂબ જ નારાજ છે. કપિલ દેવ વર્તમાન ભારતીય ટેસ્ટ ટીમ પર ખૂબ વરસ્યા છે

**દિલ્હી, તા. 29**

દક્ષિણ આફ્રિકા સામે ભારતીય ટીમને ઘરઆંગણે બે મેચની ટેસ્ટ સીરિઝમાં 0-2થી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. છેલ્લા 12 મહિનામાં ભારતની ઘરઆંગણે બીજી ટેસ્ટ સીરિઝ હતી. બંને વાર ભારતીય ટીમના ટેસ્ટ સીરિઝમાં સૂપડા સાફ થઈ ગયા છે. તેને ટીમ ઈન્ડિયાના ટેસ્ટ ઈતિહાસનો સૌથી નબળો સમય કહેવામાં આવી રહ્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સીરિઝમાં મળેલી હારથી ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન કપિલ દેવ ખૂબ જ નારાજ છે. કપિલ દેવ



વર્તમાન ભારતીય ટેસ્ટ ટીમ પર ખૂબ વરસ્યા છે. ટેસ્ટ સીરિઝમાં ભારતીય બેટ્સમેન દક્ષિણ આફ્રિકાના સંતુલિત બોલિંગ આક્રમણ સામે સંપૂર્ણપણે ફેલ રહ્યા. ઓફ-સ્પિનર સાઈમન હાર્મરની બોલિંગ નો ભારતીય બેટ્સમેનો પાસે કોઈ તોડ નહોતો અને તે પ્લેયર ઓફ ધ સીરિઝ પણ બન્યો. આ સીરિઝમાં સ્પિન સામે ભારતીય બેટ્સમેનોની નબળાઈ ઉજાગર થઈ, જેના કારણે કપિલ દેવે ટીમની તૈયારી પર સવાલ ઉઠાવ્યા છે.

## એક્ટ્રેસ રાશિ ખન્નાએ કહ્યું-આ બધું એક્ટરની પસંદગી પર આધાર રાખે છે,

### 'સાઉથ ઇન્ડસ્ટ્રી કરતાં બોલિવૂડમાં મહિલાઓનું ઓબ્જેક્ટિફિકેશન વધુ' કેટલાક આનાથી સહજ હોય છે

**મુંબઈ, તા. 29**

સાઉથની ફિલ્મો પર અવારનવાર મહિલાઓને વસ્તુની જેમ રજૂ કરવા (ઓબ્જેક્ટિફિકેશન)નો આરોપ લાગતો રહ્યો છે. આ મુદ્દે ઘણી ચર્ચાઓ અને વિચાર-વિમર્શ પણ થતા રહ્યા છે. હવે એક્ટ્રેસ રાશિ ખન્નાએ આ મુદ્દે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. રાશિ બોલિવૂડ અને સાઉથ સિનેમા બંનેમાં જાણીતું નામ છે. તેણે પોતાના એક ઈન્ટરવ્યૂમાં સ્વીકાર્યું કે આવું માત્ર સાઉથ ઈન્ડસ્ટ્રીમાં જ નહીં, પરંતુ બોલિવૂડમાં પણ થાય છે. ઝૂમને આપેલા ઈન્ટરવ્યૂમાં સાઉથ સિનેમામાં મહિલાઓના ચિત્રણ પર રાશિએ કહ્યું- 'આ માત્ર સાઉથની વાત નથી. હું તેને ઉત્તર ભારતમાં પણ ઘણું જોઉં છું. આ સંપૂર્ણપણે એક્ટરની પસંદગી પર આધાર રાખે છે. કેટલાક લોકો આનાથી સહજ હોય છે, કેટલાક નથી.'

'મેં સાઉથમાં એટલી બધી કોમર્શિયલ ફિલ્મો કરી છે કે મને લાગે છે કે મારે હિન્દીમાં પણ આગળ વધવું જોઈએ અને કન્ટેન્ટ પર કામ કરવું જોઈએ. મને કોમર્શિયલ કામ કરવામાં કોઈ વાંધો નથી, પરંતુ મારી પણ એક મર્યાદા છે. દરેક એક્ટરની મર્યાદા અલગ હોય છે, અને તે જ તેની ઓળખ હોય છે.' તેણે આગળ કહ્યું- 'એ ખૂબ જ જરૂરી છે કે હું જે કરી રહી છું તેમાં હું આરામદાયક રહું. જો મને લાગે કે કોઈ મર્યાદા ઓળંગાઈ રહી છે અને હું તેમાં સસ્તી લાગી શકું છું, તો હું ના પાડી દઈશ. દરેક એક્ટરનો કમ્ફર્ટ ઝોન અલગ હોય છે, અને હું કોઈને જજ કરતી નથી.' રાશિ ટૂંક સમયમાં ફિલ્મ 'ઉસ્તાદ ભગત સિંહ'માં જોવા મળશે. પવન કલ્યાણ અને શ્રી લીલા અભિનીત આ ફિલ્મ એપ્રિલ 2026માં થિયેટરોમાં રિલીઝ થશે.



**મારી પણ એક મર્યાદા છે. દરેક એક્ટરની મર્યાદા અલગ હોય છે**

## માધુરી દીક્ષિત 'બિગ બોસ 19'માં જોવા મળશે



**મુંબઈ, તા. 29**

એક્ટ્રેસ માધુરી દીક્ષિત આ અઠવાડિયે રિયાલિટી શો 'બિગ બોસ 19' ના વીકેન્ડ કા વાર એપિસોડમાં જોવા મળશે. સોશિયલ મીડિયા પર તેમનો એક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં માધુરી સફેદ ડ્રેસમાં સલમાન ખાન સાથે પોઝ આપતી જોવા મળી રહી છે. શોમાં તે પોતાની આગામી સિરીઝ 'મિસિસ દેશપાંડે'ને પ્રમોટ કરવા પહોંચી છે. માધુરી દીક્ષિત અને સલમાન ખાનની જોડી 90ના દાયકાની ઓન-સ્ક્રીન હિટ જોડીઓમાંની એક રહી હતી. બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું. તેમની પહેલી ફિલ્મ 'સાજન' (1991) હતી, જેમાં સંજય દત્ત પણ હતો. ત્યારબાદ ફિલ્મ 'દિલ તેરા આશિક' (1993)માં બંનેની કેમેસ્ટ્રીને દર્શકોએ ખૂબ પસંદ કરી. 1994માં આવેલી ફિલ્મ 'હમ આપકે હૈં કૌન..!' એ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું અને ફિલ્મમાં સલમાન અને માધુરીની જોડી પણ લોકોને પસંદ આવી. વર્ષ 2002માં ફિલ્મ હમ તુમ્હારે હૈં સનમમાં બંને ફરી જોવા મળ્યા હતા, જેમાં શાહરુખ ખાન પણ મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મમાં સલમાને માધુરીના બાળપણના મિત્રનું પાત્ર ભજવ્યું હતું. જ્યારે, સિરીઝ 'મિસેસ દેશપાંડે'ની વાત કરીએ તો તેમાં માધુરી એક અલગ કિરદારમાં જોવા મળશે. તેના ટીઝર પરથી ખબર પડે છે કે તે આ વખતે ઊંડા અને ભાવનાત્મક રોલમાં દેખાશે. આ શોનું નિર્દેશન નાગેશ કુકુનૂરે કર્યું છે. એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ અને કુકુનૂર મૂવીઝ દ્વારા નિર્મિત આ સિરીઝ 19 ડિસેમ્બરથી હોટસ્ટાર પર સ્ટ્રીમ થશે.

## વીડિયો વાયરલ થયા બાદ અશનૂરના એવિક્શનની માંગ ઊઠી

### બિગ બોસની પૂર્વ કન્ટેસ્ટન્ટ કામ્યા પંજાબીએ તેના વર્તનની ટીકા કરી

**મુંબઈ, તા. 29**

'બિગ બોસ 19' કન્ટેસ્ટન્ટ અશનૂર કૌર તાજેતરમાં ટિકિટ ટુ ફિનાલે ટાસ્કમાં હિંસક બની ગઈ. તેણે ટાસ્કમાં ઉપયોગમાં લેવાઈ રહેલો લાકડાનું કાવડ તાન્યા મિત્તલ તરફ ફેંક્યું, જેનાથી તેને ઈજા થઈ. વીડિયો વાયરલ થયા પછી અશનૂરના એવિક્શનની માંગ થઈ હતી, જેના પછી હવે શોની પૂર્વ કન્ટેસ્ટન્ટ કામ્યા પંજાબીએ પણ અશનૂરના વર્તનની ટીકા કરી છે. આ પહેલા ઘરના હાલના 8 સ્પર્ધકો વચ્ચે ટિકિટ ટુ ફિનાલે ટાસ્ક થયો હતો. એક ટાસ્કમાં બધા ઘરવાળાઓને પાણી ભરીને ટ્રેક પાર કરવાનો હતો, જ્યારે બીજા ઘરવાળાઓને તે પાણી ભરેલું કાવડ પાડવાનો પ્રયાસ કરવાનો હતો. ટાસ્કમાં અશનૂર કૌર લાકડાના કાવડથી બાંધેલા પાત્રમાં પાણી લઈ જઈ રહી હતી, ત્યારે



તાન્યાએ પાણી ઢોળી નાખ્યું. આનાથી અશનૂર ગુસ્સે થઈ ગઈ અને તેણે જાણી જોઈને કાવડ એવી રીતે ફેંક્યું, જેનાથી તાન્યા મિત્તલના માથા પર જોરથી વાગ્યું. તાન્યા, અશનૂરના વર્તનથી આઘાતમાં સરી પડી. આગળ અશનૂરે એ જરૂર કહ્યું કે તેણે જાણી જોઈને નથી કર્યું, જોકે તેના હાવભાવથી સ્પષ્ટ હતું કે તેણે આ જાણી જોઈને કર્યું હતું. શોમાંથી વીડિયો સામે આવ્યા બાદ શોના ઘણા ચાહકોએ અશનૂરને શોમાંથી બહાર કાઢવાની માગ પણ કરી હતી.

## રકુલ પ્રિત સિંહ ચેટ કરવા પોતાના નામનો ઉપયોગ કરનારા પર કાનૂની કાર્યવાહી કરશે



**મુંબઈ, તા. 29**

રકુલ પ્રીત સિંહે પોતાના પ્રશંસકોને એક અનામી વ્યક્તિથી ચેતવણી આપી હતી. અભિનેત્રીએ કહ્યું હતું કે, એક વ્યક્તિ રકુલના નામનો ખોટો ઉપયોગ કરીને લોકો સાથે વ્હોટસઅપ પર ચેટ કરી રહ્યો છે. તેથી તે પોતાના પ્રશંસકોને સાવચેત કરી રહી છે. આ સાથે તેણે એમ પણ કહ્યું હતું કે, તે આ મામલે કાનૂની કાર્યવાહી કરવાની છે. ઉલ્લેખનીય છેકે, આવી જ ફરિયાદ શ્રેયા શરણ અને અદિતિ રાવ હૈદરી દ્વારા પણ કરવામાં આવી હતી. રકુલ હવે આ બાબતે કાનૂની કાર્યવાહી કરવાની છે. તે સાઈબર અપરાધ નોંધાવાની પ્રક્રિયા કરી રહી છે. અભિનેત્રીએ એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતુંકે, મને જ્યારે આ બાબતે જાણ થઈ ત્યારે મારા મેનેજરે મને વાતચીતના થોડા અંશ અને સ્નેપશોટ મોકલ્યા હતા. તેણે વધુમાં કહ્યું હતું કે, આ વ્યક્તિ ચેન્નઈના એક ફોટોગ્રાફર પાસે પહેંચ્યો હતો. અને તેની સાથે મેં કામ કર્યું છે તેમ જણાવ્યું હતું. ફોટોગ્રાફરે મને મેસેજ કર્યો હતો કે એક વ્યક્તિ તેની સાથે રકુલના નામે વાત કરી કહ્યો હતો. સાથેસાથે તેણે મારી સાથે એ નબંરની તપાસ પણ કરી હતી.

અદાણીએ 5 વર્ષ જૂનો કાનૂની કેસ સમાપ્ત કર્યો

# કોલસા ખાણના કેસમાં ઓસ્ટ્રેલિયાના એક્ટિવિસ્ટ સાથે સમાધાન, કોર્ટે ગુપ્ત ડેટા એક્સેસ પર પ્રતિબંધ મૂક્યો...

કેનબેરા, તા.29

અદાણી ગ્રુપે પર્યાવરણ કાર્યકર્તા બેન પેનિંગ્સ વિરુદ્ધ ચાલી રહેલી લગભગ 5 વર્ષ જૂની કાનૂની લડાઈ સમાપ્ત કરી દીધી છે. ક્વીન્સલેન્ડ સુપ્રીમ કોર્ટે 26 નવેમ્બરે આદેશ પર હસ્તાક્ષર કર્યા. આમાં પેનિંગ્સને અદાણી ગ્રુપની ગુપ્ત માહિતી મેળવવાથી પણ રોકવામાં આવ્યા છે.

આ કેસ જૂન 2020માં શરૂ થયો હતો. અદાણી ગ્રુપની ઓસ્ટ્રેલિયન પેટાકંપની બ્રાવસ માઈનિંગે પેનિંગ્સ વિરુદ્ધ સિવિલ દાવો દાખલ કર્યો હતો. કંપનીનો આરોપ હતો કે પેનિંગ્સે કાર્માઈકલ ખાણના ઓપરેશન્સ, સપ્લાયર્સ અને કોન્ટ્રાક્ટરોને ખલેલ પહોંચાડવા માટે ગુપ્ત માહિતી લીક કરી હતી.

અદાણી ગ્રુપે પેનિંગ્સ પાસેથી નુકસાન ભરપાઈ પેટે 600 મિલિયન ડોલર એટલે કે, લગભગ 5,000 કરોડ રૂપિયાની માંગણી કરી હતી. આખરે, પેનિંગ્સે ગુપ્ત ડેટા ન મેળવવા માટે કરાર કર્યો.



બદલામાં કંપનીએ નુકસાનનો દાવો પાછો ખેંચી લીધો. પેનિંગ્સે તેને 'મોટી જીત' ગણાવી.

પેનિંગ્સ ગલીલી બ્લોકેડના નેશનલ પ્રવક્તા છે. તેઓ કાર્માઈકલ માઈન વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો, ઝુંબેશો અને સીધી કાર્યવાહીમાં સક્રિય રહ્યા છે. તેમનું કહેવું છે કે આ SLAPP સૂટ (સ્ટ્રેટેજિક લોસૂટ અગેઈન્સ્ટ પબ્લિક પાર્ટિસિપેશન) ફક્ત તેમને ચૂપ કરાવવા અને ડરાવવા માટે હતો.

બ્રાવસ માઈનિંગ એન્ડ રિસોર્સિસના ચીફ ઓપરેટિંગ ઓફિસર મિક ક્રોએ કહ્યું, 'અમે સુપ્રીમ કોર્ટમાં આ કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી જેથી મિસ્ટર પેનિંગ્સ અમારા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરોને હેરાન ન કરે અને ધમકાવે નહીં. આ નુકસાનનો દાવો ક્યારેય પૈસા વિશે નહોતો.

અમે ફક્ત એટલું જ ઈચ્છતા હતા કે પેનિંગ્સ અમારી ગુપ્ત માહિતી મેળવવાનો પ્રયાસ બંધ કરે અને તેનો ઉપયોગ કોન્ટ્રાક્ટરો અને સપ્લાયરો પર દબાણ લાવવા માટે ન કરે.'

કાર્માઈકલ કોલસાની ખાણ ક્વીન્સલેન્ડના ગલીલી બેસિનમાં આવેલી છે. આ એક મોટો કોલસા પ્રોજેક્ટ છે, જે વાર્ષિક લાખો ટન કોલસો ઉત્પન્ન કરે છે. તે બ્રાવસ માઈનિંગ દ્વારા સંચાલિત થાય છે, જે અદાણી ગ્રુપનો એક ભાગ છે. આ ખાણ વાર્ષિક આશરે 10 મિલિયન ટન કોલસો ઉત્પન્ન કરે છે.

આ પ્રોજેક્ટ સાથે કાર્માઈકલ રેલ નેટવર્ક પણ જોડાયેલું છે. તે ચાર વર્ષથી વધુ સમયથી કાર્યરત છે અને હજારો ક્વીન્સલેન્ડર્સને નોકરીઓ પૂરી પાડે છે. પરંતુ પર્યાવરણ કાર્યકરો તેને ક્લાઈમેટ ચેન્જ માટે મોટો ખતરો માને છે. અદાણીનો આ પ્રોજેક્ટ ઓસ્ટ્રેલિયામાં કોલસા ઉદ્યોગનું પ્રતીક બની ગયો છે.

કાર્માઈકલ કોલસાની ખાણ ક્વીન્સલેન્ડના ગલીલી બેસિનમાં આવેલી છે. અહીંનો મોટાભાગનો કોલસો નિકાસ થાય છે.

કાર્માઈકલ કોલસાની ખાણ ક્વીન્સલેન્ડના ગલીલી બેસિનમાં આવેલી છે. અહીંનો મોટાભાગનો કોલસો નિકાસ થાય છે.

આ નિર્ણય અદાણી માટે રાહતરૂપ છે. ખાસ કરીને જ્યારે કંપની વિદેશમાં ઉર્જા ક્ષેત્રે કામ કરી રહી છે, જ્યાં સક્રિયતા મજબૂત છે. બ્રાવસના કામદારો, કોન્ટ્રાક્ટરો અને કાનૂની કામગીરીને સુરક્ષિત રાખવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે.

કંપનીનું માનવું છે કે એક્ટિવિઝમ આવકાર્ય છે, જોકે તે ગેરકાયદેસર વિક્ષેપ, ધમકી અથવા ગુપ્ત માહિતીના દુરુપયોગમાં ન પડે. ઓસ્ટ્રેલિયામાં આ પર્યાવરણીય એક્ટિવિઝમ અને મોટા સંસાધન પ્રોજેક્ટ્સ વચ્ચેની સૌથી લાંબી કાનૂની લડાઈઓમાંથી એક હતી.

# એક અઠવાડિયામાં ચાંદીનો ભાવ ₹13,230 વધીને ₹1.64 લાખ થયો : સોનું પણ ₹3,445 મોંઘું થયું...

## આ વર્ષે ગોલ્ડ ₹50,429 અને સિલ્વર ₹78,342 મોંઘી થઈ

નવી દિલ્હી, તા.29

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે મોટો ઉછાળો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 21 નવેમ્બરે 10 ગ્રામ સોનું 1,23,146 રૂપિયાનું હતું, જે હવે (28 નવેમ્બર) 3,445 રૂપિયા વધીને 1,26,591 રૂપિયા પર પહોંચી ગયું છે. 17 ઓક્ટોબરે સોનું 1,30,874 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું હતું, જે તેની સૌથી મોંઘી કિંમત છે.

આ અઠવાડિયે ચાંદીમાં પણ મોટો વધારો જોવા મળ્યો. ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે (21 નવેમ્બર) 1 કિલોગ્રામ ચાંદીની કિંમત 1,51,129 રૂપિયા હતી, જે આ અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસ એટલે કે 28 નવેમ્બર સુધી 13,230 વધીને 1,64,359 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ. આ પહેલા 14 ઓક્ટોબરે ચાંદી 1,78,100 પર પહોંચી ગઈ હતી, જે તેની સૌથી ઊંચી કિંમત છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 50,429 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,26,591 રૂપિયા થઈ ગયું છે. ચાંદીનો ભાવ પણ આ દરમિયાન 78,342 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,64,359 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે. ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે.



# ડિસેમ્બરમાં 18 દિવસ બેંક બંધ રહેશે : 4 રવિવાર, 2 શનિવાર ઉપરાંત વિવિધ જગ્યાએ 12 દિવસ બેંકોમાં કામકાજ નહીં થાય




નવી દિલ્હી, તા.29

આવતા મહિને એટલે કે ડિસેમ્બરમાં અલગ-અલગ રાજ્યોમાં કુલ 18 દિવસ બેંકો બંધ રહેશે. RBI કેલેન્ડર મુજબ, 4 રવિવાર અને બીજા-ચોથા શનિવાર ઉપરાંત 12 દિવસ અલગ-અલગ જગ્યાએ બેંકોમાં કામકાજ થશે નહીં.

આવી સ્થિતિમાં, જો તમને આવતા મહિને બેંક સંબંધિત કોઈ મહત્ત્વપૂર્ણ કામ હોય તો આ રજાના દિવસો સિવાય તમે બેંક જઈ શકો છો.

ઓનલાઈન બેંકિંગ દ્વારા કામ પતાવી શકશો તમે બેંકોની રજા હોવા છતાં ઓનલાઈન બેંકિંગ (UPI, IMPS, NEFT, RTGS) અને ATM દ્વારા પૈસાની લેવડદેવડ અથવા અન્ય કામ કરી શકો છો. આ સુવિધાઓ પર બેંકોની રજાઓની કોઈ અસર પડશે નહીં.

શેર માર્કેટમાં પણ 9 દિવસ ટ્રેડિંગ બંધ રહેશે શેરબજારમાં ડિસેમ્બરમાં 9 દિવસ ટ્રેડિંગ નહીં થાય. BSEની ઓફિશિયલ વેબસાઈટ અનુસાર, 4 રવિવાર અને 4 શનિવાર ઉપરાંત, 25 ડિસેમ્બરે ક્રિસમસ પર પણ ટ્રેડિંગ બંધ રહેશે.

# ઝેરોધા ફાઉન્ડર નિખિલ કામતે મસ્કનો ઇન્ટરવ્યૂ કર્યો : X પર 39 સેકન્ડના ટીઝરને 40 લાખથી વધુ લોકોએ જોયું, આશ્ચર્ય પામેલા ફેન્સે કમેન્ટમાં પૂછ્યું, શું આ AI જનરેટેડ છે?

નવી દિલ્હી, તા.29

ઓનલાઈન ટ્રેડિંગ એપ ઝેરોધાના ફાઉન્ડર નિખિલ કામતે દુનિયાના સૌથી અમીર માણસ ઈલોન મસ્ક સાથે પોડકાસ્ટ કર્યું છે. કામતે શુક્રવારે પોતાના X હેન્ડલ પર વીડિયોનો એક ટીઝર શેર કર્યું, જેમાં ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્ક તેમના 'WTF is?' પોડકાસ્ટમાં જોવા મળી રહ્યા છે. 39 સેકન્ડનું આ ટીઝર બ્લેક એન્ડ વ્હાઈટ છે, જેમાં મસ્ક અને કામત કોફી પીતા અને હસતા દેખાઈ રહ્યા છે.

વીડિયોમાં મસ્ક અને કામત ખૂબ જ સહજતાથી વાત કરતા જોવા મળી રહ્યા છે, જે પોડકાસ્ટની અનઓફિશિયલ સ્ટાઈલને મેચ કરે છે. ટીઝરને 28 નવેમ્બરે સાંજે 7:36 વાગ્યે અપલોડ કરવામાં આવ્યું હતું, ત્યારથી એને 40 લાખથી વધુ લોકો જોઈ ચૂક્યા છે. ચાહકોએ ટીઝરને સાચું માનવામાં થોડો સમય લીધો, કારણ કે કેટલાક લોકોએ કોમેન્ટમાં પૂછ્યું - 'શું આ AI જનરેટેડ છે?' પરંતુ મોટા ભાગના યુઝર્સ ખૂબ જ ઉત્સાહિત દેખાયા.

'WTF is?' પોડકાસ્ટ નિખિલ કામતનો વિચાર છે. પોડકાસ્ટમાં હાઈ પ્રોફાઈલ મહેમાનોને આમંત્રિત કરવામાં આવે છે અને ટેક્નોલોજી, બિઝનેસ, ઈનોવેશન જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવે છે.

અત્યારસુધી એમાં માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, બાયોટેક પાયોનિયર કિરણ મજુમદાર-શો, બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર, ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણી, ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, પર્પ્લેક્સિટી AIના અરવિંદ શ્રીનિવાસ અને વેન્ચર કેપિટાલિસ્ટ વિનોદ ખોસલા જેવા દિગ્ગજો આવી ચૂક્યા છે.



2025માં પોડકાસ્ટમાં પીએમ નરેન્દ્ર મોદી આવ્યા હતા, જ્યાં તેમણે તેમના બાળપણ, દુનિયાની સમજ અને ભારતની ટેકનોલોજી વિશે વાત કરી હતી.

ઈલોન મસ્કનું પોડકાસ્ટમાં આવવું ભારતીય શ્રોતાઓ માટે ખાસ છે, કારણ કે તેઓ ટેસ્લા, સ્પેસએક્સ, xAI અને X જેવા વૈશ્વિક પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલા છે. લોકોને આશા છે કે એપિસોડમાં સ્પેસ એક્સપ્લોરેશન, AI, બિઝનેસ સ્ટ્રેટેજી અને વ્યક્તિગત સંઘર્ષો પર વાતચીત થશે.

ટીઝર પરથી લાગે છે કે વાતચીત કેઝ્યુઅલ રહેશે, જે મસ્કની શૈલી સાથે મેળ ખાય છે. નિખિલે અગાઉના એપિસોડ્સમાં મહેમાનોને અનપેક્ષિત પ્રશ્નો પૂછ્યા છે, તેથી અહીં પણ કોઈ આશ્ચર્ય હોઈ શકે છે. હાલમાં આ પોડકાસ્ટની રિલીઝ ડેટ કન્ફર્મ નથી. ટેસ્લા: ટેસ્લાની સ્થાપના 2003માં માર્ટિન એબરહાર્ડ અને માર્ક ટાર્પેનિંગ દ્વારા કરવામાં આવી હતી. ઈલોન મસ્ક કંપનીના શરૂઆતી રોકાણકારોમાંના એક હતા અને ફેબ્રુઆરી 2004માં તેમણે ટેસ્લામાં મોટું રોકાણ કર્યું. ત્યાર બાદ મસ્ક ટેસ્લાના ચેરમેન અને પછી CEO બન્યા. ટેસ્લાનો ઉદ્દેશ ઈલેક્ટ્રિક વાહનોને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો અને સસ્ટેનેબલ એનર્જીને પ્રોત્સાહન આપવાનો હતો. સ્પેસએક્સ: સ્પેસએક્સની શરૂઆત ઈલોન મસ્ક દ્વારા માર્ચ 2002માં કરવામાં આવી હતી. તેમનું સ્વપ્ન સ્પેસ લોન્ચનો ખર્ચ ઘટાડવાનો અને મંગળ ગ્રહ પર માનવ વસાહત સ્થાપવાનો હતો. સ્પેસએક્સે 2008માં પ્રથમ સફળ રોકેટ (ફાલ્કન 1) લોન્ચ કર્યું અને 2012માં એની ડ્રેગન કેપ્સ્યુઅલ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સાથે જોડાઈ. ન્યુરાલિંક: ન્યુરાલિંકની સ્થાપના ઈલોન મસ્ક દ્વારા 2016માં કરવામાં આવી હતી. આ કંપનીનો ઉદ્દેશ માનવ મગજ અને કોમ્પ્યુટરને જોડતી બ્રેઈન-મશીન ઈન્ટરફેસ ટેકનોલોજી વિકસાવવાનો છે. ન્યુરાલિંકનો હેતુ ન્યુરોલોજિકલ રોગોનો ઈલાજ કરવાનો અને ભવિષ્યમાં મનુષ્યોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે વધુ સારી રીતે જોડવાનો છે.

# તમે પણ ITRમાં આવી ભૂલ કરી હશે તો નક્કી ITની નોટિસ આવશે! 10 લાખ સુધીનો દંડ થઈ શકે!

મુંબઈ, તા.29

ટેક્સ ડિપાર્ટમેન્ટ લગભગ 25,000 લોકોને એક SMS અને ઈમેઈલ મોકલી રહ્યું છે, જેમણે 2025-26 એસેસમેન્ટ વર્ષ માટે પોતાના ટેક્સ રિટર્નમાં તેમની વિદેશી સંપત્તિનો ખુલાસો નથી કર્યો. ગ્લોબલ ડેટા શેરિંગ કરાર હેઠળ અન્ય દેશોમાંથી મોકલવામાં આવેલી માહિતીના આધારે આ લોકોની ઓળખ 'હાઈ રિસ્ક' વાળા મામલામાં કરવામાં આવી છે. જો તમારી પણ વિદેશમાં સંપત્તિ છે અને તમે પણ તેનો ખુલાસો નથી કર્યો તો તમારી પાસે પણ આ મેસેજ આવી શકે છે.

ટેક્સ અધિકારીઓએ AEOI સિસ્ટમના આધારે વિદેશ મળેલા ડેટાની તપાસ કરી છે. આ ઈન્ટરનેશનલ ઈન્ફ્રા દેશોને પોતાના નિવાસીઓ દ્વારા વિદેશમાં રાખવામાં આવેલા ફાઈનાન્શિયલ એકાઉન્ટની વિગતો શેર કરવાની મંજૂરી આપે છે. આ ડેટાના આધારે વિભાગને ઘણા એવા મામલા મળ્યા જ્યાં વિદેશી સંપત્તિ અસ્તિત્વમાં હોવાનું જણાયું હતું, પરંતુ ફાઈલ ઈનકમ ટેક્સ રિટર્નમાં તેનો ખુલાસો નહોતો કરવામાં આવ્યો. કમ્પ્લાયન્સને સુધારવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT) પોતાના 'Nudge' કેમ્પેઈનના પ્રથમ તબક્કામાં એલર્ટ મોકલવાનું શરૂ કરશે. આ મેસેજમાં ટેક્સપેયર્સને પેનલ્ટીથી બચવા માટે 31 ડિસેમ્બર, 2025 સુધીમાં પોતાના ITRને રિવાઈઝ કરવાની સલાહ આપવામાં આવશે. આ કેમ્પેઈનનો બીજો તબક્કો ડિસેમ્બરમાં શરૂ થશે અને શક્ય તેટલા વધુ લોકોને સામેલ કરવામાં આવશે. વિભાગે એવી મોટી કંપનીઓનો પણ સંપર્ક કર્યો છે જેમના કર્મચારીઓ પાસે વિદેશી પ્રોપર્ટી હોઈ શકે છે, પરંતુ તેમણે તેનો ખુલાસો નથી કર્યો. ઉદ્યોગ સંસ્થાઓ, ICAI અને અન્ય સંગઠનોને જાગૃતિ ફેલાવવા અને કરદાતાઓને માર્ગદર્શન આપવા માટે કહેવામાં આવ્યું છે.

એક સત્તાવાર નિવેદન પ્રમાણે પ્રાપ્ત જાણકારીથી વિભાગને વિસંગતતાઓ શોધવામાં મદદ મળે છે અને લોકોને શેડ્યૂલ ફોરેન એસેટ્સ અને ફોરેન સોર્સ ઈન્કમમાં તેમના ફોરેન હોલ્ડિંગ્સને યોગ્ય રીતે રિપોર્ટ કરવામાં સપોર્ટ કરે છે.

વિદેશી પ્રોપર્ટીનો રિપોર્ટ ન કરવા પર નિયમો કડક છે. બ્લેક મની એક્ટ હેઠળ વિદેશી સંપત્તિનો ખુલાસો ન કરવા બદલ 10 લાખ સુધીનો દંડ, 30% ટેક્સ અને ચૂકવવાપાત્ર ટેક્સના 300% વધારાનો દંડ થઈ શકે છે. આ કાયદાનો ઉદ્દેશ્ય ભારતીયો દ્વારા વિદેશમાં રાખવામાં આવેલી અઘોષિત આવક અને સંપત્તિઓ પર અંકુશ લગાવવાનો છે. ગત વર્ષે પણ આ જ પ્રકારનું કેમ્પેઈન ચલાવવામાં આવ્યું હતું. તેણે 24,678 ટેક્સપેયર્સને એસેસમેન્ટ વર્ષ 2024-25 માટે પોતાના આવકવેરા રિટર્ન પર સમીક્ષા કરવા અને 29,208 કરોડની વિદેશી સંપત્તિ અને 1,089 કરોડથી વધુની વિદેશી સોર્સ આવક જાહેર કરવા માટે પ્રેરિત કર્યા હતા.

# ટેરિફનું દબાણ છતાં GDP 8.2% વધ્યો : મેન્યુફેક્ચરિંગ સેક્ટરે બતાવ્યો દમ, છેલ્લા 6 ક્વાર્ટરમાં સૌથી મોટો ઉછાળો

નવી દિલ્હી, તા.29

નાણાકીય વર્ષ 2025-26ના બીજા ક્વાર્ટરમાં (જુલાઈ-સપ્ટેમ્બર) ભારતનો GDP ગ્રોથ 8.2% થયો છે. આ છેલ્લા 6 ક્વાર્ટરમાં સૌથી વધુ છે. ગયા વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તે 5.6% હતો. જ્યારે, આ વર્ષે અગાઉના ક્વાર્ટરમાં એટલે કે એપ્રિલ-જૂનમાં GDP ગ્રોથ 7.8% રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરના સારા પ્રદર્શનને કારણે GDPમાં આ ઉછાળો આવ્યો છે. આ આંકડા સરકારે 28 નવેમ્બરે જાહેર કર્યા છે.

1 ઓક્ટોબરના રોજ રિઝર્વ બેંક (RBI) એ મોનેટરી પોલિસી મીટિંગમાં FY26 માટે ઈકોનોમી ગ્રોથનો અંદાજ 6.5%થી વધારીને 6.8% કર્યો. આ અનુકૂળ વાતાવરણ, સરકાર અને રિઝર્વ બેંકની સહાયક નીતિઓ સાથે, ભારતીય અર્થતંત્ર માટે નજીકના ભવિષ્યમાં સારો સંકેત આપે છે. ભલે ગ્લોબલ ટ્રેડના પડકારો યથાવત છે, પરંતુ ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ અમુક અંશે ઓછી થઈ છે. ઈકોનોમીના સ્વાસ્થ્યને ટ્રેક કરવા માટે GDPનો ઉપયોગ થાય છે. તે દેશની અંદર એક નિશ્ચિત સમયમાં તમામ ગુડ્સ અને સર્વિસના મૂલ્યને દર્શાવે છે. તેમાં દેશની સીમાની અંદર રહીને જે વિદેશી કંપનીઓ ઉત્પાદન કરે છે, તેમને પણ સામેલ કરવામાં આવે છે. GDP બે પ્રકારની હોય છે. રિયલ GDP અને નોમિનલ GDP. રિયલ GDPમાં ગુડ્સ અને સર્વિસની વેલ્યુનું કેલ્ક્યુલેશન બેઝ યરની વેલ્યુ અથવા સ્થિર ભાવ પર કરવામાં આવે છે. હાલમાં GDPની ગણતરી કરવા માટે બેઝ યર 2011-12 છે.

# ઘેરબેઠાં આધાર કાર્ડમાં મોબાઇલ નંબર બદલી શકશો : કરોડો લોકોને લાંબી લાઇન-વારંવાર ધક્કામાંથી મુક્તિ, કેવી રીતે કરવું અપડેટ....

મુંબઈ, તા.29

ટૂંક સમયમાં તમે ઘરે બેઠા આધાર કાર્ડમાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર બદલી શકશો. આધારને નિયંત્રિત કરતી સંસ્થા યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ નવી ડિજિટલ સેવાની જાહેરાત કરી છે.

આના દ્વારા યુઝર્સ આધાર એપ પર OTP વેરિફિકેશન અને ફેસ ઓથેન્ટિકેશનથી પોતાનો મોબાઈલ નંબર અપડેટ કરી શકશે. આ સેવા દૂરના વિસ્તારોમાં રહેતા લોકો અને સિનિયર સિટીઝન્સને સરળતા પૂરી પાડશે.

UIDAI અનુસાર, મોબાઈલ અપડેટ કરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ રાખવામાં આવી છે. આ માટે કોઈ દસ્તાવેજ કે ફિઝિકલ વિઝિટની જરૂર નથી. આખી પ્રક્રિયા થોડી મિનિટોમાં પૂર્ણ થઈ જશે.

સૌ પ્રથમ યુઝર્સે આધાર એપ ડાઉનલોડ કરવી પડશે.

અહીં યુઝર્સે પોતાનો આધાર નંબર અને નવો મોબાઈલ નંબર દાખલ કરવો પડશે.

OTP વેરિફિકેશન થશે, જે જૂના અથવા નવા નંબર પર મોકલવામાં આવશે.

આ પછી સ્માર્ટફોન કેમેરાથી ફેસ ઓથેન્ટિકેશન પૂર્ણ કરવું પડશે.

50નું પેમેન્ટ કર્યા પછી ફોર્મ સબમિટ કરવું પડશે. બાયોમેટ્રિક અપડેટ સાથે આ મફત રહેશે.

અપડેટ સ્ટેટસ ચેક કરવા માટે URN નંબરથી UIDAI વેબસાઈટ પર જોઈ શકાશે, જે 2-4 અઠવાડિયામાં રિફ્લેક્ટ થઈ જશે.

આધાર કાર્ડ દેશની સૌથી મોટી આઈડેન્ટિટી સર્વિસ છે, જેમાં 130 કરોડથી વધુ લોકોનો ડેટા જોડાયેલો છે. મોબાઈલ નંબર તેનો સૌથી મહત્વનો ભાગ છે, કારણ કે તેનાથી જ OTP દ્વારા બેંક એકાઉન્ટ, સરકારી સબસિડી, ઈનકમ ટેક્સ વેરિફિકેશન અને ડિજિટલ સર્વિસિસ જેમ કે ડિઝીલોકર સુધી એક્સેસ મળે છે.




જો નંબર જૂનો થઈ જાય કે ખોવાઈ જાય તો ઘણી સમસ્યાઓ થઈ શકે છે. અત્યાર સુધી તેને અપડેટ કરવા માટે એનરોલમેન્ટ સેન્ટર જવું પડતું હતું, જ્યાં બાયોમેટ્રિક વેરિફિકેશન અને લાંબી કતારોનો ઝંઝટ થતો હતો. પરંતુ હવે UIDAI ડિજિટલ રીતે તેને સરળ બનાવવા જઈ રહ્યું છે.

એક મહિના પહેલા UIDAIએ આધાર કાર્ડની નવી મોબાઈલ એપ લોન્ચ કરી હતી. આમાં યુઝર એક જ ફોનમાં 5 લોકોના આધાર રાખી શકે છે. આમાં આધારની ફક્ત તે જ માહિતી શેર કરવાનો વિકલ્પ છે, જે જરૂરી હોય છે.

આ એપમાં તમે UPIમાં જે રીતે સ્કેન કરીને પેમેન્ટ કરો છો, તે જ રીતે આધાર ડિટેલ્સ શેર કરી શકો છો. એપને વધુ સુરક્ષિત બનાવવા માટે તેમાં ફેસ ઓથેન્ટિકેશન જેવા ફીચર્સ ઉમેરવામાં આવ્યા છે.

ફોનમાં આધાર કેરી કરો: ઈ-આધાર હંમેશા સાથે રહેશે, પેપર કોપીની જરૂર નહીં પડે.

ફેસ સ્કેન શેરિંગ: ID શેર કરવા માટે ફેસ સ્કેન કરવું પડશે, પિન-OTPની જેમ સુરક્ષિત.

સિક્યોર લોગિન: બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનથી એપ ઓપન થશે.

મલ્ટી લેંગ્વેજ સપોર્ટ: હિન્દી, અંગ્રેજી સહિત ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ. ઓફલાઈન ઉપયોગ: ઈન્ટરનેટ ન હોવા છતાં પણ આધાર જોઈ શકશો.

જૂની આધાર એપ પહેલેથી હતી, તો નવી શા માટે લાવવામાં આવી?

જૂની mAadhaar અને નવી આધાર એપનો હેતુ આધારનો ડિજિટલ રીતે ઉપયોગ કરવાનો છે, પરંતુ ફોકસ અલગ-અલગ છે. PDF ડાઉનલોડ અથવા PVC કાર્ડ માટે હજુ પણ mAadhaarનો ઉપયોગ કરો.

વર્ચ્યુઅલ ID જનરેટ કરવા અથવા કેટલાક અપડેટ્સ માટે UIDAI પોર્ટલ અથવા mAadhaar જ શ્રેષ્ઠ છે.

નવી એપ પ્રાઈવસી-ફર્સ્ટ છે, જ્યાં સિલેક્ટિવ ડિસ્ક્લોઝરથી માત્ર જરૂરી માહિતી શેર થાય છે. નવી એપથી યુઝર્સને શું ફાયદો મળશે?

હોટેલ ચેક-ઈન, SIM એક્ટિવેશન અથવા બેંક KYC ઝડપી બનશે.

ફેમિલી મેનેજમેન્ટ સરળ, એક ફોન પર બધાની વિગતો.

સિલેક્ટિવ શેરિંગથી પર્સનલ ડેટા એક્સપોઝ નહીં થાય.

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

ડેટા એન્ટ્રી પ્રવૃત્તિ સાથે અન્ય જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ

**ઇ- ટેન્ડર સૂચના નંબર : - સિનિયર ડીઇઇ/ટીઆર/એડીઆઇ/24(2025-26) તારીખ. 28.11.2025 ટેન્ડર નંબર: TRD-ADI- T-16-2025-26 કામનું નામ:** પાલનપુર, ભીલડી, રાધનપુર, આડેસર, ભુજ અને હિંમતનગર TRD ડેપો માટે (02) બે વર્ષના સમયગાળા માટે ડેટા એન્ટ્રી પ્રવૃત્તિ સાથે OHE જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. અમદાવાદ વિભાગમાં **અંદાજિત ખર્ચ:** 11,89,85,429/- **સૌથી વધુ કમાણી:** 7,44,900/- **સબમિશન તારીખ અને સમય:** 24.12.2025 ના 15:00 કલાક પછી નહીં. **ખુલવાની તારીખ અને સમય:** 24.12.2025 ના 15.30 કલાકે. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ. આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in

ADI 217

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - અમદાવાદ

ફોર્મેશનમાં અર્થવર્ક, બ્લેન્કેટિંગ, ટ્રોલી રેફ્યુજેસ તથા વિવિધ કન્સ્ટ્રક્શન કાર્ય

**ઈ-ટેન્ડર નં.: DyCE-C-V-SIOB-GIM-04 તારીખ: 28.11.2025**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C) V, અમદાવાદ, નીચે જણાવેલ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે:

**1. ઈ-ટેન્ડર નંબર:** DyCE-C-V-SIOB-GIM-04

**2. કાર્યનું નામ:** પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સામાખ્યાલી – ગાંધીધામ વિભાગના ક્વાડ્રુપ્લિંગ કાર્યના અનુસંધાનમાં ચિરાઈ (સહિત) થી ગાંધીધામ (સહિત) ફોર્મેશનમાં અર્થવર્ક, બ્લેન્કેટિંગ, ટ્રૉલી રેફ્યૂજેસ તથા વિવિધ પુલોના નિર્માણ (જેમાં પિચિંગ, ટો વૉલ, ફ્લોર પ્રોટેક્શન જેવા વિવિધ કામોનો સમાવેશ થાય છે), મુસાફર પ્લેટફોર્મ તથા સર્ક્યુલેટિંગ એરિયાનું નિર્માણ, LC ગેટ લૉજેસ અને LC રોડ્સનું નિર્માણ, ROBsના અવશેષ/બેલેન્સ કાર્ય, ROBsનું ડિસ્મેન્ટલિંગ, બ્રોડ ગેજ મુખ્ય લાઇન અને લૂપ લાઇનોનું પોઈન્ટ્સ અને ક્રોસિંગ્સ સહિત બિછાવવું અને લિંકિંગ, ટ્રેક ટેમ્પિંગ, LWRsનું ડી-સ્ટ્રેસિંગ, P. Way સામગ્રીનું પરિવહન, પથ્થરનાં બાલાસ્ટ પુરવઠો અને સ્ટેકિંગ તેમજ સફળ કાર્યપૂર્ણતા માટે આવશ્યક અન્ય વિવિધ અને આનુષાંગિક કાર્ય.

**3. કાર્યની અંદાજીત કિંમત:** ₹ 240,04,49,064.33

**4. બિડ સિક્યુરિટી:** ₹ 1,00,00,000/-

**5. ટેન્ડરનો પ્રકાર:** ટુ-પેકેટ સિસ્ટમ

**6. પૂર્ણ કરવાનો સમયગાળો :** 15 મહિના (પંદર) મહિના - ચોમાસા સહિત

**7. બંધ થવાની તારીખ અને સમય:** 18.12.2025 ના 15:00 કલાકે

**8. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 18.12.2025ના 15:00 કલાક પછી કોઈપણ સમયે

**9. એફિડેવિટ : તમામ ટેન્ડરકર્તાઓએ પરિશિષ્ટ-V મુજબ એફિડેવિટ રજૂ કરવું ફરજિયાત છે, જેના આધારે તેમની પાત્રતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.**

**10. વેબસાઈટ વિગતો, નોટિસ બોર્ડનું સ્થળ અને કચેરીનો સરનામું :** ટેન્ડર સંબંધિત તમામ વિગતો તથા પાત્રતા માપદંડ પશ્ચિમ રેલવેની વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C) V નું કાર્યાલય નિર્માણ ભવન, પ્રથમ માળ, જીસીએસ હોસ્પિટલ સામે, નરોડા રોડ, ડીઆરએમ કચેરી નજીક, અમદાવાદ – 382345

**કોઈપણ સ્પષ્ટતા માટે કામકાજ સમય દરમિયાન ઉપરોક્ત કચેરીમાં વ્યક્તિગત રૂપે અથવા મોબાઈલ નંબર 9724093250 પર સંપર્ક કરી શકાય છે.**

CPM 086

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# AMTS-BRTSના પાસની લાઇનમાંથી 50 હજાર વિદ્યાર્થીઓને મુક્તિ

## હવે ઓનલાઇન પાસ કઢાવી શકશે, એપ્લિકેશન તૈયાર કરવામાં આવી, આટલી પ્રોસેસ કરવી પડશે



**અમદાવાદ, તા.29**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત AMTS અને BRTS બસમાં મુસાફરી કરનારા વિદ્યાર્થીઓએ હવે પાસ કઢાવવા માટે લાઈનમાં ઊભું રહેવું પડશે નહીં. જેના માટે I pass Ahmedabad એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. આ એપ્લિકેશનમાં વિદ્યાર્થીઓએ ફોર્મ ભરીને મોકલવાનું રહેશે. જે બાદ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પાસની ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ પાસ ઓનલાઈન જ મોકલી આપવામાં આવશે. આ પાસ ડાઉનલોડ કરી પોતાની પાસે રાખવાનો રહેશે. જો કોઈ વિદ્યાર્થી ફિઝિકલ પાસ કાઢવા માંગતો હતો તે પ્રિન્ટ કાઢીને પણ પોતાની પાસે રાખી શકશે.

આ અંગે AMTS કમિટી ચેરમેન ધરમશી દેસાઈએ જણાવ્યું હતું કે AMTS બસમાં 50000થી વધારે વિદ્યાર્થીઓ કન્સેશન પાસ કઢાવીને મુસાફરી કરતા હોય છે. દર છ મહિને વિદ્યાર્થીઓને પાસ કઢાવવો પડે છે ત્યારે તેઓને લાઈનમાં ઊભું રહેવું ન પડે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. જે એપ્લિકેશનમાં વિદ્યાર્થી દ્વારા રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ રજિસ્ટ્રેશન કર્યા બાદ વિદ્યાર્થીએ AMTS અને BRTS બસ એમ બંનેના પાસ કઢાવી શકશે. જો વિદ્યાર્થી AMTS અને BRTS બંનેમાં મુસાફરી કરતો હોય તો બંનેના પાસ કઢાવી શકશે.

તેઓએ આગળ કહ્યું ઓનલાઈન સુવિધા થવાના કારણે વિદ્યાર્થીઓને લાઈનમાં ઊભું રહેવું પડશે નહીં અને બસ ટર્મિનસ પર ધક્કા ખાવા પડશે નહીં. AMTS બસમાં 6 મહિનાના પાસની મહિલાઓ માટે 2100 અને પુરુષ માટે 2400 રૂપિયા ફી છે.

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS )દ્વારા રૂ.8 કરોડના ખર્ચે નવી ચાર ડબલ ડેકર એસી બસ ખરીદવામાં આવી છે. નવી આવનાર ડબલ ડેકર બસ રૂટ નંબર 130 નરોડાથી નારોલ, રૂટ નંબર 501 ઉજાલા સર્કલથી ત્રિમંદિર અને રૂટ નંબર 401 ત્રિમંદિરથી ઉજાલા સર્કલના રૂટ પર દોડાવવામાં આવશે. જ્યારે એક ડબલ ડેકર નિકોલ વિસ્તારમાં દોડાવવા માટે શક્યતા ચકાસાઈ રહી છે. AMTS કમિટીના ચેરમેન ધરમશી દેસાઈએ જણાવ્યું હતું કે પહેલા સાત ડબલ ડેકર ખરીદવામાં આવી હતી અને હવે નવી ચાર બસ આવતા કુલ ડબલ ડેકર બસની સંખ્યા 11 થશે. લાલ દરવાજાથી વસ્ત્રાલ અને ઈસનપુરથી રાણીપનો રૂટ બંધ કરી દેવામાં આવ્યો હતો અને તેને હયાત રૂટ ઉપર જ દોડાવવામાં આવે છે.

# પોણા નવ કરોડના 'તરતા સોના' સાથે ચાર ઝડપાયા : અમદાવાદના ઈતિહાસમાં અત્યાર સુધીમાં ઝડપાયેલા એમ્બરગ્રીસનો સૌથી વધુ જથ્થો

**અમદાવાદ, તા.29**



એમ્બરગ્રીસ એટલે કે સ્પર્મ વ્હેલની ઊલટી. એક કિલોના એક કરોડ રૂપિયા લેખે વેચાતા એમ્બરગ્રીસના પોણા નવ કિલોના જથ્થા સાથે અમદાવાદમાંથી ચાર શખસો ઝડપાયા છે. અમદાવાદમાં હાલ જે જથ્થો ઝડપાયો છે તે અત્યાર સુધીનો સૌથી મોટો જથ્થો છે. ચાર મહિના પહેલા પણ અમદાવાદમાંથી એમ્બરગ્રીસના જથ્થો ઝડપાયો હતો. અમદાવાદ ઝોન-7 એલસીબીની ટીમે બાતમીના આધારે સરખેજ-મકરબા ટોરન્ટ પાવર રોડ પર નવા બની રહેલા બ્રીજ પાસેથી ચાર શખસોની 8 કિલો 700 ગ્રામ એમ્બરગ્રીસના જથ્થા સાથે ધરપકડ કરી છે. જે ચાર લોકો ઝડપાયા છે તેઓના નામ રિંકુ સીંગ, શશાંક પાંડે, જતીન પટેલ અન એજેક્ષ વ્યાસ છે. આરોપીઓની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે નરોડામાં રહેતો રીન્કુ સિંહ રાજપુત સુરતના એક વ્યક્તિ પાસેથી એમ્બરગ્રીસનો જથ્થો વેચવા માટે લાવ્યો હતો.સુરતના વ્યક્તિએ એમ્બરગ્રીસ વેચાય તો તેને અડધા પૈસા આપવાની વાતચીત કરી હતી. રીન્કુસિંહે એમ્બરગ્રીસ શશાંકના ઘરે રાખવા માટે આપી હતી.આરોપીઓ સરખેજ વિસ્તારમાં એમ્બરગ્રીસ વેચવા માટે આવ્યા હતા ત્યારે જ પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પૈકી રીન્કુસિંહ ડ્રાઈવિંગનો ધંધો કરે છે.જ્યારે શશાંક બેરોજગાર છે.એજેક્ષ અને જતીન બંને હજુ કોલેજમાં અભ્યાસ કરે છે. પોલીસે એમ્બરગ્રીસનો જથ્થો એફએસએલમાં તપાસ માટે આપ્યો છે.જે બાદ ફોરેસ્ટ વિભાગને પણ અંગે જાણ કરવામાં આવશે.

વ્હેલ માછલીના આંતરડામાં બનતો આ પદાર્થ વ્હેલ માછલી ઊલટી કરે ત્યારે બહાર નીકળતો હોય છે. તરતા સોના તરીકે ઓળખાતા પદાર્થનો ઉપયોગ દવા, અત્તર અને પર્ફ્યૂમ બનાવવા માટે થતો હોય છે. લાંબા સમય સુધી પર્ફ્યૂમ તેમજ અત્તરની સુગંધ આ ઊલટીને કારણે જ રહેતી હોય છે. ભાગ્યે જ પદાર્થ જોવા મળતો હોઈ, એની આંતરરાષ્ટ્રીય બજારમાં એક કિલોની કિંમત 1 કરોડ જેટલી થાય છે, જોકે યુરોપ, અમેરિકા સહિતના કેટલાક પશ્ચિમી દેશોમાં છેલ્લા પાંચેક દાયકાથી એના પર પ્રતિબંધ ફરમાવ્યો છે, જોકે આરબ દેશોમાં તેની માગ વધુ છે. જાણકારોના જણાવ્યા અનુસાર, પદાર્થ કીમતી હોઈ, કેટલાંક લોકો કેમિકલ દ્વારા બનાવટી બનાવી એને વેચતા હોય છે. એમ્બરગ્રીસ તરીકે ઓળખાતી વ્હેલ માછલીની ઊલટી સામાન્ય કિસ્સામાં જોવા મળતી નથી. ભાગ્યે જ એ જોવા મળે છે. જોકે વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ વ્હેલ પણ સંરક્ષિત પ્રાણી હોઈ, એનો શિકાર કરી શકાય નહીં. વધુમાં એનાં હાડકાં, વાળ, કે પછી એની ઊલટીનો પણ કારોબાર કરી શકાય નહીં અર્થાત એ પ્રતિબંધિત છે. પોલીસ કે વન વિભાગ દ્વારા આવા કિસ્સામાં પકડવામાં આવે ત્યારે શિડ્યૂલ 1 અંતર્ગત ત્રણ વર્ષથી લઈ સાત વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે.

# માવઠાંની આગાહી વચ્ચે વાદળછાયું વાતાવરણ : 24 કલાકમાં નલિયાના તાપમાનમાં 1.4 ડિગ્રીનો વધારો...

**સુરત, તા.29**



ઓક્ટોબરમાં પડેલા કમોસમી વરસાદના મારથી હજુ ખેડૂતો પગભર નથી થયા ત્યાં ડિસેમ્બરમાં એક સાથે બે માવઠાં પડવાની આગાહી કરાઈ છે. ગઈકાલે એકાએક બનાસકાંઠાના વાતાવરણમાં પલટો આવ્યો હતો, જેમાં પાલનપુરમાં કેટલાક ભાગોમાં ધીમીધારે કમોસમી વરસાદ ખાબકતા રોડ પર પાણી વહેતાં થયા હતાં. આજે વહેલી સવારથી અનેક જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. દિવાળી પર તૈયાર થયેલો મગફળી, ડાંગર સહિતનો પાક બગડી ગયાં બાદ હવે ભર શિયાળે માવઠાંની આગાહીને લઈ ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હાલમાં ખેતરમાં રહેલાં ઘઉં, ચણા, ધાણા, જીરું, તલ, એરંડા, રાયડો, દાડમ સહિત બાગાયતીના પાકોમાં નુકસાનની ભીતી સેવાઈ રહી છે.

આગાહીકાર રમણિક વામજાએ જણાવ્યું હતું કે, માગશર મહિનાની અંદર 7થી 10 ડિસેમ્બર સુધીમાં હવામાનમાં પલટો આવશે અને માવઠાં રૂપી વરસાદ થશે. બીજું માવઠું 23થી 28 ડિસેમ્બરના સમય વચ્ચે સમગ્ર સૌરાષ્ટ્રમાં વાતાવરણમાં પલટો આવશે. આ સમયમાં ગાઢ ધુમ્મસ અને વરસાદી ઝાપટારૂપી વરસાદ થશે. આ કમોસમી વરસાદથી ઘાસચારો બગડશે.

વલસાડ જિલ્લામાં આજે સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનો અનુભવ થયો હતો. શહેરનું લઘુત્તમ તાપમાન 22 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે શુક્રવારના 23 ડિગ્રી તાપમાન કરતાં 1 ડિગ્રી ઓછું છે. જિલ્લામાં સૌથી ઓછું તાપમાન ઉમરગામ તાલુકાનું 17 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા ત્રણ દિવસથી વલસાડમાં ઠંડીમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. વહેલી સવારે ધુમ્મસભર્યા વાતાવરણ અને સૂર્યપ્રકાશના અભાવે ઠંડી વધુ અનુભવાઈ હતી. શહેરના રસ્તાઓ પર લોકો સ્વેટર, જેકેટ અને શાલ જેવા ગરમ કપડાં પહેરીને જોવા મળ્યા હતા.

પારનેરા ડુંગર પર ઠંડા પવનના સુસવાટા વચ્ચે, જિલ્લાના ખેડૂતો રવિ પાક અને આંબાની માવજત જેવા ખેતીકાર્યોમાં વ્યસ્ત છે. ઠંડીની શરૂઆત સાથે ખેડૂતો આંબામાં આવનારી રોગ જીવાત ઉપર અંકુશ લાવવાના પ્રયાસો કરી રહ્યા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 30 ડિગ્રી સુધી પહોંચી શકે છે, જ્યારે રાત્રિનું તાપમાન 22 ડિગ્રી સુધી નીચે જવાની શક્યતા છે. દિવસ દરમિયાન વલસાડ શહેરમાં 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહેશે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળશે.

વાવ-થરાદ જિલ્લાના સરહદી વિસ્તારમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડૂતો ચિંતિત બન્યા હતા. કમોસમી વરસાદ થાય તો શિયાળુ પાક એરંડા, રાયડો, જીરું અને બાગાયતી દાડમ જેવા પાકોમાં નુકસાનની ભીતી ખેડૂતો સેવી રહ્યાં છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, રાજ્યમાં તાપમાનમાં વધુ ફેરફાર નહીં થાય. હાલ પવનની દિશા દક્ષિણ પૂર્વથી પૂર્વની છે. હાલ તાપમાન સમાન્ય કરતા વધુ નોંધાઈ રહ્યું છે. હાલ જે પવન ફૂંકાઈ રહ્યા છે તે ગરમ છે, જેથી તાપમાન વધ્યું છે. હવામાં આવતા ભેજના કારણે પણ તાપમાન ઊંચકાયું છે. બે દિવસ બાદ તાપમાન ફરી ધીરે-ધીરે ઘટશે. ફરી ઉત્તર પશ્ચિમી પવન શરૂ થશે અને તાપમાન ઘટશે.

## બાળકોની વાતમાં બે જૂથ વચ્ચે બોલાચાલી અને ઝપાઝપી

# જશોદા કોલોનીમાં જાહેરમાં હોબાળો મચાવનાર સામે ફરિયાદ, પોલીસે 7 આરોપીઓની અટકાયત કરી....

**વડોદરા, તા.29**




વડોદરા શહેરના મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારની જશોદા કોલોની સોસાયટીમાં ગત 26 નવેમ્બરે 2025ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યે બે જૂથ વચ્ચે જાહેરમાં જોરદાર બોલાચાલી, ઝપાઝપી થઈ હતી. આ આખો મામલો સામાન્ય બાબતમાં મોટું સ્વરૂપ લીધું હતું. જેમાં સ્કૂલમાં ભણતા બે બાળકો વચ્ચે રિસેસ દરમિયાન થયેલી નાની બબાલ મોટા લોકો વચ્ચે શરૂ થઈ હતી. જેમાં બે ફરિયાદો સામ સામે દાખલ કરવામાં આવી હતી.

આ બબાલમાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફરિયાદના આધારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષકારો સામ-સામે બે ગુના નોંધાયા હતાં. જેના આધારે પોલીસે બંને જૂથના 7 લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝડપાયેલ આરોપીઓની વિગતો, કૃણાલ વિજયભાઈ પરમાર - એ-49, હરિનગર, તરસાલી, રાજ મનોજભાઈ સોલંકી - ઈ-302, કુબેર લાઈફ સ્ટાઈલ, ધનિયાવી રોડ, તરસાલી, સુખદેવસિંગ રૂપસિંગ મેહરા - આદર્શ નગર, ધનિયાવી રોડ, તરસાલી, નિરજ સબરજીત યાદવ - જશોદા કોલોની, મકરપુરા ગામ, સાહિદ એશાનઅલી સૈયદ - જયરામનગર, મકરપુરા, સાહિલ જુમનઅલી સૈયદ - જયરામનગર, મકરપુરા, ઉમેષ ઉર્ફે બિટ્ટુ સબરજીત યાદવ - જશોદા કોલોની, મકરપુરા ગામ. આ બબાલમાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફરિયાદના આધારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષકારો સામ-સામે બે ગુના નોંધાયા હતાં. જેના આધારે પોલીસે બંને જૂથના 7 લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 3 વર્ષથી તૈયાર માર્કેટનું ઉદ્ઘાટન ન થતા ખંડેર હાલતમાં

## કરોડોના ખર્ચે બનેલી સુરતની ફિશ માર્કેટમાંથી અજાણ્યા ઇસમની લાશ મળી, દારૂ-ડ્રગ્સનો અડ્ડો બન્યાના આક્ષેપ

**સુરત, તા.29**



સુરત મહાનગરપાલિકા દ્વારા દક્ષિણ ગુજરાતના સૌથી મોટા હોલસેલ ફિશ માર્કેટ માટે કરોડો રૂપિયાના ખર્ચે નાનપુરા માછીવાડ વિસ્તારમાં નવનિર્માણ પામેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિવાદના વમળમાં ફસાયું છે. છેલ્લા ત્રણ વર્ષથી તૈયાર હોવા છતાં આ માર્કેટનું ઉદ્ઘાટન ન થવાના કારણે તે હાલમાં ખંડેર જેવી હાલતમાં છે. આ માર્કેટની અંદરથી શનિવારે અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, આ ઘટનાએ માછલી વેપારીઓ અને એસોસિએશનના લાંબા સમયથી ચાલી રહેલા આક્ષેપોને વધુ મજબૂત કર્યા છે.

ફિશ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ કલ્પેશ નવસારીવાલાએ આ ઘટના અંગે તંત્ર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત ફિશ માર્કેટની અંદરથી આ મૃતદેહ મળી આવ્યો છે. આ માર્કેટ માછી સમાજના લોકોના આર્થિક વિકાસ માટે બનાવવામાં આવ્યું હતું, જે રોડ પર બેસીને વેપાર કરે છે. પરંતુ ત્રણ વર્ષથી તૈયાર હોવા છતાં અત્યાર સુધી આ માર્કેટ શરૂ કરવામાં આવી નથી.

તેમણે વધુમાં જણાવ્યું કે, માર્કેટનું ઉદ્ઘાટન ન થવાના કારણે આ સ્થળ દારૂડિયા, જુગારી, ચરસી અને ડ્રગ્સનું સેવન કરનારા લોકોનો અડ્ડો બની ગયું છે. નવસારીવાલાએ આક્રોશ વ્યક્ત કર્યો કે, આજે જે મૃતદેહ મળ્યો તે આ અસામાજિક તત્વોના અડ્ડાનું જ પરિણામ છે. એસોસિએશન તરફથી અમે વારંવાર લેખિતમાં અને મૌખિક રીતે સ્થાનિક કોર્પોરેટરથી લઈને સાંસદ સુધી રજૂઆત કરી ચૂક્યા છીએ. અમે મ્યુનિસિપલ કમિશનરને પણ વિનંતી કરી છે કે તાત્કાલિક માર્કેટ શરૂ કરાવો.

કરોડોના ખર્ચે બનેલું માર્કેટ ખંડેર હાલતમાં ફેરવાઈ રહ્યું છે અને તેમાં દારૂ-જુગાર જેવી પ્રવૃત્તિઓ ચાલતી હોવાના આક્ષેપો વચ્ચે સ્થાનિક કોર્પોરેટર વ્રજેશ ઉનડકરે આ મામલે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો.

કોર્પોરેટરે જણાવ્યું હતું કે, છ મહિનાથી માર્કેટનું બાંધકામ તૈયાર છે અને ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દુકાનોના ભાવ નક્કી કરવામાં આવશે અને ત્યારબાદ જ માર્કેટની દુકાનો વેપારીઓને ફાળવવામાં આવશે.

જોકે, માછી સમાજની આર્થિક પ્રગતિ માટે બનાવાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અસામાજિક તત્વોનો અડ્ડો બની રહ્યું હોવાના ગંભીર આક્ષેપો વચ્ચે તંત્રની ધીમી ગતિની કાર્યવાહી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. માર્કેટ ઝડપથી શરૂ થાય અને માછીમારોને રોડ પર વેપાર ન કરવો પડે તેવી માછી સમાજની માંગ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

